આઝાદી का અમૃત મહોત્સવ

વર્ષ : ૬૧ ■ અંક : ૨૦ ■ તા.૧૬-૧૦-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## PSA ઓક્સિજન પ્લાન્ટ્સ રાષ્ટ્રને સમર્પિત



# સ્વચ્છ-સ્વસ્થ-સુજલ ગુજરાત માટે જન અભિયાન

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શહેરી તથા ગ્રામીણ ક્ષેત્રોમાં સફાઈ તથા વિકાસના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે



## ક્લિન ઈન્ડિયા



**ક્લિન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ તા. 1 ઓક્ટોબર, 2021 થી તા. 31 ઓક્ટોબર, 2021 દરમિયાન જનભાગીદારી માધ્યમથી સફાઈની ભગીરથ કામગીરી**

- વિવિધ સંસ્થાઓના યુવા સ્વયંસેવકો દેશભરમાં ખાસ કરીને 'સિંગલ યુઝ પ્લાસ્ટિક'થી ફેલાયેલા કચરાની સફાઈની કામગીરી
- સ્મારકો, ધરોહર સ્થળો, સમુદાય કેન્દ્રો, શાળા અને પંચાયતની ઈમારતો વગેરેની જાળવણી અને સૌંદર્યકરણના કામો
- પ્રવાસનસ્થળો-શૈક્ષણિક સંસ્થાનો-બસ અને રેલવે મથકો-રાષ્ટ્રીય સ્મારકો-હોસ્પિટલો-જળસ્ત્રોતો તથા ધોરીમાર્ગોની આસપાસમાં રહેલા પ્લાસ્ટિક કચરાને દૂર કરવાનું કાર્ય

## અમૃત 2.0



**રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા વિકાસના વિવિધ કાર્યક્રમો**

- 'અમૃત 2.0' રાજ્યની 8 મહાનગર પાલિકાઓ સહિત તમામ શહેરોમાં પ્રારંભ
- જે અંતર્ગત તમામ શહેરોમાં પાણી પુરવઠાના કામો હેઠળ પાણીના સ્ત્રોત, શુદ્ધિકરણ, સંગ્રહ તથા વિતરણ વ્યવસ્થાના કામો, જળાશયોના નવીનીકરણના કામો થશે. 31 અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો થશે
- 'અમૃત 1.0' યોજનામાં કુલ રૂા.5357.49 કરોડના 463 કામો હાથ ધરવામાં આવ્યા
- દેશભરમાં શહેરી કાયાપલટના કાર્યોની પ્રગતિમાં ગુજરાત મોખરે રહયું

## સ્વચ્છ ભારત મિશન



**સ્વચ્છ ભારત મિશન ફેઝ-2નો પ્રારંભ તથા કાર્યો**

- રાજ્યના શહેરોમાં વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરી ઘન કચરાનો નિકાલ થાય, દૂષિત પાણીનું ટ્રીટમેન્ટ કરી ફરીથી ઉપયોગમાં લઈ શકાય તે માટે સ્વચ્છ ભારત મિશન ફેઝ-2 નો પ્રારંભ
- આ ઉપરાંત ગામોમાં સ્વચ્છતા જળવાય તે માટે સ્વચ્છ ભારત મિશન ફેઝ-2 માં નીચે મુજબના કામો હાથ ધરવામાં આવશે
  - વ્યક્તિગત સોક પીટ
  - સામૂહિક સોક પીટ
  - શૌચાલયનું સમારકામ
  - નવા શૌચાલયનું બાંધકામ

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 20 ▪ Date 16-10-2021

**તંત્રી** : ડી. પી. દેસાઇ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઇ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**


માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.




# શબ્દશઃ

- વડાપ્રધાનશ્રીએ કંડારેલી સુશાસનની પગદંડી પર ચાલી પ્રજાજનોને ગુડ ગવર્નન્સ આપવાની રાજ્ય સરકારની નેમ.
- ગુજરાતે કોરોનાકાળમાં સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરીને લોકોની તકલીફ હળવી કરવાના તમામ પ્રયત્નો કર્યા.
- રાજ્ય સરકારે કોરોનાની બીજી લહેરની તમામ પરિસ્થિતિઓનું આકલન કરીને સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા માટે આરોગ્યવિષયક સેવાઓ, સુવિધાઓની સજ્જતા પૂર્ણ કરી છે.
- સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસથી જન-જનને સાથે રાખીને રાજ્ય સરકાર પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે.
- રાજ્યમાં નાના ગામથી માંડીને મોટા શહેરોને ઉત્તમ પ્રકારના માર્ગોથી જોડવામાં આવ્યા.
- પ્રજાની સમસ્યા અને તેમને પડતી મુશ્કેલીઓને ધ્યાને રાખીને મદદરૂપ થવાના સેવાભાવ સાથે રાજ્ય સરકાર વિકાસ કામો કરી રહી છે.
- ગુજરાત સરકારે દરેક ક્ષેત્રના વિકાસને એક અભિયાન તરીકે લઇને તેને સંપૂર્ણપણે સફળ કરવાની એક નૂતન પ્રણાલી ઊભી કરી છે.
- આદિજાતિ વિસ્તારમાં સર્વગ્રાહી વિકાસના વડાપ્રધાનશ્રીના આગવા વિઝનનો ખ્યાલ સ્ટેચ્યૂ ઓફ યુનિટિ પરિસરની વિકાસગાથા નિહાળવાથી મળી શકે છે.
- લોકપ્રશ્નોને સરકાર સુધી પહોંચાડવાના દરવાજા ખુલ્લા કરી દીધા છે, જનતાની આશા-અપેક્ષા, સૂચનો સરકાર માટે હંમેશા સ્વીકાર્ય છે.
- સ્વચ્છ ભારત અભિયાનના બીજા તબક્કામાં પણ દરેક નાગરિક સ્વચ્છતાને સહજ સ્વભાવ બનાવી ગુજરાતને અગ્રેસર રાખે.


(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

# આકર્ષણ













6 ▶ **જનકલ્યાણ**

"પ્રધાનમંત્રી ગતિ શક્તિ" નેશનલ માસ્ટર પ્લાનનો શુભારંભ

8 પાનસરથી વિકાસકામોની હેલી વરસાવતા કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ

10 ▶ **કવર સ્ટોરી**

વડાપ્રધાનશ્રી દ્વારા PSA ઓક્સિજન પ્લાન્ટ્સ રાષ્ટ્રને સમર્પિત

15 ▶ **આમંત્રણ**

વાઈબ્રન્ટ 2022માં ભાગ લેવા વિવિધ દેશોને નિમંત્રણ

▶ **જનસુખાકારી**

17 તારાપુર - વાસદ છ માર્ગીય હાઇ-વેનું લોકાર્પણ

19 મોટેરામાં નવ નિર્મિત પુલનું લોકાર્પણ

- કચ્છમાં વિવિધ માર્ગોનું નિર્માણ થશે

20 ▶ **અંજલિ**

સ્વચ્છતાના મંત્રને આત્મસાત્ કરી ગુજરાતે પૂજ્ય બાપુને આપી શ્રદ્ધાંજલિ

▶ **વિશેષ**

24 વિશ્વભરના ઉદ્યોગ-વેપાર રોકાણકારોને ગુજરાતમાં રોકાણ માટે આહવાન

25 માળખાકીય સુવિધાનો વિકાસ-પ્રગતિની પારાશીશી

26 ▶ **જિલ્લા પ્રોફાઇલ**

જૂનાગઢ જિલ્લો - અર્જૂન પરમાર - ક્રિષ્ના સિસોદિયા

32 ▶ **આસપાસ**

35 ▶ **ગૌરવ**

36 ▶ **સમાચાર વિશેષ**

42 ▶ **પરિસંવાદ**

'ઓપ્ટિમલ અર્લી ચાઈલ્ડહૂડ ડેવલપમેન્ટ' વિષયક વર્કશોપ

43 ▶ **નિર્ણય**

46 ▶ **સહભાગિતા**

વડોદરા બન્યું સામાજિક સહયોગિતાનું સાક્ષી - બી. પી. દેસાઇ

▶ **સાફલ્યગાથા**

47 હળદરની મૂલ્યવર્ધિત પ્રાકૃતિક ખેતી - રાજકુમાર

48 વાત, વાંસદાના વનિલ ઇકો ડેન - ઇકો ટૂરિઝમની... - રાજ જેઠવા

49 ગલગોટાની પ્રેરણાદાયી ખેતી - રેસુંગ ચૌહાણ

50 ▶ **પ્રેરણા**

ડો.દીપલ જોષી 'મહિલા શક્તિ એવોર્ડ'થી સન્માનિત - સુનિલ પટેલ

# જનજનના વિકાસની પ્રતિબધ્ધતા...



એકધારા જીવનમાં તહેવારો નવા જોમ અને નવા ઉમંગના દ્યોતક બનીને આવે છે. પ્રત્યેક તહેવારો જીવનમાં આગળ વધવાના નવતર સંદેશની છડી પોકારતા હોય છે. એમાં પણ ભક્તિ અને શક્તિના સમન્વય સાથેનું નવલી નવરાત્રિનું પર્વ અનેરા ઉત્સાહ અને નવી ચેતનાનો સંચાર કરે છે. ગરબા ગુજરાતની ઓળખ છે, નવરાત્રી ગુજરાતની ગરિમા છે. સરકારે જાહેર કરેલી કોવિડ માર્ગદર્શિકા અનુસાર નવરાત્રિના પાવન પર્વની સમગ્ર રાજ્યમાં નાગરિકોએ શ્રધ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરી.

એ નિર્વિવાદ છે કે, જીવનને ધબકતું રાખતો પ્રાણવાયુ સૌના માટે અત્યંત મહત્ત્વનો છે. કોરોના મહામારીના સમયમાં ઑક્સિજનની મહત્તાનો પ્રત્યેકને અહેસાસ થઇ ગયો. ગુજરાત સરકારે રાજ્યમાં ઑક્સિજનની અછત ન સર્જાય તે માટે સઘન આયોજન હાથ ધર્યું છે. ઑક્સિજનના અભાવે નાગરિકોને મુશ્કેલ પરિસ્થિતિમાં ન મૂકાવુ પડે એ માટે તાજેતરમાં ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની 18 હોસ્પિટલમાં ઑક્સિજન પ્લાન્ટ્સની ભેટ આપી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જયંતીની રાજ્ય અને દેશભરમાં ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી. દેશના ગ્રામીણ વિસ્તારને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છ ભારત મિશન- 2નો સમગ્ર દેશ સાથે ગુજરાતમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે જળવ્યવસ્થાપન માટે વિવિધ યોજનાકીય કાર્ય શરૂ કરવામાં આવ્યાં હતાં. ગુજરાતનાં ગામડાઓને નિર્મળ અને સ્વચ્છ બનાવીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યના નાગરિકોને હૃદયસ્પર્શી આહવાન કર્યું. સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થવા રાજ્યના નાગરિકોને ઉત્સાહપૂર્વક જોડાય એ દિશામાં પરિણામલક્ષી પ્રયાસો આરંભાયા છે.

વિકાસના પાયામાં સુદ્રઢ પરિવહન હોય છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતા મહત્ત્વના તારાપુર-વાસદ છ માર્ગીય હાઇ-વેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જનસમર્પિત કર્યો. આ માર્ગના નિર્માણથી ગુજરાતના વિકાસને નવી ગતિ મળશે.

ગુજરાત પશ્ચિમ ભારતમાં સામુદ્રિક વ્યાપારનું ગેટ-વે બન્યું છે. દેશનું સૌથી વધુ વિદેશી મૂડીરોકાણ એટલે કે ૩૭ ટકા FDI એકલા ગુજરાતે મેળવ્યું છે. દેશ-વિદેશના ઉદ્યોગકારો માટે ગુજરાત ફર્સ્ટ ચોઇસ ફોર ઇન્વેસ્ટમેન્ટ બનીને ઉભરી આવ્યું છે. જેમાં સ્પેશ્યિલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન(એસઆઇઆર)નો ફાળો મહત્ત્વનો છે. ધોલેરા ખાતે આકાર લઈ રહેલું SIR ભવિષ્યમાં ઔદ્યોગિક વિકાસથી ધમધમતું કેન્દ્ર બનશે. ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે, દુબઇ એક્સપો - ૨૦૨૦માં ઇન્ડિયા પેવેલિયન ખાતે આયોજિત સ્પેશ્યિલ સેશન 'ધોલેરા પાયોનિયરિંગ સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઇન ઇન્ડિયા''ને વિશેષ સ્થાન મળ્યું છે. આગામી વર્ષે ગુજરાતમાં યોજનારી વાઈબ્રન્ટ સમિટમાં ઉપસ્થિતિ માટે વિશ્વના વિવિધ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને ઉદ્યોગપતિઓનો મુખ્યમંત્રીશ્રીને મળવાનો ઉપક્રમ આરંભ થઇ ગયો છે.

દેશના વિકાસમાં રોલ મોડેલ ગુજરાતની વિકાસ સ્પર્ધા હવે વિશ્વ સાથે છે. ગુજરાત સરકારે સાડા છ કરોડ ગુજરાતીઓને શાંતિ, સલામતી અને સુરક્ષા આપી સર્વાંગી વિકાસનો રાહ ચીંધ્યો છે. દૃષ્ટિવંત આયોજન થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા સર્વાંગી વિકાસના માર્ગે ગુજરાત તેજ ગતિએ આગળ વધી રહ્યુ છે. આયોજનબદ્ધ અને પારદર્શી પદ્ધતિથી ઝડપી વિકાસ કામો ગુજરાતના ખૂણે - ખૂણે થઈ રહ્યાં હોવાની પ્રતીતિ જનસામાન્યને થઈ રહી છે.

પ્રસ્તુત અંકમાં ગુજરાતમાં આકાર લઇ રહેલાં વિકાસકામો, જનહિતલક્ષી નિર્ણયો, જૂનાગઢ જિલ્લાની રસપ્રદ વિગતો સાથે રાજ્ય સરકારની જનહિતલક્ષી વિવિધ યોજનાઓથી લાભાન્વિત થયેલા નાગરિકોની સાફલ્યગાથાઓ વાંચકોને વાંચવી ગમશે.

જય જય ગરવી ગુજરાત...

- **ડી.પી. દેસાઇ** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**




## "પ્રધાનમંત્રી ગતિ શક્તિ" નેશનલ માસ્ટર પ્લાનનો શુભારંભ

# સર્વગ્રાહી વિકાસ દ્વારા જનસુખાકારીમાં વધારો કરી રોજગારીનો વ્યાપ વધારવાનો મક્કમ નિર્ધાર

કોઈપણ દેશનાં વિકાસની પારાશીશીએ ત્યાં થયેલો સામાજિક, આર્થિક તેમજ આંતરમાળખાકીય વિકાસ છે. નાગરિકોની સુખાકારી માટે જરૂરી એવા માળખાકીય સુવિધાનો વિકાસએ આવશ્યકતા છે. ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં વિકાસના કાર્યો કરવા માટે ઘણી બધી કાયદાકીય પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે તેમજ આ વિકાસકાર્યને પૂર્ણ કરવામાં ઘણો સમય ખર્ચ કરવો પડે છે. આ પ્રકારની સમસ્યાના સમાધાન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજનાનો તાજેતરમાં નવી દિલ્હીથી શુભારંભ કરાવ્યો હતો. જેનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

પી.એમ. ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાનનો દેશવ્યાપી શુભારંભ કરાવતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, જન માળખાકીય કામોમાં ગુણવત્તાને પ્રાધાન્ય આપવા માટે આત્મનિર્ભરના સંકલ્પ સાથે આ પ્રોજેક્ટ આગામી ૨૫ વર્ષ માટેની નવી બુનિયાદ પ્રસ્થાપિત કરશે. જે વિકાસ માટે નવું બળ પૂરું પાડીને આત્મનિર્ભરતાના સંકલ્પને સાકાર કરશે. આ નેશનલ માસ્ટર પ્લાન ૨૧મી સદીના નવા ભારતના નિર્માણ માટે ગતિશક્તિ આપશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આપણા દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓનું નિર્માણ અને આયોજન એ રાજનીતિ પક્ષોની પ્રાથમિકતા રહી નથી તે તેમના ઘોષણા પત્રમાં પણ ક્યાંય દેખાતું નથી. આજે એ પરિસ્થિતિ છે કે કેટલાક રાજનીતિક દળો તો દેશ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ ઉપર આલોચના કરવા લાગ્યા છે. દુનિયામાં સર્વસ્વીકૃત છે કે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ જ એક એવો માર્ગ છે જે અનેક આર્થિક ગતિવિધિઓને જન્મ આપે છે અને મોટા પ્રમાણમાં રોજગારીનું નિર્માણ પણ કરે છે.

સરકારના તમામ વિભાગો સાથે સરકારની સામૂહિક શક્તિઓ યોજનાઓ-પ્રોજેક્ટને પૂરા કરવામાં લાગી છે. જેના પરિણામે આગામી દશકામાં મોટા ભાગની અધૂરી પરિયોજનાઓ પૂરી થઈ રહી છે. પી.એમ. ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન સરકારી પ્રોસેસ અને એના સાથે જોડાયેલા અલગ-અલગ સ્ટેટ હોલ્ડરોને એક સાથે લાવે જ છે. ટ્રાન્સપોર્ટેશનના અલગ અલગ વ્યવસાયોને એકબીજા સાથે જોડવામાં પણ મદદ કરે છે. આ હોલિસ્ટિક ગવર્નન્સને આભારી છે.

ભારતમાં પ્રથમ ઈન્ટર સ્ટેટ નેચરલ ગેસ પાઈપલાઈનનું કામ વર્ષ ૧૯૮૭માં શરૂ થયું હતું જેમાં ૨૭ વર્ષમાં દેશમાં ૧૫,૦૦૦ કિ.મી. નેચરલ ગેસ પાઇપલાઇન બની છે જ્યારે, હાલમાં દેશભરમાં ૧૬,૦૦૦ કિ.મી. ગેસ પાઇપલાઇન સ્થાપવાનું કામ થઇ રહ્યું છે જેને આગામી પાંચ-છ વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. વર્ષ ૨૦૧૪ પહેલાના પાંચ વર્ષમાં માત્ર ૧,૯૦૦ કિ.મી. રેલવે લાઈન ડબલિંગ કરવાનું કામ થયું હતું જ્યારે, છેલ્લાં સાત વર્ષમાં વર્તમાન સરકારે ૯,૦૦૦ કિ.મી.થી વધુ રેલવે લાઈનનું ડબલિંગ કરવાનું કામ પૂર્ણ કર્યું છે. વર્ષ ૨૦૧૪ પહેલાંના પાંચ વર્ષમાં માત્ર ૩,૦૦૦ કિ.મી. રેલવે લાઈનનું વીજળીકરણ થયું હતું જ્યારે,

છેલ્લાં ૭ વર્ષમાં ૨૪,૦૦૦ કિ.મી.થી વધુ રેલવે લાઈન-ટ્રેકનું વીજળીકરણ કર્યું છે.

ભારતમાં વર્ષ-૨૦૧૪ પહેલા લગભગ ૨૫૦ કિ.મી. ટ્રેક ઉપર મેટ્રો દોડતી હતી. આજે ૭૦૦ કિ.મી. સુધી મેટ્રોનો વિસ્તાર થયો છે અને વધુ ૧,૦૦૦ કિ.મી. ઉપર નવા મેટ્રો રૂટનું કામ ચાલી રહ્યું છે. વર્ષ-૨૦૧૪ પહેલા ભારતમાં માત્ર ૬૦ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબર સુવિધાથી જોડવામાં આવી હતી જ્યારે છેલ્લાં સાત વર્ષમાં ૧.૫ લાખથી વધુ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબરથી જોડવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુગ્રથિત વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગોડાઉન, વાહન વ્યવહાર, રેલ સુવિધા, હવાઈ સુવિધા અને હવે ઈન્ટરનેટ સુવિધાઓ સાથે ભારત આ પ્રોજેક્ટ દ્વારા ગ્લોબલ પાવર પૂરવાર થશે. વિવિધ ૧૬ વિભાગોના સંકલનથી વિકાસ માટે એક કોમન પ્લેટફોર્મ પૂરું પાડવાનું ઉત્તમ કામ કર્યુ છે જે આગામી સમયમા વિકાસના નવા દ્વાર ખોલશે.

**આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સંસાધનોનું એકસૂત્રતાથી આયોજન નવું બળ પૂરૂં પાડશે**

**સસ્ટેનેબલ વિકાસ માટે ક્વોલિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર જ એક મહત્ત્વનું પરિબળ**

**સરકારની વિવિધ મંત્રાલયોની સામૂહિક શક્તિઓને જોડીને અધૂરા પ્રકલ્પોને સત્વરે પૂરા કરવાનો નવતર પ્રયાસ**

કેન્દ્રીય કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ મંત્રી શ્રી પિયૂષ ગોયેલે કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા આપી હતી. નવી દિલ્હી ખાતેથી કેન્દ્રીય મંત્રી સર્વશ્રી નીતિન ગડકરી, સર્વાનંદ સોનવાલ, જ્યોતિરાદિત્ય સિંધિયા, અશ્વિની વૈષ્ણવ, અજયકુમાર સિંઘ અને હરદિપસિંહ પુરી ઉપરાંત વિવિધ રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓ પણ ઓનલાઈન જોડાયા હતા. દેશના અગ્રણી ઉદ્યોગપતિઓએ PM ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન ઉપર પોતાના વિચારો રજૂ કર્યાં હતા.

આ પ્રસંગે મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, પશુપાલન રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમ સહિત ઉદ્યોગપતિ-ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●






# પાનસરથી વિકાસકામોની હેલી વરસાવતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ

જનસમસ્યાને સમજી અને તેનો તાત્કાલિક ઉકેલ લાવનાર જ સાચો શાસક કહેવાય. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાભિમુખ શાસનનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે. ભારતે વિશ્વ ગુરુ ભણીની કૂચ કરી છે.આ કૂચમાં ગુજરાત પણ તાલ સાથે કદમતાલ મિલાવી રહ્યું છે. ગુજરાતમાં કોઇને કોઇ સ્થળે વિકાસકામ થતું જ રહે છે. તાજેતરમાં ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતની મુલાકાત લઈ રૂ. ૧૦ કરોડથી વધુનાં વિકાસકામોની હેલી વરસાવી. કલોલ તાલુકાના પાનસર ગામ ખાતે યોજાયેલા સમારંભમાં ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી લોકસેવાનો ભેખ લઈ નીકળ્યા છે. દેશમાં ૬૦ કરોડ લોકોનાં બેંક એકાઉન્ટ ખોલાવ્યાં છે. તેમજ ૧૩ કરોડ લોકોને ગેસ કનેક્શન, ૧૦ કરોડ ઘરમાં શૌચાલય, અનેક ગામોને વીજ કનેક્શન અને ૬૦ કરોડ વ્યક્તિઓને આરોગ્યલક્ષી ૫ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ આપવામાં આવ્યું છે.

નવરાત્રિના પાવન પર્વની સૌ ગુજરાતીઓને શુભકામનાઓ પાઠવી ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, પાનસર ગામના તળાવનું રૂપિયા ૪ કરોડથી વધુના ખર્ચે નવીનીકરણ થનાર છે. તે તળાવ આગામી દિવસોમાં ગામનું લોક એક્ટિવિટીનું કેન્દ્ર બનશે.





પાનસર ગામ સહિત જિલ્લાના તમામ નાગરિકોને કોવિડ- ૧૯ ની રસી લઈ લેવા જણાવી તેમણે, ગામનો કોઈ નાગરિક કોવિડ - ૧૯ ની રસી અને સરકાર દ્વારા કોરાના કાળમાં અપાતા ગરીબ પરિવારને મફત અનાજથી બાકી ન રહી જાય તે જોવાની જવાબદારી ઉઠાવવા ગામના નવયુવાનોને આહ્વાન કર્યું હતું. તેમજ ગાંધીનગર સંસદીય મત વિસ્તારને હરિયાળુ સંસદીય મત વિસ્તાર બનાવવા માટે પણ નવયુવાનોને આગળ આવવા જણાવ્યું હતું.

રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સંસદ સભ્ય તરીકે અમિતભાઈ શાહે પોતાના મતવિસ્તારમાં અગણિત વિકાસકામોની વણઝાર વહાવી છે. લોકતાંત્રિક વ્યવસ્થામાં લોકોની આશા-અપેક્ષા સંતોષી લોકસુવિધાનાં કામોને સાંસદો સાકાર કરે, તે જ ગુડ ગર્વનન્સ - સુશાસનની સાચી દિશા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે પાનસર ગામમાં નવીનીકરણ થનાર તળાવનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમણે તળાવની મુલાકાત લીધી હતી. તેમજ નવીનીકરણ કરાયા બાદ તળાવ કેવું બનશે તેની માહિતી મેળવી હતી. તેમજ તળાવની નજીક આવેલા બાબા રામદેવ મંદિરમાં દર્શન કરવા ગયા હતા. તેમજ તેમને મળવા આવેલા ગ્રામજનોનું નજીક જઈ અભિવાદન ઝીલ્યું હતું. તેમજ ગામના વડીલો સહિત યુવાનોને રસી લીધી કે નહિ તે અંગે પૃચ્છા કરી હતી. તેમજ સર્વેને નવરાત્રિની શુભકામનાઓ પાઠવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે તળાવના કિનારે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે પાનસર ગામના પી.એચ.સી.નું લોકાર્પણ કરવામાં

આવ્યું હતું. તેમણે પી.એચ.સી.ની પણ મુલાકાત લીધી હતી. પાનસર ગામના જૈન દેરાસર પરિસર ખાતેથી રૂપિયા ૧૦ કરોડથી વધુના જિલ્લાનાં વિવિધ ગામોનાં વિકાસકામોનું ઇ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં.

કલોલ સ્વામિનારાયણ મંદિર ખાતે પણ ઑક્સિજન પ્લાન્ટ અને ઇન્ટરનેશનલ સ્કૂલનું લોકાર્પણ ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સાબરમતીના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ સહિત ગ્રામજનો અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## સઇજ ખાતે પીએસએ ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સઈજ ખાતે પ્રેમસ્વરૂપ સ્વામી મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ ખાતે અંદાજે એક કરોડના ખર્ચે તૈયાર થયેલા પીએસએ ઑક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. ગૃહમંત્રીશ્રીએ રૂ. ત્રણ કરોડના ખર્ચે નિર્માણ પામેલ સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ સ્કૂલનું ઉદઘાટન કર્યું હતું. તેમજ સ્કૂલ કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ધારાસભ્ય સર્વશ્રી બળદેવજી ઠાકોર, શ્રી અરવિંદભાઈ પટેલ, સંસ્થાના પૂજ્ય સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી, સંતગણ, સસ્થાના ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ, શ્રી બંકિમભાઈ શાહ વગેરે પણ સહભાગી થયા હતા. ●

## ગાંધીનગર રેલવે સ્ટેશન ખાતે માટીની કુલડીમાં ચા અપાશે



કેપિટલ રેલવે સ્ટેશન-ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે માટીકામ સાથે સંકળાયેલા મહિલા સ્વ-સહાય જૂથ સંચાલિત 'ટી સ્ટોલ'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, માટીની કુલડીનો ઉપયોગ રોજગારી સાથે પ્લાસ્ટિક-પ્રદૂષણમુક્ત ભારતની દિશામાં મહત્ત્વનું પગલું સાબિત થશે. માટીકામ સાથે સંકળાયેલાં મહિલા સ્વ-સહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવેલા ચા માટેની કુલડી સહિતના કપ સહિતના વિવિધ માટીના આર્ટિકલ ખરીદવાની વ્યવસ્થા કરીને મહિલાઓને વધુ આત્મનિર્ભર બનાવવામાં આવશે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે માટીકામ સાથે સંકળાયેલા ગાંધીનગર જિલ્લાના દરેક ગામના કારીગરો તથા સ્વસહાય જૂથોને ઇલેક્ટ્રોનિક ચાકડા મળી રહે તે સુનિશ્ચિત કરવા જિલ્લા કલેકટરને સૂચના આપી હતી. મહિલા સ્વસહાય જૂથ સંચાલિત ટી સ્ટોલના લોકાર્પણના પ્રથમ દિવસથી જ માટીની કુલડીઓના જથ્થાબંધ ઓર્ડર મળવાના શરૂ થયા હતા જેના ભાગરૂપે પાલનપુર રેલવે સ્ટેશન ખાતેથી ૫,૦૦૦ માટીની કુલડીઓના ઓર્ડર ગૃહમંત્રી શ્રી શાહના હસ્તે ટી-સ્ટોલની મહિલાઓને અર્પણ કર્યા હતા.


મહિલા સ્વસહાય જૂથ સંચાલિત ટી-સ્ટોલ પર ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે મહિલા સ્વસહાય જૂથની બહેનો સાથે રેલવે સ્ટેશન ઉપર વાર્તાલાપ કર્યો હતો. સ્વસહાય જૂથોની મહિલાઓ દ્વારા ઇલેક્ટ્રોનિક ચાકડા દ્વારા તૈયાર કરવામાં આવેલી માટીની કુલડીઓ તથા માટીનાં વાસણોની પ્રદર્શની ગૃહમંત્રી શ્રી શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિહાળી હતી. મહિલાઓના આર્થિક ઉત્થાન માટે કેપિટલ રેલવે સ્ટેશન ખાતે નાગેશ્વર સખી બચત મંડળ દ્વારા સંચાલિત ટી-સ્ટોલમાં ચા, તંદૂરી ચા, ગ્રીન ટી, કોફી, દૂધ અને ઉકાળા સહિત વિવિધ વેરાયટીની ચા - કોફીની ઉપલબ્ધતા યાત્રીઓ માટે થશે.

આ લોકાર્પણ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પૂર્વ મંત્રી શ્રી રમણલાલ વોરા, શ્રી રજનીભાઈ પટેલ, કોર્પોરેટરશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે.કૈલાશનાથન, જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્ય ઉપરાંત સ્વસહાય જૂથોની મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●









## વડાપ્રધાનશ્રીએ પી.એમ. કેર્સ ભંડોળ હેઠળ સ્થાપવામાં આવેલા

# PSA ઑક્સિજન પ્લાન્ટ્સ રાષ્ટ્રને સમર્પિત

કોરોનાના કારણે સમસ્ત વિશ્વ સંકટમાં મુકાઇ ગયું, સમસ્ત વિશ્વના અર્થતંત્ર પર માઠી અસર થઈ. આ કપરા સમયમાં પણ ભારતે વિકાસની ગતિ બરકરાર રાખી. તેનું કારણ ભારતને મળેલું સબળ નેતૃત્વ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનજનની ચિંતા કરી છે. આ ચિંતાની પ્રતીતિ લોકોને પૂરી પાડવામાં આવેલી આરોગ્ય સેવા દ્વારા થાય છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરાખંડના ઋષિકેશમાં એઈમ્સ ખાતે પીએમ કેર્સ ભંડોળ હેઠળ દેશનાં 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ઊભા કરવામાં આવેલા 35 પ્રેશર સ્વિંગ એબ્સોર્પ્શન (PSA) ઑક્સિજન પ્લાન્ટ્સનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું હતું. આ સાથે હવે દેશમાં તમામ જિલ્લાઓમાં PSA ઑક્સિજન પ્લાન્ટ્સ નિયુક્ત થઈ ગયા છે. કેન્દ્રીય મંત્રીઓ, ઉત્તરાખંડના રાજ્યપાલ અને મુખ્યમંત્રી, રાજ્ય મંત્રીઓ તેમજ આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનશ્રીએ ઓલિમ્પિક્સ અને પેરાઓલિમ્પિક્સમાં શાનદાર પ્રદર્શન બદલ રાજ્યોને અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાનએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉત્તરાખંડની જમીન સાથેના તેમના સંબંધનું જોડાણ માત્ર દિલનું જ નહીં પરંતુ કામનું પણ છે, માત્ર સારનું જ નહીં પરંતુ તત્ત્વનું પણ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની જનતાની સેવા કરવાની, લોકોની વચ્ચે રહી તેમની સેવા કરવાની સફર આમ તો ઘણા દાયકાઓથી ચાલી રહી હતી, પરંતુ આજથી 20 વર્ષ પહેલાં વડાપ્રધાનશ્રીને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. તેમની આ સફરની શરૂઆત સાથે ઉત્તરાખંડ રાજ્યનું સર્જન થવાનો સંયોગ પણ છે કારણ કે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સત્તાનું સુકાન સંભાળ્યું તેના થોડા મહિના પછી જ ઉત્તરાખંડ રાજ્યની રચના કરવામાં આવી હતી. તેમણે ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે લોકોના આશીર્વાદથી તેઓ વડાપ્રધાન પદ સુધી પહોંચશે. વડાપ્રધાનશ્રીએ સરકારના વડા તરીકે આ અખંડ યાત્રાના 21મા વર્ષમાં પ્રવેશ કર્યો હોવાથી તેમણે દેશ અને ઉત્તરાખંડના લોકો પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી મોદીએ જ્યાં યોગ અને આયુર્વેદ જેવાં જીવન આપનાર બળોએ શક્તિ પ્રાપ્ત કરી છે, ત્યાંથી દેશને ઑક્સિજન પ્લાન્ટ્સ સમર્પિત કરવામાં આવી રહ્યા છે તે અંગે ખુશી વ્યક્ત કરી હતી. કોરોના મહામારી સામે લડવા માટે ખૂબ જ ટૂંકા સમયગાળામાં જે પ્રકારે ભારતે સુવિધાઓ ઊભી કરી છે તે આપણા દેશની ક્ષમતાઓ બતાવે છે. મહામારી પહેલાંના સમયમાં માત્ર 1 પરીક્ષણની લેબોરેટરી હતી જ્યારે હવે દેશમાં અંદાજે 3000 પરીક્ષણ લેબોરેટરીઓનું નેટવર્ક તૈયાર થઈ ગયું છે. ભારત માસ્ક અને કિટ્સના આયાતકાર દેશમાંથી નિકાસકાર દેશ બની ગયો છે. દેશના અંતરીયાળ વિસ્તારોમાં પણ હવે વૅન્ટિલેટરની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ભારતે મેડ ઈન ઇન્ડિયા





**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને રાજ્ય અને કેન્દ્ર સરકારના વડા તરીકે જનસેવાના 20 વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન. આજથી 20 વર્ષ પહેલા શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને ત્યાંથી શરૂ થયેલી વિકાસ અને સુશાસનની યાત્રા આજ સુધી ચાલુ છે. આ 20 વર્ષોમાં, મોદીજીએ લોકો અને દેશની પ્રગતિ માટે રાત -દિવસ મહેનતની પરાકાષ્ઠાનો અહેસાસ કર્યો.**

**- શ્રી અમિતભાઇ શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી**



**ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદીના જનસેવાના 20 વર્ષ પૂર્ણ થયા એ બદલ અભિનંદન. મોદીજીએ 20 વર્ષ જ નહીં પણ વધારે લાંબી ઇનિંગ રમીને દેશને આગળ લઇ જવાનો છે. આ સમયગાળામાં, મુખ્યમંત્રી અને વડાપ્રધાન રહીને પણ તેમણે એક મુખ્ય સેવક અને પ્રધાન સેવક તરીકે કાર્ય કર્યું છે. મોદીજીએ આ 20 વર્ષોમાં કદાચ એક પણ દિવસની રજા લીધી નથી.**

**- શ્રી અનુરાગ ઠાકુર, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી**

કોરોના રસીનું ઝડપથી અને ખૂબ મોટા પાયે ઉત્પાદન કર્યું છે. ભારતે વિશ્વનું સૌથી મોટું અને ઝડપી રસીકરણ અભિયાન અમલમાં મૂક્યું છે.

સામાન્ય દિવસોમાં ભારતમાં દરરોજ 900 મેટ્રિક ટન પ્રવાહી મેડિકલ ઑક્સિજનનું ઉત્પાદન કરવામાં આવતું હતું. જોકે, જેમ જેમ માંગ વધતી ગઈ તેમ ભારતે મેડિકલ ઑક્સિજનનું ઉત્પાદન વધારીને તેમાં 10 ગણાથી વધુ વૃદ્ધિ કરી છે. દુનિયાના કોઈપણ દેશ માટે આ એક અકલ્પનીય લક્ષ્ય હતું, પરંતુ ભારતે તેને પ્રાપ્ત કરી બતાવ્યું છે.

વડાપ્રધાનએ ટાંક્યું હતું કે, 6-7 વર્ષ પહેલાં સુધી માત્ર અમુક રાજ્યોમાં જ એઇમ્સની સુવિધા ઉપલબ્ધ હતી પરંતુ, આજે દરેક રાજ્યમાં એઇમ્સને લઈ જવાનું કામ ચાલી રહ્યું છે. અમે 6 એઇમ્સથી આગળ વધીને 22 એઇમ્સનું મજબૂત નેટવર્ક બનાવવા માટે કામ કરી રહ્યા છીએ. સરકારનું લક્ષ્ય એવું પણ છે કે, દેશના દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મેડિકલ કોલેજ અવશ્ય હોવી જોઈએ. ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ ઉત્તરાખંડની રચનાનું સપનું પૂરું કર્યું હતું. શ્રી અટલ બિહારી વાજપેયી માનતા હતા કે, કનેક્ટિવિટીનો સીધો સંબંધ વિકાસ સાથે છે. તેમની પ્રેરણાને કારણે જ, આજે દેશમાં અભૂતપૂર્વ ગતિએ અને વ્યાપકતાએ કનેક્ટિવિટી માટે માળખાકીય સુવિધાઓ સુધારવાનું કામ કરવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, વર્ષ 2019માં જળ જીવન મિશનનો આરંભ કરવામાં આવ્યો તે પહેલાં, ઉત્તરાખંડમાં માત્ર 1,30,000 ઘરોમાં નળ દ્વારા પાણી પહોંચતુ હતું. આજે ઉત્તરાખંડના 7,10,000 કરતાં વધારે પરિવારો સુધી પાઈપથી પીવાનું પાણી પહોંચાડવાનું શરૂ થઇ ગયું છે. માત્ર 2 વર્ષના સમયમાં જ, રાજ્યમાં છ લાખ જેટલા પરિવારોને પાણીનું જોડાણ મળ્યું છે. સરકાર દરેક સૈનિક, ભૂતપૂર્વ સૈનિકોનાં હિતો માટે પણ ગંભીરતાપૂર્વક કામ કરી રહી છે.

## ભરૂચ સિવિલ હોસ્પિટલના PSA ઑક્સિજન પ્લાન્ટનું ઋષિકેશથી વર્ચ્યુઅલ લોકાર્પણ

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે કોરોના સામેની લડાઇમાં વેક્સિનેશન, ઑક્સિજન પ્લાન્ટ, અને અદ્યતન સારવાર સુવિધાથી વિદેશી રાષ્ટ્રોની તુલનાએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત સરકારની રાહબરીમાં રાજ્ય સરકારે પણ કોવિડકાળમાં દર્દીઓ માટે ઉમદા આરોગ્ય સેવા ઊભી કરી છે.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતના નાગરિકોની આરોગ્ય સુખાકારીની દરકાર કરીને અત્યાર સુધી PM કેર્સ ફંડમાંથી કુલ ૧૫ ઑક્સિજન પ્લાન્ટની ભેટ આપી છે. સી.એસ.આર. હેઠળ ૩ ઑક્સિજન પ્લાન્ટ મળી કુલ ૧૮ પ્લાન્ટ્સ રાજ્યને ઉપલબ્ધ થયા છે. આ પ્લાન્ટસ કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે અને સામાન્ય દિવસોમાં પણ



દર્દીઓની સ્વાસ્થ્ય સુવિધાઓ માટે લાભદાયી નીવડશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરાખંડના ઋષિકેશથી દેશભરમાં આવા ૩૫ PSA ઑક્સિજન પ્લાન્ટના ઇ-લોકાર્પણ કર્યાં હતાં. PM કેર્સ હેઠળ ભરૂચ, પાટણ, પાલનપુર, થરાદ, ખેડબ્રહ્મા, ભિલોડા, માણસા, વડનગર, ગોધરા, સંતરામપુર, ગરુડેશ્વર, નવી સિવિલ હૉસ્પિટલ-સુરત, સ્મીમેર હૉસ્પિટલ-સુરત, સોલા સિવિલ અને ગાંધીધામ જ્યારે ગુજરાત CSR ઑથોરિટી દ્વારા રાજપીપળા, ઝાલોદ તથા મોરબી ખાતે નવા સ્થાપિત PSA પ્લાન્ટ્સ પણ લોકોને સમર્પિત કર્યાં હતાં.

જેમાં ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે PM કેર્સ ફંડમાંથી રૂ.૧.૦૫ કરોડના ખર્ચે ૧.૮૭ મેટ્રિક ટનની કેપેસિટી ધરાવતા ઑક્સિજન પ્લાન્ટ સહિત સમાવેશ થાય છે. આ અંગેનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ભરૂચના પંડિત ઓમકારનાથ ઠાકુર હૉલ ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આયોજિત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે કોરોના મહામારી દરમિયાન ગામોમાં ૧૦૦ ટકા વૅક્સિનેશન પૂર્ણ કરનાર સરપંચશ્રીઓ અને દિવસ-રાત ખડેપગે રહી કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-શુશ્રૂષા કરનારા કોરોના વૉરિયર્સ તબીબો, મેડિકલ સ્ટાફને સન્માનિત કરાયા હતા.

આ સાથે મુખ્યમંત્રીશ્રીએ રૂ.૯.૫૮ કરોડના ખર્ચે અંકલેશ્વર ખાતે નવનિર્મિત રેવેન્યૂ સ્ટાફ ક્વાર્ટર્સનું ઇ-લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ભરૂચ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ નવા પી.એસ.એ. ઑક્સિજન પ્લાન્ટનું નિરીક્ષણ પણ કર્યું હતું.

આ તકે ભરૂચ જિલ્લાની વિવિધ સામાજિક સંસ્થાઓ, ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનોના પ્રતિનિધિઓએ મુખ્યમંત્રીશ્રીનું સ્મૃતિચિહ્ન અને ફૂલહારથી અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલ, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વશ્રી ઈશ્વરસિંહ પટેલ, અરુણસિંહ રણા, ઇ.કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી સહિત આમંત્રિત શહેરીજનો, રેસિડન્ટ તબીબો, મેડિકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરામાં PSA પ્લાન્ટ કાર્યાન્વિત



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે દેશના વિવિધ રાજ્યોમાં પી.એમ.કેર અંતર્ગત વિવિધ સ્થળોએ પી.એસ.એ. પ્લાન્ટનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જે હેઠળ પંચમહાલ જિલ્લામાં પણ ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે એક પી.એસ.એ. પ્લાન્ટનું ઈ-લોકાર્પણ યોજાયું હતું. આ પ્રસંગે ગોધરાના સરદારનગર ખંડ ખાતે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહિરના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. પંચમહાલ જિલ્લામાં પણ 11 પી.એસ.એ. પ્લાન્ટ સ્થાપવાનું આયોજન છે, જે પૈકી 8 પ્લાન્ટ સ્થપાઈ ચૂક્યા છે.

## પૌરાણિક નગરી વડનગરને મળી વૈશ્વિક ઓળખ

વડનગર જી.એમ.ઇ.આર.એસ મેડિકલ હોસ્પિટલ ખાતે વડાપ્રધાનશ્રી દ્વારા PSA ઑક્સિજન પ્લાન્ટના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ



વડનગરની ધરતીને નમન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીનું દરેક બાબતમાં આત્મનિર્ભર રહેવાનું સ્વપ્ન છે જેનું કામ આગળ ચાલી રહ્યું છે. ઐતિહાસિક પૌરાણિક વડનગરની ધરતી ૨૬૦૦ વર્ષ વિરાસતના પ્રમાણ ધરાવે છે. તાના રીરી, જય હાટકેશ્વર સહિત વડાપ્રધાનશ્રીના જન્મભૂમિના પગલે વડનગરની વૈશ્વિક ઓળખ પ્રસ્થાપિત થઈ છે.

### ઝાલોદમાં ઑક્સિજન પ્લાન્ટ કાર્યરત



ઝાલોદની સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતેના નવનિર્મિત ઑક્સિજન પ્લાન્ટનું પણ તેમની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કલ્પસર અને મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી આ પ્રસંગે ઉપસ્થિત રહીને આ પ્લાન્ટના લોકાર્પણ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. રાજ્યમંત્રી શ્રી ચૌધરીએ જણાવ્યું કે, ઝાલોદ ખાતેના આ ઑક્સિજન પ્લાન્ટ ૨૫૦ લીટર પ્રતિ મિનિટની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. જે રૂ. ૨.૯૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.

### માણસામાં કોરોના વૉરિયર્સનું સન્માન

માણસાની જનરલ હોસ્પિટલ ખાતે નિર્માણ કરવામાં આવેલા પી.એસ.એ. પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. માણસા જનરલ હોસ્પિટલ ખાતેના ૫૦૦ એલ.પી.એમ. ક્ષમતા પી.એસ.એ. ઑક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે કરાયું હતું. હાલમાં રાજ્યમાં આવા ૫૮ પ્લાન્ટ કાર્યરત છે. મહાનુભાવોના હસ્તે કોરોના વૉરિયર્સનું શાલ ઓઢાડી અને સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.



### કોઈપણ પરિસ્થિતિમાં સરકાર તમારી સાથે છે



અમદાવાદની GMERS સોલા સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાષ્ટ્રવ્યાપી PM cares અંતર્ગતના PSA ઑક્સિજન પ્લાન્ટના ઇ - લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી મનીષાબહેન વકીલે જણાવ્યું હતું કે,સંપૂર્ણ ભારત દેશમાં ખૂબ જ ઝડપી અને આયોજનબદ્ધ રીતે રસીકરણની કામગીરી થઈ રહી છે, સૌથી વધુ રસીકરણ કરવામાં ગુજરાતનું સ્થાન મોખરે છે. કોઈપણ પરિસ્થિતિમાં સરકાર તમારી સાથે છે અને હંમેશાં રહેશે.

### મોરબીમાં આરોગ્ય સુવિધાઓ વધુ સક્ષમ બનશે



મોરબી ખાતે PSA ઑક્સિજન પ્લાન્ટ ઇ - લોકાર્પણનો કાર્યક્રમ પ્રવાસન રાજયમંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. રાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોના જેવી વૈશ્વિક મહામારીના સમયમાં સૌના સાથ અને સહકારથી કોરોના સામેની લડત ચાલી રહી છે. કોરોનાની પહેલી અને બીજી લહેર બાદ ત્રીજી લહેરનો સામનો કરવા માટે અગમચેતીના ભાગરૂપે ઑક્સિજન પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યાં છે. મોરબીની જન સુખાકારી તેમજ આરોગ્ય સુવિધાઓ વધુ સક્ષમ થશે.

### મહીસાગરમાં PSA પ્લાન્ટનું લોકાર્પણ

મહીસાગર જિલ્લાની સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે વડાપ્રધાનશ્રીએ ઑક્સિજન પ્લાન્ટનું ઈ-લોકાર્પણ કર્યુ હતું. આ ઈ-લોકાર્પણ પ્રસંગે વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સહભાગી થયાં હતાં. રાજ્યમંત્રી શ્રી ડીંડોરે જણાવ્યું કે, કોરોનાના કપરા કાળમાં તબીબી ક્ષેત્રના



તમામ લોકોએ પોતાના જાન કે પરિવારની ચિંતા કર્યા સિવાય દર્દીઓ સેવા કરી છે તેમને અભિનંદન પાઠવી તેમની સેવાઓને બિરદાવું છું.



## પાટણમાં ઑક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ

પાટણની સિવિલ હોસ્પિટલ ખાતે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ઑક્સિજન પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પાટણ ખાતે પી.એમ.કેર્સ ફંડમાંથી ૧.૮૭ ટનની ક્ષમતા ધરાવતા અને પ્રતિ મિનિટ ૧,૦૦૦ લીટર ઑક્સિજનનું ઉત્પાદન કરી શકતા આ પ્લાન્ટથી ૫૦ જેટલા દર્દીઓને મેડિકલ ઑક્સિજન ઉપલબ્ધ કરાવી શકાશે.

## કચ્છની આરોગ્ય સુવિધાઓ ઑક્સિજન પ્લાન્ટના લોકાર્પણથી વધુ સુસજ્જ થશે

કોરોનાની સંભવિત ત્રીજી લહેરની પૂર્વ તૈયારીરૂપે કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અગમચેતીરૂપે વિવિધ પગલાં લેવાઇ રહ્યાં છે જેના ભાગરૂપે રાજયમાં વિવિધ પીએમ કેર પી.એસ.એ. ઑક્સિજન પ્લાન્ટસનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું જે અંતર્ગત કચ્છમાં રામબાગ એસ.ડી.એચ.હોસ્પિટલ ગાંધીધામ ખાતેના PSA ઑક્સિજન પ્લાન્ટનું પણ ઈ-લોકાર્પણ સામાજિક ન્યાય અને અધિકારિતા રાજયમંત્રી શ્રી આર.સી.મકવાણાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.



## કોરોનાની સંભવિત ત્રીજી લહેર માટે સરકાર સજ્જ



સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ કેરમાંથી નિર્મિત થયેલા PSA ઑક્સિજન પ્લાન્ટના ઇ-લોકાર્પણ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા તથા સાંસદ શ્રી સી.આર.પાટિલ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલ ખાતે રૂ.૧.૬૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલો ઑક્સિજન પ્લાન્ટ ૩.૭૪ મેટ્રિક ટન ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ જણાવ્યું હતું કે,દેશના અને રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય આરોગ્ય માટે ફંડિંગ અને યોગ્ય બજેટ દ્વારા તેમણે સુરક્ષિત કરવાનો સફળ પ્રયાસ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

## ઑક્સિજન પ્લાન્ટ દર્દીઓ માટે જીવનરક્ષક બનશે

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે જનરલ હોસ્પિટલમાં રાજ્યકક્ષાના પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી દેવાભાઈ માલમના હસ્તે ઑક્સિજન પ્લાન્ટને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન કેર ફંડમાંથી રૂ. ૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલા પી. એસ. એ. ઑક્સિજન પ્લાન્ટથી સ્થાનિક વિસ્તારનાં ગામડાઓના દર્દીઓને બીમારીના કે કપરા સમયે તથા કોરોના જેવી મહામારીમાં લોકોને ઉપકારક સાબિત થશે અને દર્દીઓની જિંદગી બચાવવા માટે આ પ્લાન્ટ ઉપકારક નીવડશે. ●



## 'મેઇક ઇન ઇન્ડિયા-મેઇક ફોર ધ વર્લ્ડ'ને સાકાર કરવા ગુજરાતની પથદર્શક ભૂમિકા

# વાઈબ્રન્ટ 2022માં ભાગ લેવા વિવિધ દેશોને નિમંત્રણ



''મેઈક ઈન ઈન્ડિયા-મેઈક ફોર ધ વર્લ્ડ''ની નેમ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સાથે સમગ્ર દેશને વૈશ્વિક મહાસત્તા બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. કેન્દ્ર સરકારના લક્ષ્યાંકોને સિદ્ધ કરવાની સાથે ન્યૂ ઈકોનોમિના પથદર્શક બનવામાં ગુજરાત સદા અગ્રેસર રહ્યું છે. ગુજરાત વાઈબ્રન્ટ સમિટના સફળ આયોજનથી વિશ્વના રોકાણકારો માટે બેસ્ટ ચોઇસ ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે. કોરોના કાળમાં ધીમી પડેલી વિકાસની ગતિને વેગવાન બનાવવા તેમજ ગુજરાત રાજ્યને મળેલી વૈશ્વિક પ્રસિદ્ધિ અને સફળતાને વધુ "વાઇબ્રન્ટ" બનાવવાના ઉદ્દેશથી જ તેમજ 2022ના વર્ષમાં નવા ઉદ્યોગો માટે એક પ્લેટફોર્મ તૈયાર કરવા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં આવશે. જેમાં ક્લિન એનર્જી તથા ટૂરિઝમ સેક્ટર પર વધુ ભાર મૂકવામાં આવશે. ગુજરાતમાં 2019 પછી ત્રણ વર્ષે વાઇબ્રન્ટ સમિટ 2022માં વિક્રમી મૂડીરોકાણ સાથે દેશ અને વિદેશના ઉદ્યોગ જૂથો તેમજ બિઝનેસ ડેલિગેશન વધુને વધુ આવે તેવા પ્રયાસો થઇ રહ્યા છે. વિદેશ સ્થિત બિનનિવાસી ભારતીયો, વિદેશી કંપનીઓ-ઉદ્યોગજૂથો તેમજ વિદેશી ડેલિગેટ્સને આકર્ષવા, આમંત્રણ આપવા સાથે ગુજરાત વિવિધ આયોજન કરી રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની તાજેતરમાં યુ.કે., બ્રાઝિલ, વિયેતનામના ભારત સ્થિત રાજદૂતે મુલાકાત લીધી હતી. જેમાં મુખ્યમંત્રીશ્રીએ આગામી વાઇબ્રન્ટ સમિટ 2022ની રૂપરેખા આપી તેમાં ભાગ લઇ વિવિધ ક્ષેત્રોમાં સહભાગિતા સાથે ગુજરાતમાં રોકાણ કરવા ઈજન આપ્યું હતું. બ્રિટિશ હાઇકમિશનર શ્રી એલેક્સ એસીસે પણ મુખ્યમંત્રીશ્રીને યુ.કે.ની મુલાકાતે આવવાનું ભાવભર્યુ આમંત્રણ આપ્યું હતું.

ભારત સ્થિત બ્રિટિશ હાઇકમિશનર શ્રી એલેક્સ એસીસ અને ડેપ્યુટી હાઇકમિશનર શ્રી પીટર કૂકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાથેની મુલાકાત દરમિયાન ગુજરાત-યુ.કે વચ્ચેના સંબંધોનો સેતુ વધુ સુદ્રઢ બનાવવાની હિમાયત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે બ્રિટિશ હાઇકમિશનર સાથેની વાતચીતમાં કહ્યું કે, ભારત સરકારે યુ.કે સાથે સિક્યુરિટી, ડિફેન્સ, હેલ્થકેર સહિતનાં ક્ષેત્રોમાં ૧૦ વર્ષીય સહભાગિતાના રોડમેપ કંડારતા જે એમ.ઓ.યુ કર્યા છે તેમાં ગુજરાત કઈ રીતે યોગદાન આપી શકે તે અંગે તેઓ પણ વિસ્તૃત અભ્યાસ, વિચારણા કરાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે બ્રિટિશ હાઇકમિશનરશ્રીને ગુજરાત સોલાર એનર્જી સેક્ટરમાં અગ્રણી રાજ્ય છે તેની ભૂમિકા આપતાં જણાવ્યું હતું કે, બ્રિટિશ કંપનીઓ કલીન એનર્જી, ગ્રીન મોબિલિટી, ગ્રીન મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે ગ્રીન ટેકનોલોજી સોલ્યુશન્સ અને કલાયમેટ ફાઇનાન્સિંગમાં ભાગીદારી કરી શકે.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એમ પણ જણાવ્યું કે ઉચ્ચ અભ્યાસ માટે યુ.કે હંમેશા ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પસંદગીનું સ્થળ રહ્યું છે. એટલું જ નહિ, ગુજરાત-યુ.કેની યુનિવર્સિટીઓ, શિક્ષણ સંસ્થાઓ, ટેકનોલોજી, ટૂરિઝમ, મેનેજમેન્ટ, આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સના ક્ષેત્રોમાં અભ્યાસક્રમોની પરસ્પર સહભાગિતા પણ કરી શકે તેવી સંભાવનાઓ છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટિ પરિસરની મુલાકાત લેવા બ્રિટિશ હાઇકમિશનરને અનુરોધ કરતાં સૌના સાથ, સૌના વિકાસના મંત્રથી આત્મનિર્ભરતા સાથે ગ્લોબલી કેવો વિકાસ સાધી શકાય તે પણ અવશ્ય જાણવાનો અનુરોધ કરી બ્રિટિશ હાઇકમિશનરશ્રીને ''સ્ટેચ્યૂ ઓફ યુનિટિ''ની પ્રતિકૃતિ અને સમગ્ર સ્ટેચ્યૂ ઓફ યુનિટિ પરિસરની વિશેષતાઓ, પ્રવાસન સૌંદર્યનું નિરૂપણ કરતી પુસ્તિકા સ્મૃતિ ભેટ રૂપે અર્પણ કરી હતી.

જ્યારે બ્રાઝિલના ભારત સ્થિત રાજદૂત શ્રીયુત આન્દ્રે અરન્હા કોરિયા ડો લાગો સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત અને બ્રાઝિલ વચ્ચે મૂડીરોકાણો, વેપાર વાણિજયના સંબંધોને વધુ વ્યાપકપણે વિકસાવવામાં ગુજરાતની વિવિધ પૉલિસીઝ પ્રોત્સાહક બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨માં બ્રાઝિલ પણ જોડાય તેવું નિમંત્રણ પાઠવી તેમને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની પ્રતિકૃતિ બ્રાઝિલ રાજદૂતને સ્મૃતિચિહ્ન તરીકે અર્પણ કરી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતે ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક પાર્ક પૉલિસી-૨૦૨૧, ઇલેક્ટ્રિકલ વિહિકલ પૉલિસી-૨૦૨૧, સોલાર એનર્જી પૉલિસી તેમજ ઇન્ડસ્ટ્રિયલ પૉલિસી જેવી પ્રોત્સાહક પૉલિસીઝથી ગુજરાત પૉલિસી ડ્રીવન સ્ટેટ બન્યું



છે તેમ પણ જણાવ્યું હતું. બ્રાઝિલમાંથી મિનરલ્સ, ઓઇલ વગેરેની ભારતમાં આયાત થાય છે તેની પણ વિગતો આપી હતી. ઈથેનોલ ફ્યુઅલ વપરાશમાં બ્રાઝિલના અનુભવ જ્ઞાનનો સહયોગ ગુજરાતને મળે તે માટે પણ મુખ્યમંત્રીશ્રીએ ઉત્સુકતા દર્શાવી હતી. તેમણે બ્રાઝિલની ક્રાઈસ્ટરિડીમાની પ્રતિમા પણ આ સ્ટેચ્યૂ ઓફ યુનિટિના નિર્માણ માટેનું એક પ્રેરણાસ્રોત બની હોવાનું જણાવ્યું હતું.

બ્રાઝિલના રાજદૂત શ્રીયુત આંન્દ્રે અરન્હા કોરિયા ડૉ. લાગોએ મુખ્યમંત્રીશ્રીને કહ્યું કે, ગુજરાતે એનર્જી સેક્ટરમાં જે અગ્રેસરતા પ્રાપ્ત કરી છે તેમાંથી બ્રાઝિલને મોટી પ્રેરણા મળશે. તેમણે ઈથેનોલ ફ્યુઅલના ઉપયોગમાં બ્રાઝિલના ૫૦ વર્ષના વિશાળ અનુભવ અને વાહનોમાં ફ્યુઅલ તરીકે સફળ ઉપયોગ અંગે પણ મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત વિયેતનામના ભારત સ્થિત રાજદૂત-એમ્બેસેડર શ્રીયુત Pahm Snah Chauએ ગાંધીનગરમાં લીધી હતી. વિયેતનામ રાજદૂતે વ્યાપાર કુશળ ગુજરાતી સમુદાયો વિયેતનામ સાથે વેપાર-ઉદ્યોગમાં વધુ સહભાગી થાય તેવી અપેક્ષા દર્શાવી હતી. તેમણે કહ્યું હતું કે, ખાસ કરીને ટેક્સટાઈલ કેપિટલની ખ્યાતિ ગુજરાત ધરાવે છે ત્યારે યાર્ન, કોટન, ડાયની સમગ્ર સપ્લાય ચેઈન વિયેતનામ-ગુજરાત માટે સેતુરૂપ બની શકે તેમ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ક્ષેત્રો સહિત પણ વ્યાપારિક વાણિજ્યિક સંબંધો વધારવા અને એક્સપોર્ટ વધારવામાં ગુજરાત પૂર્ણ સહયોગ આપશે તેમ જણાવી આગામી વાઈબ્રન્ટ સમિટમાં વિયેતનામના વડાપ્રધાનશ્રી અને ઉચ્ચસ્તરીય ડેલિગેશન ભાગ લેવા આવે તે માટેનું નિમંત્રણ પાઠવ્યું હતું. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસના મંત્રના આગવા વિઝનથી વિશ્વના દેશો સાથે સફળતમ સંબંધો વિકસાવી રહ્યા છે તેની પણ ભૂમિકા આપી હતી.

વિયેતનામના રાજદૂતે પણ મુખ્યમંત્રીશ્રીને વિયેતનામ રાષ્ટ્રની મુલાકાતે આવવા આમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિયેતનામ રાજદૂતને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની પ્રતિકૃતિ સ્મૃતિ ભેટ રૂપે અર્પણ કરી હતી. ●

# ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શ્રી અરવિંદ કુમાર



ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયાધીશ શ્રી અરવિંદ કુમારને નિયુક્ત કરાવામાં આવ્યાં હતા. જેમને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

આ શપથ ગ્રહણ સમારોહમાં મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્ય, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, નર્મદા, જળ, સંપત્તિ અને મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી સહિતના રાજ્યમંત્રી પરિષદના સદસ્યો, ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશો, મુખ્ય સચિવશ્રી, વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ, વરિષ્ઠ સચિવશ્રીઓ સહિત અન્ય મહાનુભાવો, રાજ્ય સરકારના તથા ગુજરાત વડી અદાલતના ઉચ્ચાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ૪૮ કિલોમિટર લંબાઈના રૂ.૧૦૦૫ કરોડના ખર્ચે બનેલા તારાપુર - વાસદ છ માર્ગીય હાઇ-વેનું લોકાર્પણ



ગુજરાતમાં એર, રેલ અને રોડ કનેક્ટિવિટીનું સુદ્રઢ માળખું ઊભું કરવામાં આવ્યું છે. તેના કારણે ગુજરાતના વિકાસને નવી ગતિ અને નવા સીમાચિહ્નો મળ્યાં છે. રાજ્યમાં છેક નાના ગામથી માંડીને મોટાં શહેરોને ઉત્તમ પ્રકારના માર્ગોથી જોડવામાં આવ્યાં છે. આ બાબતની પ્રતીતિ તમે ગુજરાત બહાર જાઓ તો અથવા બહારના કોઈ ગુજરાતમાં આવે એટલે થયા વિના રહેતી નથી એમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી પટેલે નવલા નોરતાના પ્રથમ દિવસે બોચાસણની પાવન ભૂમિ ઉપરથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે અંતર ટૂંકું કરતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂા.૧૦૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત તારાપુરથી વાસદ ૪૮ કિલોમિટર લંબાઈના છ માર્ગીય હાઇ-વેનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં માર્ગ મકાન વિભાગ હસ્તકના રૂ.૨૦૬.૯૩ કરોડનાં વિવિધ ૬ કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં. હવે તારાપુરથી વાસદ માત્ર ૩૫ મિનિટમાં પહોંચી જવાશે.

રાજ્ય સરકાર સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસથી જનજનને સાથે રાખીને પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે. કોરોનાકાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રાને થંભવા દીધી નથી. ગુજરાતે કોરોનાકાળમાં સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરીને લોકોની તકલીફ હળવી કરવાના તમામ પ્રયત્નો કર્યા છે.

શ્રી પટેલે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, કોરોના કાળમાં સમગ્ર વિશ્વના અનેક વિકસિત દેશો પણ હતપ્રભ થઈ ગયા હતા, તેવા સમયે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિશાદર્શન કરીને કોરોનાની અસરો કેવી રીતે ખાળી શકાય તેવું કામ કરી બતાવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને શાસન થકી જનસેવા અને સમર્પણનાં ૨૦ વર્ષ પૂર્ણ થયાં છે. તેમણે ગુજરાતને દેશનું રોલ મોડેલ બનાવ્યું છે અને હવે સમગ્ર દેશની સેવા નિષ્ઠાપૂર્વક કરી દેશને એક નવી ઊંચાઇ તરફ લઈ જઈ રહ્યાં છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, અત્યાર સુધી જે કામોની અવગણના કરવામાં આવતી તેવાં જ કામોને અગ્રતા આપવામાં આવી છે. જેમાં સ્વચ્છતા અભિયાન, શૌચાલય, વીજળી, સિંચાઇ, ઉજ્જવલા યોજના જેવી યોજના થકી વડાપ્રધાનશ્રી સાચા અર્થમાં ગરીબોના હમદર્દ બન્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું, અમારી સરકારનું કોઈ કામ ચૂંટણીલક્ષી નથી હોતું. અમે પ્રજાની સમસ્યા અને તેમને પડતી મુશ્કેલીઓને ધ્યાને રાખીને મદદરૂપ થવાના સેવાભાવ સાથે વિકાસ કામો કરી રહ્યા છીએ. અમારી સરકારે છેવાડા અને નાનામાં નાની વ્યક્તિ સુધી પહોંચવામાં સફળતા મેળવી છે. અમારી સરકારનાં દ્વાર પ્રજાજનો માટે હંમેશાં ખુલ્લાં છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ કહ્યું કે, આ માર્ગની સમાંતર તારાપુર - બગોદરા - કડીનું કામ પણ ૧૦૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. તે પૂર્ણ થતાં પ્રવાસીઓને સારી સવલત મળશે. પહેલા એક જમાનો એવો હતો કે માર્ગો નહોતા. ગામડાઓમાં વીજળી નહોતી. પીવાના પાણીની કે આરોગ્યની સુવિધા નહોતી. પણ, લોકોની સમસ્યાઓને ધ્યાને રાખીને રાજ્ય સરકારે આ પાયાની ભૌતિક સુવિધાઓ આપીને જનવિશ્વાસ સંપાદિત કર્યો છે. આજે ગુજરાતનાં તમામ ગામો રોડ કનેક્ટિવિટીથી જોડાયા છે. તે બાબતે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સફળ નેતૃત્વ હેઠળ સરકાર સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રની નેમ સાથે ગુજરાત નિત નવી ક્ષિતિજ હાંસલ કરી રહ્યું છે. રાજ્ય સરકારે દરેક ક્ષેત્રને પ્રાધાન્ય આપ્યું છે. રોડ રસ્તા, માળખાગત સુવિધાઓ, માર્ગ સલામતી, મહિલા સશક્તિકરણ, બેટી બચાવો, આદિજાતિ વિકાસ, વાહન

વ્યવહાર વિકાસ, ઉદ્યોગ, કૃષિ, ગ્રામ વિકાસ અને સિંચાઇ, પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય વગેરે જેવા અનેકવિધ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. દરેક ક્ષેત્રના વિકાસને એક અભિયાન તરીકે લઇને તેને સંપૂર્ણ પણે સફળ કરવાની એક નૂતન પ્રણાલી ઊભી કરી છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, માર્ગો એ ગુજરાતના વિકાસની ધોરી નસ સમાન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનકાળના ૨૦ વર્ષ પૂર્ણ થવાની બાબતે શ્રી પટેલે કહ્યું કે, તેઓ ગુજરાતમાં રહ્યા અને ગુજરાતને સમગ્ર વિશ્વમાં નવી ઓળખાણ તથા પ્રતિષ્ઠા અપાવી છે અને ગુજરાતને દેશના વિકાસનું રોલ મોડેલ બનાવવાનું શ્રેય પણ તેમને જાય છે. કોરોનાકાળમાં શ્રી મોદીએ વિકાસની રફતાર થંભવા દીધી નથી.

સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે કહ્યું કે, સૌરાષ્ટ્રને દક્ષિણ ગુજરાત સાથે જોડતો આ અદ્યતન માર્ગ ઝડપી યાતાયાત માટે ખૂબ જ ઉપકારક પૂરવાર થશે. આ માર્ગનું કામ છેલ્લાં દસ વર્ષથી અટક્યું હતું. પરંતુ, ગુજરાત સરકાર અને તત્કાલીન નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના સક્રિય પ્રયાસોના કારણે આ માર્ગની કામગીરી ઝડપથી પૂર્ણ થઈ છે.





ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને શાસનનાં ૨૦ વર્ષ પૂર્ણ કરવા બદલ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

આ વેળાએ ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઈ, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પરમાર અને શ્રી મયુરભાઇ રાવલ સહિત અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## જામનગર મહાનગરને રૂ.100 કરોડનાં જનસુવિધા કાર્યોની ભેટ

જામનગર મહાનગરમાં બે રેલવે ઓવરબ્રિજ અને એક રેલવે અંડરબ્રિજનાં નિર્માણ કામો માટે કુલ ૧૦૦.૯૮ કરોડ રૂપિયાની મહાનગરપાલિકાની દરખાસ્તને રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ અંગેની રાજ્ય ફાળાની રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આપવામાં આવશે.

રાજ્યનાં નગરો-મહાનગરોમાં રેલવે ઓવરબ્રિજ-અંડરબ્રિજના નિર્માણ દ્વારા નાગરિકોને વાહન યાતાયાત અને અવર-જવરમાં સરળતા રહે તેમજ સમય અને ઈંધણની પણ બચત થાય તેવો ઉદાત આશય આવાં કામોને મંજૂરી આપવા પાછળ રાખવામાં આવેલો છે.

તદઅનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આ બે રેલવે ઓવરબ્રિજ અને એક રેલવે અંડરબ્રિજનાં જનસુવિધા વૃદ્ધિ કામોની ભેટ જામનગર મહાનગરને આપી છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ફાટકમુક્ત ગુજરાતની નેમને સાકાર કરતાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં સમગ્ર રાજયમાં રેલવે ઓવરબ્રિજ-રેલવે અંડરબ્રિજના કુલ ૨૯ પ્રોજેકટ માટે રૂ. ૮૩૦ કરોડની રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ગુજરાતનાં નગરો-મહાનગરોમાં આવા રેલવે ઓવરબ્રિજ-રેલવે અંડરબ્રિજનાં વિવિધ કામો માટે નગરપાલિકાઓ માટે કુલ ૭૮ કરોડ રૂપિયા તેમજ મહાનગરપાલિકાઓ માટે પણ ૭૮ કરોડ રૂપિયા મળી સમગ્રતયા ૧૫૬ કરોડ રૂપિયાની જોગવાઈ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે કરવામાં આવી છે.

# મોઢેરાની પુષ્પાવતી નદી પર નિર્મિત પુલનું લોકાર્પણ



મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે પુષ્પાવતી નદી પર નિર્મિત ચારમાર્ગીય પુલનો ઇ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. વિરમગામ - બેચરાજી - ચાણસ્મા રસ્તા ઉપર મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે પુષ્પાવતી નદી પર નિર્મિત ચારમાર્ગીય પુલનું ઇ-લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સંસદ સભ્ય શ્રીમતી શારદાબહેન પટેલે જણાવ્યું હતું કે, ૧૨૫૬ લાખના ખર્ચે નિર્મિત આ પુલથી મોઢેરાને સીધો ફાયદો થનાર છે. તેમણે ઉમેર્યું હતું તે મહેસાણા-પાટણ જિલ્લાને તેમજ મારુતિ ઔદ્યોગિક પ્રોજેક્ટ, બહુચરાજી યાત્રાધામ, મોઢેરા સૂર્યમંદિર તથા પાટણ જિલ્લાના ઐતિહાસિક રાણીની વાવને જોડતો અગત્યનો રસ્તો છે.

આ પ્રસંગે વર્ચ્યુઅલ માધ્યમથી માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

આ કાર્યક્રમમાં સંસદસભ્ય શ્રીમતી શારદાબહેન પટેલ, ધારાસભ્ય શ્રી કરશનભાઈ સોલંકી, પૂર્વ ગૃહમંત્રી શ્રી રજનીકાન્ત પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# કચ્છમાં વિવિધ માર્ગોનું નિર્માણ થશે

કચ્છ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના વિવિધ વિકાસ કામોનું ઇ-ખાતમુહૂર્ત કાર્યક્રમ મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઇ-ઉપસ્થિતિમાં તેમજ કાર્યક્રમ અધ્યક્ષ કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબહેન કારાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કચ્છમાં ગાંધીધામ ખાતે ૩૨ કરોડના ખર્ચે ફ્લાયઓવર તેમજ ભુજ-લખપત રોડના ૨૧ કરોડના ખર્ચે ૩૩ કિ.મિ., લખપત-કોટેશ્વર રોડના ૪.૨૬ કરોડના ખર્ચે ૮ કિ.મિ., તેરા-ભાચુંડા રોડના ૩.૧૮ કરોડના ખર્ચે ૧૦ કિ.મિ.ના રોડ રસ્તાના રિસરફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, ગાંધીધામની જનતાનું વર્ષોનું સ્વપ્ન સાકાર થવા જઇ રહ્યું છે. દેશને પ્રગતિની પરાકાષ્ઠાએ પહોંચાડવા વડાપ્રધાનશ્રીના આપણે આભારી છીએ તેવું ઉમેર્યું હતું.

આ તકે ગાંધીધામ ધારાસભ્ય શ્રી માલતીબહેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, ગાંધીધામમાં વિવિધ વિકાસલક્ષી કાર્યો થયાં છે. ટાગોર રોડ એ ગાંધીધામનો મુખ્ય માર્ગ છે ત્યારે ફોરલાઇન ફ્લાય ઓવરનું સર્જન થતાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ આવશે.

ઉલ્લેખનીય છે કે, મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તાજેતરમાં ગુજરાતમાં ૨૦૬ કરોડના ખર્ચે વિવિધ માર્ગ અને મકાન વિભાગના વિકાસલક્ષી કામોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદી ઈ-માધ્યમથી જોડાયા હતા.

આ પ્રસંગે અબડાસા ધારાસભ્ય શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, ગાંધીધામ નગરપતિ શ્રી ઈશિતાબેન ટિલવાણી તેમજ અન્ય અધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ અને ગાંધીધામના નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# મહાત્મા ગાંધીજીની ૧૫૨મી જયંતીએ સ્વચ્છતાના મંત્રને આત્મસાત્ કરી ગુજરાતે પૂજ્ય બાપુને આપી શ્રદ્ધાંજલિ



ન્યૂયોર્કમાં સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીની અંદર જે વાક્યો લખ્યાં છે એમાં એક વાક્ય મોહનદાસ કરમચંદ ગાંધીનું છે. દક્ષિણ આફ્રિકાના રેબન દ્વીપમાં કારાવાસ ભોગવનાર નેલ્સન મંડેલાએ વારંવાર કહ્યું છે કે એમને ટકાવી રાખનાર પ્રેરક બળનું નામ હતું ગાંધી. વીસમી સદીના મહાન વૈજ્ઞાનિક ડો. આલ્બર્ટ આઇન્સ્ટાઈને ગાંધીજીના 70મા જન્મદિને અંજલી આપી: આવનારી પેઢીઓ ભાગ્યે જ એ માની શકશે કે આવો કોઈ, માંસ અને રક્તનો બનેલો માણસ આ પૃથ્વી પર ચાલ્યો હશે.

ગાંધીજીની 152મી જયંતીની ઉજવણી સંદર્ભે આ અને આવી અનેક વાતોનું સ્મરણ થાય તે સ્વાભાવિક અને સ્વીકાર્ય છે.મહાત્મા ગાંધીજી વિશે અનેક લોકોએ લખ્યું છે અને કહ્યું છે.

આધુનિક જગતના કોઈ મહાપુરુષ વિશે વધુમાં વધુ પુસ્તકો લખાયાં હોય તો તે ગાંધીજી વિશે છે. આજથી સાડા પાંચ હજાર વર્ષ પહેલાં થયેલા મોહને મથુરા નગરી છોડી દ્વારકા નગરી વસાવી, જ્યારે આધુનિક જગતના મોહને પોરબંદર છોડી સાબરમતી નદીના કિનારે આશ્રમ સ્થાપી આઝાદીની આહલેક જગાવી. એકે મહાન ચક્ર ધારણ કર્યું જ્યારે પોરબંદરના મોહન ચરખાથી સ્વાવલંબનના પાઠ ભણાવ્યા.

પોરબંદરના મોહનની દોઢસોમી જયંતીની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની અને માર્ગદર્શન હેઠળ દેશભરમાં અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. એટલું જ નહીં આઝાદી કા અમૃત મહોત્સવની શરૂઆત પણ ઐતિહાસિક દાંડી કૂચના દિવસથી કરવામાં આવી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધી જન્મભૂમિ પોરબંદરમાં મહાત્મા ગાંધીના જન્મ સ્થળ કીર્તિ મંદિર ખાતે પૂજ્ય બાપુની જયંતીએ સર્વ ધર્મ પ્રાર્થના સભામાં સહભાગી થઈ વિશ્વ વિભૂતિ મહાત્મા ગાંધીને શ્રદ્ધા સુમન પુષ્પાંજલિ અર્પણ કરી ત્યારે સમગ્ર વાતાવરણમાં ગાંધીજીના વિચારોની સુવાસ ચોમેર પ્રસરી હોવાની અનુભૂતિ જનજનને થઈ.

સર્વ ધર્મ પ્રાર્થના સભામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધી વંદના કરતા જણાવ્યું હતું કે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો ગાંધીજીનો મંત્ર દેશભરમાં સાકાર કરી ક્લીન ઈન્ડિયા મૂવમેન્ટ અને સ્વચ્છ ભારત 2.0 તેમજ અમૃત મિશન 2.0નો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રારંભ કરાવ્યો છે. અમૃત મિશન૨.૦ અને સ્વચ્છ ભારત મિશન-૨નો જે શુભારંભ થયો છે તેમાં સ્વચ્છતા અને જળશક્તિના કામો - સાતત્યપૂર્ણ વિકાસ થકી ગુજરાત અગ્રેસર રહીને ગાંધીનું આ ગુજરાત નવી ઊંચાઈ સિદ્ધ કરશે.

ગાંધીજીના ગ્રામોત્થાન-સ્વચ્છતાં મંત્ર સાર્થક કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્વરાજથી સુરાજ્યની



### ગાંધી જયંતી અવસરે શ્રદ્ધાસુમન અર્પણ કરતા રાજ્યપાલશ્રી

*ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે મહાત્મા ગાંધીજીની જયંતી અવસરે પૂ. બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીએ દેશની આઝાદી માટે સત્ય અને અહિંસાના માર્ગ પર વિશ્વકલ્યાણ અને વિશ્વબંધુત્વના સંદેશ દ્વારા દેશના નાગરિકોને પ્રેરિત કર્યાં હતા.* ●



## મુખ્યમંત્રીશ્રીએ ખાદીની ખરીદી કરી

*મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીજયંતી અવસરે ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરની મુલાકાત દરમ્યાન પ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા પ્રેરિત સાંદિપની ગુરુકુળ સંકુલની મુલાકાત લીધી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પૂજ્ય ભાઈએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું અને આ ગુરુકુળમાં ચાલતી વિવિધ વિદ્યા સંસ્કાર પ્રવૃતિઓથી વાકેફ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી અને પૂજ્ય ભાઈ સહિતના મહાનુભાવોએ ગુરુકુળમાં દર્શન અર્ચન પણ કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધી જયંતી અવસરે ગાંધી જન્મભૂમિ પોરબંદરની મુલાકાત દરમ્યાન ખાદી હાટમાં જઈને ખાદીની ખરીદી કરી હતી.*

સંકલ્પ સિદ્ધિ ગુજરાતના સંદર્ભમાં વર્ણવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સર્વ સમાવેશક વિકાસયાત્રા આગળ ધપાવતા ગુજરાતમાં 'સ્વચ્છ ભારત મિશન ફેઝ-2' અંતર્ગત સસ્ટેઇનેબલ સેનિટેશન, ટ્રીટમેન્ટ ઓફ વેસ્ટ વોટર, સસ્ટેઇનેબલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, કેપેસિટી બિલ્ડિંગ તેમજ સ્વચ્છતાને સહજ સ્વભાવ બનાવી એક જનઆંદોલનના રૂપમાં વિસ્તારવા આવી રહ્યું છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આહ્વાન કર્યું કે રાજ્યના હરેક નાગરિકે સ્વચ્છતાને સહજ સ્વભાવ બનાવી સ્વચ્છ ભારત અભિયાનના બીજા તબક્કામાં પણ ગુજરાતને આપણે અગ્રેસર રાખીએ.

ક્લિન ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ રાજ્યનાં દરેક ગામ, નગર અને શહેરમાં ૩૧ ઓક્ટોબર સુધી 'સ્વચ્છ ભારત - સુંદર ભારત' અમૃત ૨.૦ અંતર્ગત ૩૧ અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામો અને રાજ્યનાં તમામ શહેરોમાં પાણી પુરવઠાનાં કામો થશે.

અમૃત ૨.૦ મિશન' હેઠળ તમામ અર્બન લોકલ બોડી (શહેરી સત્તામંડળ) અંતર્ગત આવતાં ઘરોને નળથી પાણી આપવા, ૩૧ અમૃત શહેરોમાં ઘરોને સુએજ-સેપ્ટેજ કનેક્શન આપવા, જળાશય અને કૂવાઓનો જીર્ણોદ્ધાર ઉપરાંત વોટર સિક્યુરિટી, અર્બન પ્લાનિંગ અને માર્કેટ ફાઈનાન્સ મોબિલાઈઝેશન જેવા રિફોર્મ કરવામાં આવશે.

અમૃત મિશન અંતર્ગત પ્રથમ તબક્કામાં ગુજરાતે દેશભરમાં ત્રીજા સ્થાન પર રહીને 2800 કરોડ રૂપિયાના ખર્ચે મહત્ત્વપૂર્ણ 305 કામો પૂર્ણ કર્યાં છે. 31 શહેરમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા

માટે ૯૫ કામો પૂર્ણ કર્યા છે. આ કામોના ફળસ્વરૂપે એક લાખ સિત્તેર હજાર ઘરોમાં કનેક્શન પૂરાં પાડ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પ્રથમ તબક્કામાં 'સ્વચ્છ ભારત મિશન' અને 'અમૃત મિશન'ને જ્વલંત સફળતા પ્રાપ્ત થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ઉમેર્યું હતું કે ગાંધીજીના સ્વચ્છતાના વિચારો આજના પરિપ્રેક્ષ્યમાં એટલા જ રિલેવન્ટ છે. એટલું જ નહીં, યુવા પેઢીને આવનારી પેઢીને ગાંધી આચાર-વિચાર શાશ્વત મૂલ્યો આત્મસાત્ કરવાની પ્રેરણા આપતો આ દિવસ છે. ગાંધીજીએ ગ્રામીણ ઉત્થાન, અંત્યોદય વિકાસ અને અસ્પૃશ્યતા નિવારણનાં જે કાર્યો ઉપાડેલા તે આજે સમરસ સમાજ અને સૌના સાથ સૌના વિકાસની નેમથી આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ સાકાર કરે છે. ગાંધીજીના સ્વચ્છતાના મંત્રને



વડાપ્રધાનશ્રીએ એક સામાજિક અભિયાન તરીકે ઉપાડીને દેશભરમાં જાગૃતતા લાવવાનું કામ હાથ ધર્યુ, તે જોતજોતામાં વિરાટ જન અભિયાન બન્યું છે.

ગુજરાતના સપૂત નરેન્દ્રભાઈએ બરાબર સાત વર્ષ પહેલાં ગાંધીજીના જન્મદિન-૨ ઓક્ટોબર, ૨૦૧૪ના દિવસે રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન છેડીને સ્વચ્છતાનો સંદેશ જનજન સુધી પહોંચાડ્યો હતો. મહાત્મા ગાંધીએ સ્વરાજ્ય અપાવ્યું-ગ્રામોત્થાન માટે દરિદ્રનારાયણના ઉત્થાન માટે આપણને માર્ગ ચીંધ્યો. તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ સુરાજ્યની યાત્રા આરંભી છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે અહિંસાના પૂજારી પૂજ્ય બાપુ કહેતા કે પ્રાર્થના જ આ દુનિયાની સૌથી મોટી શક્તિ

## પોરબંદરમાં 'ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ'નું લોકાર્પણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધી જયંતી અવસરે પોરબંદરની ભૂમિ પર રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા ખાતા દ્વારા ૪ કરોડ ૨૬ લાખના ખર્ચે નિર્માણ થયેલા 'ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ'ના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કર્યું હતું.

રાજ્ય સરકાર અનાથ, નિરાધાર, પરિવારથી વિખૂટા પડેલાં બાળકો, મા-બાપથી વિખૂટાં પડેલાં બાળકો, બાળ મજૂરીમાંથી મુક્ત કરાયેલાં બાળકો, ભિક્ષા માંગતાં બાળકો, માનસિક બીમાર, માતા-પિતા કાળજી લેવા સક્ષમ ન હોય, ઘર છોડીને આવેલા, જાતીય શોષણનો ભોગ બનેલાં, જે બાળકનો વાલી ન હોય તેવાં બાળકો માટે સમગ્ર રાજ્યમાં ચિલ્ડ્રન હોમના નિર્માણથી આવાં બાળકોની સાર સંભાળ અને સમાજમાં પુનઃસ્થાપનની કામગીરી કરતી રહે છે.

રાજ્યભરમાં સરકાર દ્વારા ૩૧ સરકારી, ૨૮ ગ્રાન્ટ ઈન એઈડ તેમજ ૫૦ સ્વભંડોળથી ચાલતા ચિલ્ડ્રન હોમની સ્થાપના કરવામાં આવી છે. જેમાં અત્યારે રાજ્યના આવાં બાળ સંભાળ ગૃહમાં ૧૬૦૮ બાળકો નિવાસ કરી રહ્યા છે.

પોરબંદરના આ નવનિર્મિત ચિલ્ડ્રન હોમમાં ૫૦ બાળકોને આશ્રય આપવામાં આવશે. આ ચિલ્ડ્રન હોમના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૫૦૦૦ ચોરસ મીટર જમીન પર આકાર પામ્યું છે. અત્યાધુનિક સુવિધાયુક્ત ચિલ્ડ્રન હોમમાં કમ્પ્યૂટર ક્લાસ તેમજ બાળકોના મનોરંજન માટે ટી.વી, રમત-ગમતનાં સાધનો, લાઈબ્રેરી, કિચન, ભોજન ખંડ, કાઉન્સેલિંગ રૂમ, વોટર કુલર, સીસીટીવી કેમેરા અને ફાયર સેફટીની સુવિધાઓ રાખવામાં આવી છે.





## ગુજરાત વિધાનસભામાં ગાંધીજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ

સત્ય, અહિંસા, પ્રેમ અને કરુણાને વરેલા તથા અંત્યજોના ઉદ્ધારક, અસ્પૃશ્યતા નિવારક, નશાબંધી, સ્વાવલંબન અને સ્વદેશીનો વંટોળ ઊભો કરનાર મહાપુરુષ અને ગ્રામોદ્ધારક પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૨મી જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્ય અને ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ ભરવાડ દ્વારા વિધાનસભા પટાંગણમાં આવેલી પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને અને વિધાનસભા ગૃહ ખાતે પૂજ્ય ગાંધીજીના તૈલચિત્રને પુષ્પાંજલિ આપીને શ્રદ્ધાસુમન અર્પણ કરાયાં હતાં.



ગુજરાત વિધાનસભા અધ્યક્ષા ડૉ.નીમાબહેન આચાર્યએ કહ્યું હતું કે ગાંધીજીના જીવન સંદેશને આપણે સૌએ આત્મસાત્ કરવો જોઈએ અને તેમણે આપેલા જીવન સૂત્રોમાંથી પ્રેરણા લઈ તે વિશ્વમાં આપણે સૌએ જીવન જીવવું જોઈએ. પૂજ્ય ગાંધીજી સત્યના આગ્રહી અને સ્વચ્છતાના હિમાયતી હતા. તેઓ જીવનભર સ્વદેશીના આગ્રહી રહ્યા છે ત્યારે ભારત દેશે પણ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને મેક ઈન ઈન્ડિયા થકી પૂજ્ય બાપુના સ્વદેશી સંકલ્પને ચરિતાર્થ કર્યો છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વદેશી ચીજવસ્તુ અપનાવવાના તથા સ્વચ્છતાના મંત્રને સાકાર કરી સમગ્ર રાષ્ટ્ર આજે ખરા અર્થમાં તેમની જયંતીની ઉજવણી કરી રહ્યું છે.

આ કાર્યક્રમમાં મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, શ્રી આર. સી.મકવાણા, ગુજરાત વિધાનસભાના પૂર્વ ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના સચિવ શ્રી ડી. એમ. પટેલ, ઉચ્ચ અધિકારી/ કર્મચારીઓએ ઉપસ્થિત રહીને પૂજ્ય મહાત્મા ગાંધીજીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના જીવનના આઝાદી સમયના પ્રેરણાદાયી સંસ્મરણો યાદ કર્યાં હતાં. ●

છે. ગાંધીજી પોતે પણ આજીવન પ્રાર્થનામાં વિશ્વાસ ધરાવતા હતા. પ્રાર્થનાના માધ્યમથી ગાંધી વિચારને, ગાંધીજીની ભાવનાને હૃદયમાં ઉતારવાનો આ ગાંધી જયંતી એક અવસર છે.

સુદામાપુરી પોરબંદરમાં જન્મેલા ગાંધી આજે પણ વિશ્વભરમાં પ્રસ્તુત છે તેની પ્રતીતિ પોરબંદરમાં મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ કીર્તિમંદિરની મુલાકાતે દર વર્ષે લાખો પ્રવાસીઓ દેશ-વિદેશમાંથી આવી રહ્યા છે તેનાથી થાય છે. પ્રવાસીઓને કીર્તિ મંદિર વિશેની માહિતી ઓનલાઈન મળી રહે તે માટે કીર્તિ મંદિરની વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી છે.

સામાન્ય જનતાને જનતા જનાર્દન રૂપી સાચી ઓળખ આપવાની અદભુત ક્ષમતા ગાંધીજી પાસે હતી. આઝાદીનું આંદોલન જનસમાજની સક્રિય ભૂમિકા વિના સફળ થઈ શકે નહીં એ હકીકતથી ગાંધીજી સુપેરે પરિચિત હતા. તેથી એમણે આઝાદી આંદોલનના એકે એક અભિયાન પાછળ જનશકિતને જોડી જુલ્મો-અત્યાચારો સામે પણ અડીખમ રહેવાની આંતરઊર્જા યુવાનો-મહિલા-આબાલવૃદ્ધ સૌમાં એમણે જગાવી હતી. મહાત્મા ગાંધી આજીવન સ્વચ્છતાના ચુસ્ત આગ્રહી-હિમાયતી રહ્યા હતા.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ગાંધીજીને શ્રદ્ધાસુમન અર્પણ કરતા કહ્યું કે ગાંધીજીના જીવનમાંથી આપણને પ્રેરણા મળે છે. મંત્રીશ્રીએ ગાંધીજીના અહિંસાના માર્ગે ન્યાય અપાવવાના ગાંધીજીના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરીને ગાંધી વિચારધારા આત્મસાત્ કરવા જણાવ્યું હતું. પ્રાર્થના સભામાં ઉપસ્થિત ભાગવતાચાર્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે, સત્યાગ્રહ એટલે હડતાલ નહીં પરંતુ સત્યનો સાચા અર્થમાં આગ્રહ. મન વચન કર્મ ભાવથી કઈ રીતે ઈશ્વર સ્વરૂપ સત્યને આત્મસાત્ કરી શકાય તેની પ્રેરણા આપણને ગાંધીજીમાંથી મળે છે.


આ તકે મુખ્યમંત્રીશ્રીએ કીર્તિમંદિરમાં ગાંધી સ્મૃતિ ઘર, ચરખા પોઈન્ટની પણ મુલાકાત લીધી હતી. પોરબંદરના કલેકટર શ્રી અશોક શર્મા લિખિત પુસ્તક મોહન સે મોહનનું પણ વિમોચન કર્યું હતું.

પોરબંદરની સરકારી શાળાના શિક્ષકો - કલાકારોએ ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને કહીએ' તેમ જ વિવિધ પ્રાર્થના ભાવમય રીતે રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ હવેલી મંદિરના પણ દર્શન કર્યા હતા. ક્લિન ઈન્ડિયા અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ પોરબંદરથી સ્વચ્છતા રેલીને પણ પ્રસ્થાન કરાવ્યું હતું.

સર્વ ધર્મ પ્રાર્થના સભામાં સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુબહેન કારાવદરા, નગરપાલિકાના પ્રમુખ સરજુભાઈ કારીયા, કલેકટર શ્રી અશોક શર્મા તેમજ રેન્જ આઈજી સહિતના અધિકારીઓ અને અગ્રણીઓ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# વિશ્વભરના ઉદ્યોગ-વેપાર રોકાણકારોને ગુજરાતમાં રોકાણ માટે આહવાન





ગુજરાતની ચર્ચા અને તુલના વિશ્વના વિકસિત દેશો સાથે થાય છે. દેશનું સૌથી વધુ વિદેશી મૂડીરોકાણ એટલે કે ૩૭ ટકા FDI એકલા ગુજરાતે મેળવ્યું છે. એન્જિનિયરિંગ, ઓટો પાર્ટ્સ, ટેક્સટાઇલ, ફાર્માસ્યુટિકલ, કેમિકલ તથા જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્રોમાં ગુજરાત અગ્રિમ છે. ૧૬૦૦ કિ.મિ.નો વિશાળ દરિયા કિનારો ધરાવતું ગુજરાત એક મેજર અને ૪૮ નોન-મેજર પોર્ટને કારણે મિડલ ઇસ્ટ, આફ્રિકા અને યુરોપ સાથેના સામુદ્રિક વ્યાપારનું ગેટ-વે બન્યું છે. ગુજરાત બેસ્ટ ચોઇસ ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે તેમાં સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનનો ફાળો પણ મહત્ત્વનો બની રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દુબઇમાં યોજાઇ રહેલા દુબઇ એક્સપો -૨૦૨૦માં ઇન્ડિયા પેવેલિયન ખાતે આયોજિત સ્પેશ્યલ સેશન 'ધોલેરા પાયોનિયરિંગ સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઇન ઇન્ડિયા'માં વીડિયો કોન્ફરન્સથી સંબોધન કર્યુ હતું.જેમાં વિશ્વભરના વેપાર ઉદ્યોગકારો, રોકાણકારોને ગુજરાતમાં પોતાનો વેપાર કારોબાર વિસ્તારવા અને ગ્લોબલ બિઝનેસ ડેવલપમેન્ટમાં જોડાવા આહ્વાન કર્યુ હતું.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ધોલેરા SIR ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ ૯૨૦ સ્કવેર કિલોમિટરના વિશાળ વિસ્તાર, DMIC સાથેના જોડાણ તેમજ નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી સાથે સ્ટેટ ઓફ ધી આર્ટ ફેસેલિટિઝ સાથેનું વેલ પ્લાન્ડ સિટી બનવાનું છે તેની વિશેષતાઓનું વિવરણ કર્યુ હતું.

ધોલેરા SIRમાં એરોસ્પેસ, ડિફેન્સ, એન્જિનિયરિંગ, આઇ.ટી, ઇલેક્ટ્રોનિક તથા રિન્યૂએબલ એનર્જી સહિતના ક્ષેત્રોનું પોટેન્શ્યલ રહેલું છે.અત્યારે નેશનલ અને સ્ટેટ હાઇવે સાથે જોડાયેલું ધોલેરા નજીકના ભવિષ્યમાં અમદાવાદ સાથે એક્સપ્રેસ વે સાથે પણ જોડાઇ જશે તેની છણાવટ કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ધોલેરામાં વિશાળ ઇન્ટરનેશનલ એરપોર્ટનું કામ પણ શરૂ થયું છે.


મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વૈશ્વિક ઔદ્યોગિક વિકાસના નવા યુગ, નવા એરાની શરૂઆત આ ધોલેરા SIRથી થઈ રહી છે તેનું ગૌરવ કરતાં કહ્યું કે, ધોલેરા એટલા માટે જ અ ન્યૂ એરા કહેવાયું છે.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આગામી વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૨માં યુ.એ.ઇ.ના વેપાર-ઉદ્યોગ સાહસિકોને જોડાવાનું આમંત્રણ પણ પાઠવ્યું હતુ. આ વિશેષ સત્રમાં દુબઇના પ્રતિષ્ઠિત શરાફ ગ્રૂપના વાઇસ ચેરમેન શૈફુદીન શરાફ, દુબઇ ખાતેના ભારતના કોન્સ્યુલ જનરલ શ્રી અમન પૂરી, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ચેરમેન સંજીવ ગુપ્તા વગેરેએ પણ ભારતના વિકાસમાં ગુજરાતની અગ્રેસરતાની પ્રસંશા કરી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથે ગાંધીનગરથી મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સિચવ શ્રી પંકજ જોષી અને ઉદ્યોગ કમિશનર રાહૂલ ગુપ્તા જોડાયા હતા. ધોલેરા ઇન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના એમ.ડી. હારિત શુક્લાએ આ વિશેષ સેશનનો હેતુ સ્પષ્ટ કરી સૌને આવકાર્યા હતા. ●

# માળખાકીય સુવિધાનો વિકાસ-પ્રગતિની પારાશીશી

કોઈપણ દેશ, રાજ્ય, ક્ષેત્ર, પ્રદેશ, શહેર કે ગામ હોય તેના વિકાસના પાયામાં માળખાગત સુવિધા પ્રમુખસ્થાને હોય છે. માળખાકીય સુવિધાનો વિકાસ જે તે દેશ,પ્રદેશની પ્રગતિની પારાશીશી છે. ગામડાને શહેર સાથે જોડતા માર્ગો અને તેના વિકાસની સાથેસાથે લોકોનાં ઘરનું ઘરના સ્વપ્નને સાકાર કરવામાં રાજ્ય સરકાર નિમિત્ત બની રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કામ કરી રહેલી ગુજરાત સરકારે સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રની નેમ સાથે નિત નવી ક્ષિતિજ પ્રાપ્ત કરી છે. ગુજરાત સરકારે દરેક ક્ષેત્રને પ્રાધાન્ય આપ્યું છે. રોડ રસ્તા, માળખાગત સુવિધાઓ, માર્ગ સલામતી, મહિલા સશક્તીકરણ, બેટી બચાવો, આદિજાતિ ક્ષેત્રે વિકાસ, વાહન વ્યહાર ક્ષેત્રે વિકાસ, ઉદ્યોગક્ષેત્રે, કૃષિ, ગ્રામ વિકાસ અને સિંચાઇ, પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય વગેરે જેવા અનેકવિધ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. દરેક ક્ષેત્રના વિકાસને એક અભિયાન તરીકે લઈને તેને સંપૂર્ણ પણે સફળ કરવાની એક પ્રણાલી રહેલી છે.



ગુજરાતની વિકાસગાથા ઉપર નજર કરતાં વિવિધ ક્ષેત્રોમાં થયેલાં કાર્યોની વાત કરીએ તો ગુજરાતમાં ૧,૨૩,૯૮૨ લાખ કિલોમિટર રોડ નેકવર્કની મરામત જાળવણી અને સુધારણાની કામગીરી ઉપરાંત ૧,૨૪,૦૩,૨૧૯ ચો.મી ક્ષેત્રફળના રહેણાક અને બિનરહેણાક મકાનોની મરામત અને નિભાવણીની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

રાજયમાં હાઈવે, મુખ્ય જિલ્લામાર્ગો, ગ્રામ્ય માર્ગો, કાચા રસ્તાથી પાકા ડામર રસ્તા, ફલાયઓવર/અંડરપાસ, રેલવે ઓવરબ્રિજ વગેરેનાં કામો માટે રૂા.૫૮૨૯૯ કરોડનાં ૨૯૦૭૩ કામો મંજૂર કરવામાં આવ્યાં છે. જેમાં પૈકી રૂા.૨૬૦૪૭ કરોડનાં ૧૮૦૭૨ કામો પૂર્ણ કર્યાં છે. રૂા.૧૯૪૦૦ કરોડનાં ૩૮૪૭ કામો પ્રગતિ હેઠળ છે.

રાજયમાં મુખ્યમંત્રી ગ્રામસડક યોજના હેઠળ ૩૪૦૦૦થી વધુ ગામો-પરાઓના કાચા રસ્તાને ડામરયુક્ત કરવાનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે. તેમજ આદિજાતિ વિસ્તારમાં રૂા.૧૮૫૦૨ કરોડના ખર્ચે ૫૫૭૫૭ કિ.મિ. લંબાઈના કુલ ૨૧૭૧૫ રસ્તાઓ કાચામાંથી ડામર રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યાં છે. તે પૈકી ૧૨૭૫૪ રસ્તાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. કોઝ-વે તેમજ ૧૫૨૦ કરોડના ખર્ચે સાંકડા પૂલો, બારમાસી નાળાં પ્રકારનાં ૧૨૭૮ કામોની મંજૂરી આપવામાં આવી છે તે પૈકી ૭૮૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

ફાટક મુક્ત અભિયાન અંતર્ગત રૂા. ૯૧૬૩ કરોડના ખર્ચે ૨૦૦ રેલવે ક્રોસિંગ ઉપર રેલવે ઓવર બ્રિજનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી ૨૭ રેલવે ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે અને ૬૫ રેલવેબ્રિજની કામગીરી પ્રગતિ હેઠળ છે.


ચારમાર્ગીય રસ્તાની વાત કરીએ તો, રૂા.૬૫૨૪ કરોડના ખર્ચે ૧૮૦૨ કિલોમિટર લંબાઈના રસ્તા મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૦૧૭ કિલોમિટર રસ્તાનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. અને ૭૮૫ કિલોમિટરના રસ્તાનું કામ પ્રગતિ હેઠળ છે. રૂ. ૨૬૧૪ કરોડના ખર્ચે કુલ ૧૩૫ પૂલો મંજૂર કરી દેવામાં આવ્યા છે. જે પૈકી ૬૮ મોટા પૂલોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. અને ૫૨ પૂલોનાં બાંધકામ પ્રગતિ હેઠળ છે.

જિલ્લા અને તાલુકા મથકોની સરકારી કચેરીઓ માટે રૂા.૪૬૩ કરોડના ખર્ચે કુલ ૬ જિલ્લા સેવાસદન અને ૩૧ તાલુકા સેવા સદનનું નિર્માણ કાર્ય કરવામાં આવ્યું છે. તેમજ રહેણાક અને બિન રહેણાક હેતુ માટેના અલગ-અલગ વિભાગો માટે રૂા. ૫૨૯૮ કરોડના ખર્ચે કુલ ૧૦૬૯ મકાનો નિર્માણ કરવામાં આવ્યાં છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ પણ વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત દ્વારા જનહિતનાં કાર્યોને આગળ ધપાવી રહ્યા છે. તાજેતરમાં તેમણે મધ્યગુજરાત, દક્ષિણ ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતા રૂા.૧૦૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત છ માર્ગીય તારાપુરથી વાસદના ૪૮ કિલોમિટરના હાઈવેનું લોકાર્પણ કર્યું. આ માર્ગ વિકાસની ધોરી નસ સમાન બની રહેશે તેમાં કોઈ બેમત નથી. આ પ્રસંગે તારાપુર-વાસદ છમાર્ગીય રસ્તાની વિશેષતાઓની વાત કરીએ તો, તે સૌરાષ્ટ્રને દક્ષિણ ગુજરાતને જોડતો સૌથી ટૂંકો અને વ્યૂહાત્મક રીતે સૌથી અગત્યનો માર્ગ છે. અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે અને અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવેને જોડતી કડી છે. ધોલેરા સર(SIR) અને ધોલેરા એરપોર્ટ તથા સૌરાષ્ટ્ર  અને કચ્છના બંદરોને ટૂંકી અને ઝડપી પરિવહનની વ્યવસ્થા પૂરી પાડે છે. જેના પરથી દૈનિક અંદાજે ૫૫૦૦ કાર /જીપ જેવા પેસેન્જર વાહનો, ૭૦૦ જેટલી બસો થકી દૈનિક ૭૦,૦૦૦ જેટલાં મુસાફરો તેમજ ૮૦,૦૦૦ જેટલા માલવાહક વાહનો પસાર થાય છે.

આમ, ગુજરાતના વિકાસની ગાડી એક્સપ્રેસ-વે ઉપર ફૂલસ્પીડ પર દોડી રહી છે. ગુજરાતનો ચોતરફી વિકાસ દેશની આર્થિક ઉન્નતિમાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યો છે. ●









## ઐતિહાસિક, ધાર્મિક, સાંસ્કૃતિક, વૈવિધ્યથી સમૃદ્ધ

# જૂનાગઢ જિલ્લો

અર્જૂન પરમાર - ક્રિષ્ના સિસોદિયા

સૌરાષ્ટ્રની ધરતીને સંત, શૂરવીર અને દાતાઓની ભૂમિ માનવામાં આવે છે.જૂનાગઢ સહિતનો સોરઠ વિસ્તાર સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે યશકલગી સમાન છે. ગીરના જંગલમાં સિંહની ગર્જના અહીંના વિશાળ પ્રાકૃતિક વારસાનો વૈભવ છે, પ્રભાતે ગૂંજતાં, આધ્ય કવિ નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં આપણા ગુજરાતી લોકસાહિત્યનો લોક વૈભવ છે, તો સતી રાણકદેવીની ગાથા આપણી સમક્ષ નારી ચેતનાનું ઉત્તમ ઉદાહરણ છે. અહીંની ધરતીએ રા'નવઘણ જેવા અનેક શૂરવીરો આપ્યા છે. જૂનાગઢ જિલ્લો પ્રવાસન અને તીર્થ સ્થળોની બાબતોમાં જંગલની વનરાઇઓ સાથે સમૃદ્ધ છે. કુદરતે જૂનાગઢ જિલ્લાને દુર્લભ વન્ય જીવસૃષ્ટિ પણ આપી છે. ગિરનાર શ્રદ્ધાનું કેન્દ્ર છે, તો ઉપરકોટ અને મકબરા ઐતિહાસિક ધરોહર વિરાસત છે. ભવનાથ, ગિરનારનાં મંદિરો, અને સાંસ્કૃતિક વિરાસત ધરાવતાં અનેક સ્થળો છે. ગીરની વનરાઇઓ, ગિરનારની ગિરિકંદરાઓ, ચોરવાડ જેવા વિહારધામો પણ છે.

અઢી હજાર વર્ષ સુધી જે નગરનો ઇતિહાસ સળંગ મળતો હોય તેવાં નગરો બહુ થોડાં છે. તેમાં પણ આટલો વિગતપૂર્ણ ઇતિહાસ કોઇ નગરોમાં મળતો નથી. જૂનાગઢનો છે. અઢી હજાર વર્ષ પૂર્વેનો ઇતિહાસ તે સમયની શાખ પૂરતો અશોક શિલાલેખ ગિરિનગરની આ ધર્મ લિપિમાં ગુજરાતી સંસ્કારને ઘડનારૂં સૌપ્રથમ ઇતિહાસ સિદ્ધ બળ છે.

દસ તાલુકા સાથે વિશાળ ભૌગોલિક વિસ્તાર ધરાવતો જૂનાગઢ જિલ્લો અનેકવિધ વિશેષતાથી સમૃદ્ધ છે. એશિયાટિક લાયન માટેનું એક માત્ર નિવાસસ્થાન ધરાવતું ગીરનું અડાબીડ જંગલ, આભને આંબતા ગિરનાર પર્વત સાથે સમૃદ્ધ ખેતીએ આ જિલ્લાની આગવી ઓળખ અને તાસીર છે. જૂનાગઢ જિલ્લાનો ઇતિહાસ આરઝી હુકુમતની લડાઇ બાદ જૂનાગઢ ભારતમાં જોડાયું હતું. નવાબી શાસનને લીધે જૂનાગઢને ત્રણ મહિના મોડી આઝાદી મળી હતી.

### જોવાલાયક યાત્રા-સ્થળો

નરસૈંયાની નગરી જૂનાગઢ હવે ઐતિહાસિક, ધાર્મિક મહત્ત્વ ધરાવતું નવાબી શહેર હંમેશાં પ્રવાસીઓ-યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. જૂનાગઢના કાંગરે-કાંગરે ઇતિહાસ કંડારાયેલો છે. આપણે જૂનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોથી શરૂઆત કરીએ.

### ગિરનાર રોપ-વે બનાવી રહ્યું છે જૂનાગઢને પ્રવાસનનું હબ

જૂનાગઢને કુદરતે અમૂલ્ય ખજાનો પ્રકૃતિરૂપે આપ્યો છે. આ ગરિમાને ભારતના પૌરાણિક કાળના ભારત સમ્રાટ અશોકે પારખી હતી એટલે જ તેણે ગિરિનગરને ગુજરાત-ગુર્જરને પ્રવેશની રાજધાની તરીકે પસંદ કર્યું હતું. જાજરમાન જૂનાગઢનું મોરપિચ્છ કહો કે...સરોવર, ..તળેટી કહો કે આભને આંબતો અલખનો ધૂણો, યુગોથી ભારતની સનાતન સાંસ્કૃતિનો રખેવાળ કહો કે પાવન ભૂમિનો પરમાર્થ....આ બધું ગરવા ગિરનારમાં સિદ્ધ થઇ જાય છે. ગિરનાર સહિત જૂનાગઢની ઐતિહાસિક વિરાસતને યાત્રિકો-શ્રદ્ધાળુઓ

જુએ, માણે અને જૂનાગઢમાં વિહરે તેવા હેતુએ ગિરનાર રોપ-વે શરૂ કરાયો છે. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજથી જૂનાગઢે એશિયાનો સૌથી ઊંચો-મોટો રોપ-વે ધરાવતા શહેરની નવી ઓળખી પ્રસ્થાપિત કરી.સાથે સાથે પ્રવાસીઓને આકર્ષતી નવી કડીના અનુસંધાન સાથે નવા જૂનાગઢનો પાયો નંખાયો. દિન-પ્રતિદિન રોપ-વે પ્રવાસીઓ માટે નવલું નજરાણું બની રહ્યું છે.

## એશિયાનો સૌથી મોટો રોપ-વે પ્રોજેક્ટ

૨.૩૨ કિ.મિ.નો એશિયાનો સૌથી મોટો અને આધુનિક પ્રોજેક્ટ છે. ૫૫૦૦ જેટલાં પગથિયા ચડીને મા અંબાના દર્શન માટે બે થી ચાર કલાકનો સમય થતો જે હવે રોપ-વેના માધ્યમથી આઠ મિનિટમાં પહોંચી શકાશે. નવી મોનો કેબલ ટેકનોલોજીમાં ૨૫ આધુનિક ડિઝાઈનની ટ્રોલી છે, જે ભારે પવનનો સામનો કરી શકે તેવી એરો ડાયનેમિક પ્રકારની છે. એક કલાકમાં ૮૦૦ લોકોનું પરિવહન થાય છે.

## ઉપરકોટ

જૂનાગઢની પૂર્વ દિશાએ આવેલો કોટ તેની સ્થળ વિશિષ્ટ ઊંચાઈને લીધે ઉપરકોટ કહેવાય છે. ઉપરકોટ કિલ્લાની દીવાલની લંબાઇ ૩૦૮૦ મીટર છે. નાના મોટા કાંગરાની સંખ્યા ૧૧૭૪ છે જ્યારે બંદૂક રાખવાનાં મોટાં કાણાં ૨૨૦ અને નાનાં કાણાં ૨૨૫ છે. દીવાલની સામાન્ય પહોળાઇ ૯ મીટર છે. અને વધારેમાં વધારે ઊંચાઇ ૨૧ મીટર છે. કિલ્લામાં ચોરસ તેમજ ગોળ કોઠાની સંખ્યા ૧૩ છે. કિલ્લાનું ક્ષેત્રફળ આશરે ૨,૭૨,૫૦૦ ચોરસ વાર છે. ઉપરકોટમાં આવેલ દરવાજાઓ જે તે સમયની કલાનો પરિચય આપે છે. પરંતુ ઉપરકોટના હાલનાં પ્રવેશદ્વારમાં દાખલ થયા બાદ આવતું કલાત્મક તોરણ કલાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. હાલ ૪૫ કરોડના ખર્ચે પ્રવાસન વિભાગ દ્વારા ઉપરકોટનો જીર્ણોદ્ધાર કરવામાં આવી રહ્યો છે.

## નવઘણકૂવો

"અડીકડી વાવ ને નવઘણ કૂવો ન જુએ તે જીવતો મૂઓ" : કહેવતની યથાર્થતા સિદ્ધ કરતો આ ચોરસ કૂવો ૧૭૦ ફૂટ ઊંડો છે. ૫૭ ફૂટ નીચે એક ચોક છે. કૂવાની સમાંતરે ભોંયરૂં કોતરી પગથિયાં બનાવ્યાં છે. તેમાં દશ જાળિયા પ્રકાશ માટે મુકાવ્યા છે. ઉપરકોટની અંદર જ આ કૂવો આવેલો છે.


## અડીકડી વાવ

ઉપરકોટમાં અનાજના કોઠારની ડાબે હાથે વધતા કડીવાવ આવે છે. સિંચાઈના હેતુથી કડીવાવ નવઘણ કૂવો બંધાવ્યો હોવાનું મનાય છે. ૩૦૦ ફૂટ લાંબી અને ૧૨૫ પગથિયાં વાળી વાવની આસપાસ બેઠકો પણ છે. નવઘણની દાસી ચડીએ તે બંધાવી હોવાનું કહેવાય છે. નવઘણકૂવાની જેમ અડીકડી વાવ પણ જોવાલાયક સ્થળ ગણાય છે.

## બૌદ્ધ ગુફા

ઉપરકોટમાં તોપોથી આગળ વધતા જમણા હાથે રાણકદેવી મહેલ અને આગળ ડાબા હાથે આ બૌદ્ધ ગુફાઓ આવેલાં છે. આ ગુફાની ઉપરથી જોતા નીચેના ભાગે બે માળ સ્પષ્ટ જોઇ શકાય છે. ગુફાની અંદર ઓટલા સ્થંભો ગોખ તેમજ બૌદ્ધકાલીન આકૃતિઓ છે. અને નીચે ઊતરવાની સીડીઓ પણ છે. આ ગુફા સાધુઓની સાધનાં કરવા માટેની



















હોવાનું મનાય છે. જ્યારે કેટલાક તેને ઉપરકોટના રાજવીઓના મનોરંજન માટે બનાવેલું રંગભુવન માને છે. ઈ.સ. ૬૪૦ માં હયુ એન સંગ જૂનાગઢનાં ખડકોમાં જોયેલા મઠ તે આ ગુફા હશે. ઈ.સ. ની પ્રથમ સદીમાં આ કોતરકામ થયું હોવાનું મનાય છે.

## મ્યુઝિયમ

જૂનાગઢ સ્ટેટના છેલ્લા નવાબ પોતાનો દરબાર જે કચેરીમાં ભરતા તે આ સ્થળ છે. હાલ આ મ્યુઝિયમ સરદાબાગમાં છે. જૂનાગઢ સ્ટેટના છેલ્લા નવાબ મહોબતખાન જૂનાગઢ છોડીને ચાલ્યા જતાં આ મિલકતનો કબજો રિજિયોનલ કમિશનરશ્રી રાજકોટે ભારત સરકાર વતી તા. ૯-૧૧-૧૯૪૭ના સંભાળેલ હતો. અને ૧૯૪૯ માં જૂનાગઢ રાજ્ય સંઘ રાજ્યમાં વિલીનીકરણ થયેલ છે. આ મ્યુઝિયમમાં જૂનાગઢના નવાબના દરબારહૉલનું ચાંદી-સોના અને પિત્તળ વગેરેનું ફર્નિચર છે. ચાંદીની ખુરશીઓ અને પુરાતન કાળનાં દર્શન કરાવતી બીજી અનેક ચીજો જેમાં ૧૮-૧૯ મી સદીનાં શસ્ત્રો, વસ્ત્ર, ભવ્ય તૈલ ચિત્રો, ઊની ગાલીચા વગેરે દરબાર હોલ મ્યુઝિયમમાં મોજૂદ છે.

## ભવનાથ મંદિર તથા મૃગીકુંડ

ગિરનાર તળેટીમાં ઐતિહાસિક મૃગીકુંડ સાથેનું ભવનાથ મંદિર જૂનાગઢનું પૌરાણિક ધાર્મિક સ્થળ છે. શિવરાત્રી પ્રસંગે અહીં યોજાતા મેળામાં ભક્તજનો તથા જુદા જુદા સંપ્રદાય અને મઠોમાંથી દિગંબર સંતો બહુ મોટી સંખ્યામાં દેશના ખૂણેખૂણેથી અહીં આવે છે. નાગા બાવાઓ મૃગીકુંડમાં સ્નાન કરી ભવનાથ મંદિરની મહાઆરતીનો લાભ લઈ ગિરનારી મહારાજ તથા અન્ય જગ્યાએ સ્થિત એમનાં સ્થાનકોએ રવાના થાય છે. દિગંબર સાધુઓની રવેડી શિવરાત્રી મેળાનું મુખ્ય આકર્ષણ છે.

## અશોકનો શિલાલેખ અને પર્વતીય લેખો

દામોદર કુંડથી જૂનાગઢ તરફ આવતા રસ્તામાં સમ્રાટ અશોકના ત્રણ પર્વતીય શિલાલેખો આવેલા છે. તેમાં પ્રથમ મૌર્ય સમ્રાટ અશોકે તેના રાજ્યારોહણના ૧૨મા વર્ષમાં લગભગ ઈ.સ.૨૫૬ માં રાજઆજ્ઞા પ્રસિદ્ધ કરી છે. આ લેખ ૭૫ ફૂટના પરિઘનો છે. તેમા લગભગ ૧૦૦ ફૂટના વિસ્તારમાં ૧૪ વિભાગોમાં શાસનો લખી પ્રજાને હિંસાથી દૂર રહેવા, ઔષધીય વનસ્પિતનું વાવેતર કરવા, સંયમ નિયમનું પાલન કરવા, માંગલિક કૃત્યો કરવા, ભિક્ષુકોને દાન આપવા, બ્રાહ્મણ તથા શ્રમણને સરખા ગણવા, તમામ સંપ્રદાયો અનુસરનારાઓને અરસપરસ સંપ કેળવવા રાજઆજ્ઞા આપી છે. ઉપરાંત તેના અધિકારીઓને સ્ત્રીઓ, યાત્રિકો આદિનું ધ્યાન રાખવા તથા ધર્મ મહાપાત્રોને જ્ઞાનનો પ્રચાર કરવા તથા ઉપદેશ આપવાની સૂચના આપેલી છે. આ લેખની બાજુમાં શક સંવત ૭૨(ઈ.સ.૧૫૦)માં ભારે વર્ષા અને વાવાઝોડાના કારણે મૌર્યકાળમાં બાંધેલા સુદર્શન તળાવની પાળ ફાટી ત્યારે તત્કાલીન મહાક્ષત્રપ રુદ્રદામાએ પ્રજા પાસેથી કોઈપણ જાતનો ખર્ચ લીધા વગર તે પાળનું સમારકામ કરાવ્યું તેની નોંધ સહિત અન્ય વિગતો છે.

## દામોદર કુંડ

જૂનાગઢ શહેરથી થોડાક અંતરે ગિરનાર તરફ જતા રસ્તામાં સોનરખ નદીમાં આ પવિત્ર કુંડ આવેલો છે. તેને કાંઠે દામોદર રાયજીનું પ્રાચીન મંદિર છે. શ્રી મહાપ્રભુજીની બેઠક પણ ત્યાં જ છે. આ કુંડમાં ભગવાન બ્રહ્માજીની આજ્ઞાથી ગંગાજીનો વાસ છે. અને અહીં અસ્થિ પધરાવવાથી આપમેળે ઓગળી જાય તેવી માન્યતા છે. હિન્દુ શ્રદ્ધાળુઓ



તેમના આપ્તજનોના અસ્થિ કુંડમાં પધરાવવા આવે છે. શ્રાવણ તથા આસો માસમાં હજારો શ્રદ્ધાળુઓ આ કુંડમાં સ્નાન કરી પવિત્ર થાય છે.


## દાતાર

ગિરનારની દક્ષિણે દાતાર પર્વત આવેલો છે, ત્યાં જમીયલશા પીરની દરગાહ છે. આ પર્વત સમુદ્ર સપાટીની ૨૭૭૯ ફૂટની ઊંચાઇએ છે. જમીયલશા તુરબત સિંધના નગરઠઠ્ઠાના છે. પરંતુ અહીં વસેલા તેથી તેનો ચિલ્લો છે એમ કહેવાય છે. લોકોક્તિ પ્રમાણે નાગબાઇને સંતાપનારા રા' માંડલિકને ક્ષમા માંગવા કહેલું અને તે ન માનતા અંતે જમીયલશાએ મહંમદ બેગડાને જૂનાગઢ જીતી લેવા આમંત્રિત કર્યો. દાતાર પર્વત પર ઇ.સ.૧૮૯૪માં પગથિયાં બંધાવ્યાં. જૂનાગઢ નગર અને દાતાર પર્વત વચ્ચેના રસ્તે નીચલા દાતારથી જાણીતો એક ચિલ્લો પણ છે.




## સક્કરબાગ - પ્રાણી સંગ્રહાલય

પ્રવાસીઓ શહેરમાં પ્રવેશે ત્યાં જ તેમને આકર્ષતાં સ્થળોની શરૂઆત થઇ જાય છે. જેમાં રાજકોટ તરફથી આવતા પ્રથમ સક્કરબાગ આવે છે.૧૮૬૩ માં જૂનાગઢના તત્કાલીન નવાબ મહોબતખાનજી બીજાના સમયમાં સ્થપાયેલું ભારતના સૌથી પુરાતન પ્રાણી સંગ્રહાલયમાંનું એક છે. છેલ્લાં ૧૫૮ થી વધુ વર્ષોથી સંરક્ષણ, શિક્ષણ અને જ્ઞાનવર્ધક મનોરંજન માટે આ પ્રાણી સંગ્રહાલય કાર્યરત છે. ૧૯૮ હેક્ટરમાં ગિરનારના વનરાજી સભર વિસ્તારમાં આ પ્રાણી સંગ્રહાલયમાં પથરાયેલ છે. અહીં દર વર્ષ ૮.૫૦ લાખથી વધુ મુલાકાતીઓ જિજ્ઞાસા તથા શૈક્ષણિક જરૂરિયાતો સંતોષે છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા એશિયાઇ સિંહના સંવર્ધન તરીકે માન્યતા આપવામાં આવી છે. આથી તેના રક્ષણ અને સંવર્ધનનું મહત્ત્વનું કાર્ય અહીં થાય છે. એશિયાઇ સિંહોની સ્ટડીબુક જાળવણીનું અગત્યનું કામ પણ અહીં થાય છે. ગીરના જંગલમાં કોઇપણ કારણોસર સિંહ બીમાર થાય તો તેની સારવાર માટે અદ્યતન હોસ્પિટલ પણ અહીં છે. આ પ્રાણી સગ્રહાલયમાં ભારતની લુપ્ત થતી જતી જાતિ અને પ્રજાતિ જેવા કે, ભારતીય વરૂ, ચોસિંગાનાં રક્ષણ તેમજ સંવર્ધનનું કામ પણ થાય છે. અહીં ભારતમાં ફક્ત આજ પ્રાણી સંગ્રહાલયમાં ભારતીય ઘુડખરનો સફળતાપૂર્વક ઉછેર કરવામાં આવે છે. આ એશિયાઇ સિંહોના રક્ષણ સંવર્ધન સાથે આ પ્રાણી સંગ્રહાલયનો મુખ્ય ઉદેશ લુપ્ત થતી પ્રજાતિઓનાં રક્ષણ, સંવર્ધનનો પણ છે.



## પહેલા નવાબનો મકબરો


ચિત્તાખાના ચોક પાસે નવાબ મહાબ્બતખાન બીજાએ બનાવેલા આ ઉત્કૃષ્ટ કક્ષાના અષ્ઠકોણીય મકબરામાં નવાબ મહોબ્બત ખાન-બીજા, નવાબ બહાદુર ખાન ત્રીજા તથા નવાબ રસુલ ખાનને દફનાવેલ છે. ચાર ખૂણામાં ચાર જુદા મિનારાવાળો સુંદર તથા આકર્ષક દીવાન બહાઉદ્દીન ભાઇનો મકબરો પણ નજીક આવેલ છે. મહોબ્બત મકબરાની દક્ષિણે જુમ્મા મસ્જિદ આવેલ છે. નવાબી શહેર જૂનાગઢના નવાબી સ્થાપત્ય જુદી ભાત પાડે છે. કલાત્મક ગુંબજો, અત્યંત બારીક કોતરણીઓ, નવા બીજ સ્થાપત્યના બેનમૂન નમૂના છે. આ મકબરા જૂનાગઢના શાહી ઘરાનાના અંતિમ વિસામા માટે બંધાયા હતા. મહોબત મકબરો અને બાજૂમાં જ જૂનાગઢના શિક્ષણ પ્રેમી દીવાન બહાઉદ્દીનભાઇનો મકબરો આવેલો છે. હાલના કોર્ટ બિલ્ડિંગ સામે સ્થિત આ બન્ને મકબરા કલાના અદભુત નમૂના સમા સ્થાપત્ય કલાના પ્રેમીઓના દિલો-દિમાગમાં વસી જાય તેવા છે. ઉપરાંત













જૂનાગઢ શહેરમાં નરસિંહ મહેતાનો ચોરો, ભવ્ય બીએપીએસ સ્વામિનારાયણ નૂતન મંદિર, બાબા પ્યારાની ગુફા, ખાપરા કોડિયાની ગુફાઓ, ભૂતનાથ મહાદેવનું ભવ્ય મંદિર, પંચહાટડી પાસે આવેલી ગલીના નામથી જાણીતા બનેલા સ્થાનમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંદિર હવેલી, તથા જૂનું  સ્વામિનારાયણ મંદિર જેવાં અનેક ઐતિહાસિક તથા ધાર્મિક સ્થાન આવેલાં છે.

## વનરાજોનું વિહારધામ ગીર અભયારણ્ય-સાસણ ગીર

ભારતમાં અન્ય કોઇપણ ઉદ્યાન કે વિશ્વમાં ભારતીય સિંહોનું અસ્તિત્વ નથી. સાચે જ ભારતીય સિંહ માટે ગીરનું જંગલ એક માત્ર અને છેલ્લું રહેઠાણ છે. ૧૪૧૨ કિ.મિ.માં ફેલાયેલા અને તાલાલા, વિસાવદર, ધારી, ખાંભા, ઊના, મેંદરડા એમ સાતેક તાલુકાને જેની હદ સ્પર્શે છે તેવું ગીર અભયારણ્ય પ્રાણીસૃષ્ટિથી સમુદ્ધ છે. અહીં ૫ હજાર પ્રકારના જીવજંતુઓ, ૩૦૦ પ્રકારનાં પક્ષીઓ, ૩૬ જાતના સરિસૃપ અને ૩૮ પ્રકારનાં સસ્તન પ્રાણી છે. અત્યારે બે જ પ્રકારની સિંહની જાત બચી છે. જેમાં આફ્રિકન અને એશિયાઇ સિંહનો સમાવેશ થાય છે.

## સતાધાર

ગિરનારની ગોદમાં જૂનાગઢથી ૫૫ કિલોમિટર અને વિસાવદરથી માત્ર સાત કિલોમિટરના અંતરે આવેલું લાખો શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર સતાધાર પવિત્ર યાત્રાધામ તરીકે જગવિખ્યાત છે. સંવત ૧૮૬૫માં આપાગીગાએ જ્યાં અતીત, અભ્યાગત, સાધુ, ફકીર, લૂલા લંગડા, કોઢિયા અને રક્તપિત્તિયાઓની સેવા માટે ધૂણી ધખાવી હતી. તે સતાધાર આજે વિશ્વ વિખ્યાત શ્રદ્ધા સ્થાનક તરીકે ધમધમે છે. કોઇની સામે હાથ  લંબાવ્યા વિના હરિ પરના ભરોસે આપાગીગાએ સેવા ચાલુ રાખી હતી.

## મનમોહક વિહારધામ ચોરવાડ

અફાટ અરબી સમુદ્રના કિનારે આવેલ ચોરવાડ વિહારધામનો દરિયા કિનારો મનમોહક છે. જ્યાં ઠંડી ઠંડી દરિયાઇ લહેરો મુલાકાતીઓને તાજગી આપે છે. અહીં પહોંચતાં જ ચારેય દિશાની હરિયાળી પ્રાકૃતિક સંપદા, નારિયેળીથી લચકતાં વૃક્ષો, સહેલાણીઓનું મન પ્રફુલ્લિત બનાવે છે. ઇલાયચી કેળાના હારબંધ વૃક્ષો અહીં આવતા દરેક મુલાકાતીનું મન મોહી લે છે. પ્રકૃતિના ચાહકો માટે કુદરતે છૂટ્ટા હાથે સૌંદર્ય વેર્યું છે. જૂનાગઢથી ૭૦ કિ.મિ.ના અંતરે આવેલું અને હોલીડે કેમ્પ તરીકે સુવિખ્યાત આ સ્થળ ઉજાણી માણવાની અનોખી મજા છે. આ વિસ્તાર નાગરવેલનાં પાનના ઉત્પાદન માટે પણ જાણીતો છે. અહીં લોકનૃત્ય ટીપ્પણી જગ પ્રસિદ્ધ છે. કુદરતી સૌંદર્ય સાથે પ્રકૃતિને માણવા એક વખત તો ચોરવાડની અચૂક મુલાકાત લેવા જેવી છે.

## સંત દેવીદાસ - અમર દેવીદાસનું સ્થાનક પરબ વાવડી

રક્તપિત્ત કુષ્ઠ રોગના દર્દીઓને સમાજ જ્યારે અસ્પૃશ્ય અને અછૂત ગણતો ત્યારે જીવા રબારીને ત્યાં જન્મેલા દેવા રબારી એ કુષ્ઠ રોગીઓની સેવા શુશ્રૂષા કરવાની કઠિન જવાબદારી અંતઃ સ્ફૂરણાથી ઉપાડી લીધી હતી. ગિરનારના જંગલોમાંથી એકઠી કરેલી ઔષધીય વનસ્પતિ અને ઘરે ઘરેથી માંગેલી અન્નના ટુકડામાંથી સાધુ-સંતો અભ્યાગતો દર્દીઓની સેવા શુશ્રૂષા કરતા દેવા રબારી બાદમાં સત દેવીદાસ નામે ઓળખાવા લાગ્યા તેમણે ભેંસાણ પાસે વાવડી ગામની બાજુમાં સેવાની જ્યોત જલતી

રાખી. સમય જતાં વાવડી પરબ વાવડી બન્યું. અહીં રક્તપિતના દર્દીઓની સેવામાં સત દેવીદાસની પ્રેરણા મળતા આહિર કન્યા અમરબાઈનો પણ સંગાથ સાંપડ્યો. અહીં સત દેવીદાસ અમર દેવીદાસની સમાધિ છે. દર વર્ષે અષાઢી બીજ નિમિત્તે લોકમેળો યોજાય છે. યાત્રાળુઓ માટે અન્નક્ષેત્ર અને રહેવા માટે ધર્મશાળાની વ્યવસ્થા છે. આ જગ્યાની સ્વચ્છતા ધ્યાનાકર્ષક છે.

## ખોરાસા(આહિરના) તિરૂપતી મંદિર

જિલ્લા મથક જૂનાગઢથી ૨૨ કિ.મિ.ના અંતરે વંથલી તાલુકામાં આવેલા ખોરાસા ગામમાં શ્રી વેંકેટેશ ભગવાનનું ભવ્ય મંદિર છે. આહિર જ્ઞાતિની વસ્તી ધરાવતા ખોરાસા ગામ ખોરાસા આહિરથી અને ભગવાન વેંકેટેશના મંદિરથી સુવિખ્યાત છે. જૂનાગઢના આદ્ય કવિ નરસિંહ મહેતા માટે શ્રી કૃષ્ણ ભગવાન પ્રગટ થયા તે જ પવિત્ર સ્થાને ખોરાસા ગામ વસ્યું હોવાનું અનુમાન છે. કેમ કે તે આહિર જ્ઞાતિથી ભરેલું છે. આહિર લોકો અહીં ઢોર-ઢાંખર રાખીને દૂધ-દહીં વહેચતાં એટલે કદાચ ગોરસ જેવા શબ્દોનો અપભ્રંશ થઇ ગામનું નામ ખોરાસા પડ્યું છે.

## બિલખા


શેઠ સગાળશાનું નામ આવતા ચેલૈયાનું બલિદાન યાદ આવે છે. અહીં ભગવાન સાધુ સ્વરૂપે શેઠ સગાળશાના ઘરે પધારી જમણમાં તેના પુત્રનું બલિદાન માગ્યું હોવાની માન્યતા છે. ધર્મવીર શેઠ સગાળશાઓ પુત્રનું બલિદાન આપી સાધુ સ્વરૂપે પધારેલા ભગવાનને તૃપ્ત કર્યા. આથી ભગવાને પ્રસન્ન થઇ ચેલૈયાને સજીવ કર્યો. તે સ્થળ બિલખા પ્રવાસીઓ માટે યાત્રાધામ બની ગયેલું છે. જૂનાગઢ મથકથી ૨૧ કિ.મિ.ના અંતરે આ સ્થળ પંડિત નથુરામ શર્માના આનંદ આશ્રમથી પણ જાણીતું છે.

## કનકાઇ મંદિર

જૂનાગઢથી તુલસીશ્યામ જતા બાણેજ પહેલા ગીર મધ્યે કનકાઈ માતાનું મંદિર આવેલું છે. અખૂટ કુદરતી પ્રાકૃતિક સૌંદય વચ્ચે શાંત સ્થળે આવેલ મંદિર શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. અહીં પ્રસાદ અને રહેવાની કનકાઈ માતા ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા છે.

## નીલકંઠવર્ણી ભૂમિ, લોજપુર (લોએજ)

ભગવાન સ્વામિનારાયણે છપૈયાથી રાષ્ટ્ર પરિભ્રમણ કરીને લોજપુરમાં સાત વર્ષ ઉપરાંત ઉગ્ર તપસ્યા કરી હતી અને તેઓ સંપ્રદાયમાં નીલકંઠવર્ણી તરીકે પૂજાયા હતા. માંગરોળ નજીકનું લોજપુર ધામ નીલકંઠ ભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. પૌરાણિક કથા અનુસાર લોજ પૂરમાં લોમસ ઋષિનો આશ્રમ હતો. એ જ જગ્યાએ શ્રી રામાનંદ સ્વામીએ આશ્રમ સ્થાપ્યો હતો. આ આશ્રમ પાસેની મુક્તિ વાવ ઉપર નીલકંઠ વર્ણીનું આગમન થયું હતું. વર્ણીરાજે સ્વામિનારાયણ ધર્મના નિયમો અહીં ઘડયા હતા. અહીં સુંદર મંદિર સાથે નીલકંઠવર્ણી અવસ્થા દરમિયાન તેમના વન્ય જીવનમાં અનુભવાયેલા ૫૧ જેટલા પ્રસંગોને આવરીને વન વિચરણના ચરિત્રોનું કલાત્મક પ્રદર્શન સૌના માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ પ્રદર્શન, સુવર્ણ સિંહાસન તથા ચાંદીના પ્રવેશ દ્વાર ઓરિસ્સા, રાજસ્થાનના શિલ્પકારો દ્વારા લોખંડ કે લાકડાના ઉપયોગ વગર ચોતરફ પથ્થરના સ્તંભ ઉપર આ પ્રદર્શન સંકુલનું નિર્માણ કરાયું છે. ●











# ઇઝરાયલના કોન્સ્યુલ જનરલની મુખ્યમંત્રીશ્રી સાથે સૌજન્ય મુલાકાત



મુંબઇ સ્થિત ઇઝરાયલી કોન્સ્યુલ જનરલ શ્રીયુત કોબ્બી શોષાનીએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત હતી. ઇઝરાયલના કોન્સ્યુલ જનરલે ભારત સાથેના ઇઝરાયલના સંબંધોની ભૂમિકા આપતાં ભારતની યુવાશક્તિ-યંગ જનરેશનની તજજ્ઞતા-ઉત્સુકતા અને ઇઝરાયલના ટેકનોલોજીના વિનિયોગથી સેન્ટર ઓફ એક્સેલન્સીસ, ડ્રોન ટેક્નોલોજી, સાયબર ઇસ્યૂઝ, ડિસેલિનેશન પ્લાન્ટ અને વોટર મેનેજમેન્ટ ક્ષેત્રે પરસ્પર સહયોગથી જે ઉત્કૃષ્ટતા મેળવી છે તેની પ્રસંશા કરી હતી.

શ્રીયુત કોબ્બી શોષાનીએ ખાસ કરીને વોટર મેનેજમેન્ટ અને સાયબર સિક્યુરિટીમાં ઇઝરાયલ વર્લ્ડ લીડર છે તેની વિગતો આપતાં મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું કે, ઇઝરાયલ ગુજરાત કો-ઓપરેશન, કો-ઓર્ડિનેશન અને મિચ્યુઅલ પાર્ટનરશીપથી આગળ વધી શકે તેમ છે. તેમણે કોરોનાના કપરાકાળમાં ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વના દેશોને વૅક્સિન પહોચાડવાનો જે માનવતાવાદી અને બંધુત્વ ભાવ પ્રેરિત પ્રયોગ કર્યો છે તેની પણ સરાહના કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઇઝરાયલ કોન્સ્યુલેટ જનરલની ગુજરાતની આ પ્રથમ મુલાકાતથી દ્વિપક્ષી સંબંધોને નવી દિશા મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડાપ્રધાન પદના કાર્યકાળ દરમ્યાન ઇઝરાયલ-ભારતના સંબંધો વધુ સુદ્રઢ બન્યા છે તેની પણ ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જળવ્યવસ્થાપન-વોટર મેનેજમેન્ટ અને સાયબર સિક્યુરિટીની ઇઝરાયલની એક્સપર્ટીઝનો ગુજરાતને લાભ મળે તે માટેની તત્પરતા પણ દર્શાવી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આઇ-ક્રિયેટના સેન્ટર ઓફ એક્સેલન્સ, વેજિટેબલ અને ખારેક-ખજૂર માટેના રિસર્ચ અને સેન્ટર ઓફ એક્સેલન્સમાં ઇઝરાયલનો જે સહયોગ મળ્યો છે તેમજ ડિસેલિનેશન પ્લાન્ટસની ઇઝરાયલ પેટર્નનો લાભ પણ ગુજરાતને મળ્યો છે તે માટે આભાર વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઇઝરાયલ કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં ઉમેર્યુ હતુ કે, વડાવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌને સાથે રાખીને કઈ રીતે વિકાસ સાધી શકાય તેનું દર્શન સૌના સાથ-સૌના વિકાસ-સૌના વિશ્વાસના મંત્રથી દુનિયાને કરાવ્યું છે.

વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાથે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સરદાર સાહેબના સ્ટેચ્યૂ ઓફ યુનિટિનું નિર્માણ કર્યુ છે તેની અવશ્ય મુલાકાત લેવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઇઝરાયલ કોન્સ્યુલ જનરલને આગ્રહ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આગામી વાઇબ્રન્ટ સમિટ ૨૦૨૨માં ઇઝરાયલ સહભાગી થાય તેવું નિમંત્રણ આપ્યું હતું.

આ સૌજન્ય મુલાકાત બેઠકમાં ઉદ્યોગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી પણ જોડાયા હતા. ●

## રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મંજૂરી પ્રક્રિયાને ઝડપી બનાવાશે - CM

અમદાવાદના હેબતપુર ખાતે ક્રેડાઈ અને ગાહેડ દ્વારા આયોજિત "રાઈઝિંગ ટુગેધર" કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં જરૂરી મંજૂરીઓની વહીવટી પ્રક્રિયાને વધુ ઝડપી બનાવશે. મુખ્યમંત્રીશ્રીએ રિયલ એસ્ટેટ ક્ષેત્રના અગ્રણીઓની વિનંતીનો પ્રતિસાદ આપતા જણાવ્યું હતું કે, આ ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને આ માટે વહીવટી પ્રક્રિયામાં વધુ પારદર્શકતા લાવવાના પ્રયાસો કરવામાં આવશે. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં થઈ રહેલા રોજગાર સર્જનના પગલે રાજ્યની રાષ્ટ્રની વિકાસની ગતિ વધુ ઝડપી બનશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના પ્રારંભિક ઉદબોધનમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રની રોજગાર સર્જનમાં ભૂમિકાની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, આ ઉદ્યોગના કારણે અનેક ઉદ્યોગોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગાર સર્જન થાય છે તેથી જ આ ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં હવે હાઈલી સ્કિલ્ડ પ્રોફેશનલનું આગમન થયું છે જેના પગલે ગુણવત્તાયુક્ત મકાનોનું નિર્માણ થઇ રહ્યું છે.

આ અવસરે તેમણે રિયલ એસ્ટેટ ક્ષેત્રના સામાજિક યોગદાન પણ સરાહના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ ક્ષેત્રમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને પણ આગળ આવવા માટે આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ક્રેડાઇ અમદાવાદ ગાહેડના પ્રમુખશ્રી તેજસ જોશી, ઉપપ્રમુખ શ્રી ધ્રુવ પટેલ તેમજ ક્રેડાઇ ઇન્ડિયાના ઉપપ્રમુખ શ્રી શેખર પટેલ સહિત રિયલ એસ્ટેટ ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# વન્ય-પ્રાણીસૃષ્ટિનાં જતન-સંવર્ધન-સંરક્ષણ માટે નવતર આયોજન



ભારતીય સંસ્કૃતિની સહઅસ્તિત્વ-કો એક્ઝીસ્ટન્સની ભાવનાને 'જીવો અને જીવવા દો'ના સંસ્કાર વારસાથી વન્યજીવોનાં રક્ષણ, જતન, સંવર્ધનથી આપણે વધુ સુદ્રઢ બનાવી છે. આગવું વૈવિધ્ય ધરાવતા ગુજરાતમાં વન વિરાસત, વન્ય પ્રાણીસૃષ્ટિ, દરિયાઈ જીવસૃષ્ટિ સૌની લાક્ષણિકતા ટકાવીને વિકાસ-સંવર્ધન થાય તેવી રાજ્ય સરકારની નેમ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં રાજ્યવ્યાપી વન્યપ્રાણી સપ્તાહનું સમાપન કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના વન વિભાગે વન્યજીવોની ટ્રેકિંગ સિસ્ટિમ વધુ મજબૂત કરવા માટે ટેકનોલોજીનો સઘન ઉપયોગ કર્યો છે, રેડિયો કોલર સિસ્ટિમ, ટ્રેકિંગ ડિવાઈસ અને જી.પી.એસ સાથેની વાહન સુવિધા, ઘાયલ વન્યજીવની સારવાર માટે રેસ્ક્યુ સેન્ટર અને એનિમલ કેર એમ્બ્યુલન્સ જેવી ટેકનોલોજીયુક્ત સુવિધા સરકારે વિકસાવી છે.

રાજ્યમાં ૨૩ અભયારણ્યો અને ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો તેમજ એશિયાટિક લાયનની આગવી મિરાત ધરાવતા ગુજરાતમાં વન્યજીવોના રક્ષણ માટે વન સાથે જન જોડીને ગુજરાતે સફળ આયામો પાર પાડયા છે તેની પણ વિશદ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, દેશના ગૌરવ ગીરના સાવજની વસ્તી



આજે ૬૭૪ જેટલી થઈ ગઈ છે. ૨૦૧૫ની તુલનાએ ૨૦૨૦માં સિંહની વસ્તીમાં ૨૮.૮૭ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

જંગલ વિસ્તારોમાં ખુલ્લા કૂવાઓને કારણે ઘણીવાર અકસ્માતે વન્ય પ્રાણીઓ અકાળે મોતને ભેટતા હોય છે ત્યારે સરકારે ગીર જંગલ વિસ્તારોમાં ખુલ્લા કૂવાઓની પેરાપીટ બાંધકામ માટે ૧૬ કરોડ રૂપિયાનો પાંચ વર્ષમાં ખર્ચ કર્યો છે.

ગુજરાત પાસે જે વન્ય પ્રાણીસૃષ્ટિનું વૈવિધ્ય છે તે જળવાઈ રહે અને તેનું સંવર્ધન રક્ષણ થાય તે માટે પણ સરકારે હાથ ધરેલા નવતર અભિગમની વિશેષતા તેમણે વર્ણવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વેળાવદર કાળિયાર નેશનલ પાર્કમાં લેસર ફ્લોરિકન બ્રિડિંગ પ્રોગ્રામ શરૂ કર્યો છે. ક્રિટીકલી એન્ડેજર્ડ કેટેગરીમાં હોય તેવાં પક્ષીઓના સાયન્ટિફિક ડેટા મળી રહે તે હેતુથી ટેગિંગ સિસ્ટિમ વિકસાવી છે. એટલું જ નહિ, વન્યપ્રાણીને લગતા પ્રશ્નો કે પ્રજાજનોની જરૂરિયાતના સમયે સહાયતા મદદ માટે 24X7 ઓટોમેટિક રિસ્પોન્સ સિસ્ટિમ કાર્યરત કરવામાં આવેલી છે.

આ માટેના ફોન નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ પર કોઈ પણ વ્યક્તિ માત્ર એક એસ.એમ.એસ કે વોટ્સઅપ કરીને પોતાના વિસ્તારની નજીકના વન અધિકારી કે કર્મીનો સંપર્ક વિગતો અને મદદ મેળવી શકે છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં સ્નેક (સાપ) ના રેસ્કયુ ઓપરેશન માટે વોલિન્ટીયર્સ અને એન.જી.ઓ ને પદ્ધતિસરની તાલીમ, માર્ગદર્શિકા અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયાને ઇન્સ્ટિટ્યૂશનલાઇઝડ સ્વરૂપ સરકારે આપ્યું છે તેમ પણ જણાવ્યું હતું. લેપર્ડ-દીપડાના રેસ્કયુ અને રિહેબિલિટેશનની યોગ્ય વ્યવસ્થા વિકસાવવા આ વર્ષ દરમ્યાન રાજ્યમાં બે મેગા રેસ્કયુ કમ રિહેબિલિટેશન સેન્ટર બનાવવાનું પણ વન વિભાગે આયોજન કર્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ નળ સરોવર બર્ડ સેન્કચ્યુરી અને થોળ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીમાં ૨૦૦૦થી ૨૦૨૦ બે દાયકા દરમ્યાન પક્ષીઓમાં થયેલી માતબર વૃદ્ધિના સંકલિત વિવરણ ''પોપ્યુલેશન એસ્ટિમેશન'' પ્રકાશનનું વિમોચન પણ આ વેળાએ કર્યુ હતું.

વન પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ વન્ય જીવસૃષ્ટિની જાળવણીમાં જનસહયોગ પ્રેરિત કરવાનો નવતર વિચાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે તેની ફલશ્રુતિએ વન્યજીવોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તેની ભૂમિકા આપી હતી. આ અવસરે ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી સાથે વન્ય પ્રાણીસૃષ્ટિના અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી ટિકાદર, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્ય પ્રાણીસૃષ્ટિ) શ્રી એસ.કે. શ્રીવાસ્તવ, અધિક સચિવ શ્રી પંડિત વગેરે પણ જોડાયા હતા. ●

# જામનગરની પ્રથમ અલાયદી પીડિયાટ્રિક કોવિડ હોસ્પિટલનો પ્રારંભ





દેશ અને રાજ્યના ઉજ્જવળ ભાવિ સમાન બાળકોની સંપૂર્ણ આરોગ્ય સુરક્ષા આપણી પ્રાથમિક ફરજ છે. કોરોનાની બંને લહેરમાં બાળકોને સુરક્ષિત રાખવાના આરોગ્ય સંભાળના પૂરતા પગલાં રાજ્ય સરકારે લીધાં છે. એટલું જ નહિ, રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ, આયુષ્માન ભારત, મા-કાર્ડ, શાળા આરોગ્ય તપાસણી જેવા કાર્યક્રમોથી બાળ આરોગ્યની વિશેષ ચિંતા પણ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા જામનગરમાં નિર્મિત રાજ્યની પ્રથમ અલાયદી પીડિયાટ્રિક કોવિડ હોસ્પિટલનો તાજેતરમાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ માધ્યમથી પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ તેમજ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર ખાતે ગુજરાતની પ્રથમ અલાયદી પીડિયાટ્રિક હોસ્પિટલનો પ્રારંભ થતાં ગુજરાતમાં ઉપલબ્ધ બાળ આરોગ્ય સુવિધાઓમાં ઉમેરો થયો છે. રિલાયન્સ ફાઉન્ડેશને અનેકવિધ સેવાકાર્યોથી પોતે કમાવું અને બીજાને ખવડાવવું તે ભારતીય સંસ્કૃતિના મંત્રને ચરિતાર્થ કર્યો છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

ગુજરાત સરકારે કોરોનાની બંને લહેર દરમિયાન આરોગ્ય સુવિધાઓમાં સતત ઉમેરો કર્યો છે. આઇ.સી.યુ., ઑક્સિજન, બેડ, આવશ્યક દવાઓ અને રસીકરણ માટે પૂરતાં સાધનો અને માનવ સંસાધન પૂરા પાડ્યાં હતાં. વિવિધ ઉદ્યોગગૃહો, સેવા સંગઠનો, ધાર્મિક સેવા સંસ્થાએ પણ આ સમયે સાથ આપ્યો છે.

કોરોના કાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા નિર્દેશનમાં આખા દેશમાં મેડિકલ ઑક્સિજન સપ્લાય માટેનું રાષ્ટ્રવ્યાપી નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું હતું. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે દૈનિક હજાર મેટ્રિક ટન ઑક્સિજન સપ્લાય કરી કોરોના સમયમાં મેડિકલ ઑક્સિજન સપ્લાયમાં મોટું યોગદાન આપ્યું હતું.

અગાઉ રિલાયન્સે માત્ર ૧૦ જ દિવસમાં જામનગરમાં ૪૦૦ બેડની કોવિડ કેર ફેસિલિટી જી.જી. હોસ્પિટલ ખાતે શરૂ કરી હતી અને હવે જી.જી. હોસ્પિટલના જ ભાગરૂપે જામનગરમાં ગુજરાતની પ્રથમ પીડિયાટ્રીક કોવિડ હોસ્પિટલના પ્રારંભ સાથે રિલાયન્સે બાળ આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં એક નવી હેલ્થ ફેસિલિટીનો આરંભ કરી જનસેવામાં મોટું યોગદાન આપ્યું છે.

આ તકે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે રિલાયન્સ દ્વારા સમાજ ઉપયોગી કાર્ય થકી અન્ય કોર્પોરેટ હાઉસીસ માટે પણ માર્ગદર્શક ચિહ્ન બની રહેલી આ પહેલ અન્યોને પણ પ્રેરણા આપશે તેમ જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ શરૂ કરી મેડિકલ માળખાને પણ વધુ સુસજ્જ બનાવીને આરોગ્ય સુવિધાઓ વિકસાવવા માટે ઝુંબેશ હાથ ધરી છે. જેમાં ગુજરાત સતત મોખરે રહી અને આ ઝુંબેશમાં સાથ આપી રહ્યું છે તો વૅક્સિનેશનમાં પણ ગુજરાત મોખરે રહ્યું છે.

કૃષિ અને ગ્રામવિકાસ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે સંભવિત ત્રીજી લહેર જો આવે તો ભાવિ પેઢી સમાન બાળકોને સારામાં સારી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ બની રહે તે માટે રિલાયન્સનું આ પગલું સરાહનીય છે.

જામનગર ખાતે ઉપસ્થિત રહેલા સાંસદ શ્રી પૂનમબહેન માડમે જામનગરમાં આરોગ્યલક્ષી સુવિધાઓમાં વધુ એક મોરપંખ ઉમેરવા બદલ અને જામનગરના નાગરિકોની ચિંતા કરવા બદલ રિલાયન્સ ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના કોર્પોરેટ અફેર્સ ડિરેક્ટર અને રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ગ્રૂપ પ્રેસિડેન્ટ શ્રી ધનરાજ નથવાણી, ડેપ્યુટી મેયર શ્રી તપનભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી મનીષભાઈ કટારીયા, કલેક્ટર શ્રી ડૉ. સૌરભ પારઘી, પદાધિકારીઓ, અધિકારીઓ અને તબીબી સ્ટાફ તેમજ રિલાયન્સ ફાઉન્ડેશનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતને કોરોના વૅક્સિનેશનમાં શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ

કોરોના માહામારી સામે સમગ્ર વિશ્વ એક થઈને લડી રહ્યું છે. કોરોનાથી બચવા માટે વૅક્સિન અમોઘ શસ્ત્ર સાબિત થયું છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં વિશ્વના સૌથી મોટા વૅક્સિનેશન અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સમગ્ર દેશમાં વૅક્સિનેશન ક્ષેત્રે અગ્રેસર રહી કાર્ય કરી રહ્યું છે. કોવિડ-૧૯ વૅક્સિનેશનમાં ગુજરાતે દેશભરનાં મોટાં રાજયોની કેટેગરીમાં શ્રેષ્ઠતમ દેખાવ દ્વારા બેસ્ટ વૅક્સિનેશન કોમ્બેટિંગ કોવિડ-૧૯નો ઍવૉર્ડની ગૌરવ સિદ્ધિ મેળવી છે.

નવી દિલ્હીમાં આયોજિત એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાતને 'ઇન્ડિયા ટુ ડે હેલ્થગીરી ઍવૉર્ડ ૨૦૨૧' અંતર્ગત આ ગૌરવ સન્માન કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ એનાયત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કોરોના વૅક્સિનેશન સાથે સંકળાયેલા રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સૌ કર્મયોગીઓની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી આ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાતમાં રસીકરણ પાત્રતા ધરાવતા ૧૮ વર્ષથી ઉપરની વયના કુલ ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકો છે.

આરોગ્ય વિભાગે સઘન કોરોના રસીકરણ ઝુંબેશ આદરીને ૪ કરોડ ૨૧ લાખ ૮૬ હજાર ૫૨૮ પ્રથમ ડોઝ અને ૧ કરોડ ૯૨ લાખ ૪ હજાર ૬૧૧ બીજો ડોઝ મળીને કુલ ૬ કરોડ ૧૩ લાખ ૯૧ હજાર ૧૩૯ ડોઝ આપ્યા છે. પ્રતિ દસ લાખ વૅક્સિનેશનમાં પણ બંને ડોઝ મળીને ગુજરાતમાં ૬.૨૩ લાખ વૅક્સિનેશન ડોઝ આપવામાં આવ્યા છે. સમગ્ર રાજયના જિલ્લાઓમાં કુલ મળીને ૮૨.૭ ટકા તેમજ કોર્પોરેશન વિસ્તારોમાં ૯૩.૯ ટકાને પ્રથમ ડોઝ અપાઇ ગયા છે. રાજયનાં કુલ ૧૮૨૧૫ ગામોમાંથી ૧૩૭૮૮ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરી દેવાયું છે. કોરોના વૅક્સિનેશનની આટલી વ્યાપક અને સઘન કામગીરીના ફલસ્વરૂપે ગુજરાતે દેશનાં મોટાં રાજયોની કેટેગરીમાં શ્રેષ્ઠ ક્રમ પ્રાપ્ત કર્યો છે અને ઇન્ડિયા ટુ ડેનો આ ઍવૉર્ડ મેળવ્યો છે.



રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે અને સ્ટેટ ઇમ્યુનાઇઝેશન ઓફિસર ડૉ. નયન જાનીએ આ ગૌરવ સન્માન કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે સ્વીકાર્યું હતું.

ઇન્ડિયા ટુ ડે ગ્રૂપ દ્વારા 'હેલ્થગીરી ૨૦૨૧ ઍવૉર્ડ'માં વિશેષ ગૌરવ સન્માન ભારત સરકારમાં સેવારત તત્કાલીન સચિવ અને ગુજરાત કેડરના વરિષ્ઠ સનદી અધિકારી સ્વ. ગુરુપ્રસાદ મહાપાત્રાને એકમાત્ર Unsung Hero તરીકે આપવામાં આવ્યું હતું. આ ગૌરવ સન્માન એવા વ્યકિત વિશેષને એનાયત કરવામાં આવે છે જેમણે કોવિડ-૧૯ દરમિયાન નિઃસ્વાર્થ કર્તવ્ય પરાયણતા કોઇપણ પ્રસિદ્ધિ વિના કે જાહેરમાં આવ્યા સિવાય દાખવી હોય. સ્વ. ગુરુપ્રસાદ મહાપાત્રા આવી કર્તવ્યદક્ષતા નિભાવતાં સ્વયં કોવિડ-૧૯ મહામારીનો ભોગ બનીને દુઃખદ અવસાન પામ્યા. આ ગૌરવ સન્માન ગુરુપ્રસાદ મહાપાત્રાને મરણોપરાંત એનાયત કરવામાં આવ્યું હતું. સ્વ. મહાપાત્રા વતી આ સન્માન તેમનાં ધર્મપત્ની અને પૂત્રે સ્વીકાર્યું ત્યારે ઍવૉર્ડ સેરીમનીમાં ઉપસ્થિત સૌએ આ અનસંગ હીરોને સ્ટેન્ડિંગ ઓવેશન આપીને તેમની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સ્વ. મહાપાત્રાને આ અનસંગ હીરોના મરણોત્તર સન્માન માટે ભાવાંજલિ પાઠવી તેમની સેવા નિષ્ઠાની સરાહના કરી હતી. આ ઉપરાંત, અમદાવાદની યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરને કોવિડ-૧૯ દરમિયાન એક્સલન્સ ઇન હોસ્પિટલ મેનેજમેન્ટનો ધી ઇકોનોમિક ટાઇમ્સ હેલ્થકેર ઍવૉર્ડ-૨૦૨૧ પણ એનાયત થયો હતો. યુ.એન.મહેતા હોસ્પિટલને કોવિડ-૧૯ મહામારી દરમિયાન ડેડિકેટેડ કોવિડ હેલ્થકેર અને શ્રેષ્ઠતમ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે આ ગૌરવ સન્માન પ્રાપ્ત થયું હતુ. મુખ્યમંત્રીશ્રીએ યુ.એન.મહેતા હોસ્પિટલની આ ગૌરવ સિદ્ધિને પણ બિરદાવી આરોગ્ય સંભાળ ક્ષેત્રે યુ.એન.મહેતા હોસ્પિટલના પ્રદાનની પ્રસંશા કરી હતી.

આમ, ગુજરાતના હેલ્થકેર સેકટરને આ ગૌરવ સન્માન સિદ્ધિ પ્રાપ્ત થતાં ગુજરાતે ફરી એકવાર આરોગ્ય સેવા-સંભાળ ક્ષેત્રે દેશમાં અગ્રેસરતા પ્રસ્થાપિત કરી છે. ●

કિશોર જિકાદરા

# "એડવાન્સ ટેક્નોલોજી" અને "સ્કિલ બેઈઝડ લર્નિંગ" આત્મનિર્ભર ભારતને વધુ મજબૂત બનાવશે



ગુજરાતના યુવાઓના કૌશલ્યવર્ધન માટે રાજ્ય સરકાર અનેક યોજનાકીય પગલાં લે છે. વિચારગોષ્ઠિનું પણ આયોજન કરે છે. તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગરની પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી - પી.ડી.ઈ.યુ. ખાતે લેસર થ્રી-ડી મેટલ પ્રિન્ટરનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે "એડવાન્સ ટેકનોલોજી" અને "સ્કિલ બેઈઝડ લર્નિંગ" આત્મનિર્ભર ભારતને વધુ મજબૂત બનાવશે.

ગાંધીનગર ખાતે પી.ડી.ઈ.યુ.માં યોજાયેલા "એડિટિવ મેન્યુફેક્ચરિંગ એન્ડ એડવાન્સ્ડ મટીરિયલ્સ-2021" વિષયક ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના પ્રારંભ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ટેક્નોલૉજી ક્ષેત્રે થતા નવા-નવા આવિષ્કારો આર્થિક પરિવર્તન માટેના મહત્ત્વનાં પરિબળો સાબિત થાય છે, ત્યારે આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ જેવી અનેકવિધ નવીનતમ ટેક્નોલૉજીના કારણે માનવબળના ઉપયોગને સીમિત કરી મહત્તમ ઉત્પાદન મેળવી શકાય છે. રાજ્યપાલશ્રીએ "એડિટીવ મેન્યુફેક્ચરિંગ અથવા થ્રી-ડી પ્રિન્ટિંગને દેશના લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગો માટે ચાવીરૂપ ગણાવ્યું હતું. તેમણે ગુજરાત રાજ્યમાં સાત ઈજનેરી કૉલેજો અને ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટમાં થ્રી- ડી પ્રિન્ટિંગ સેન્ટર ઓફ એક્સેલન્સની કરાયેલી સ્થાપના સંદર્ભે પણ માહિતી આપી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ થ્રી-ડી પ્રિન્ટિંગને આજના સમયની આવશ્યકતા ગણાવી જણાવ્યું હતું કે, "ટેક્નોલોજીકલી એડવાન્સ" થઈને યુવાનો આત્મનિર્ભર ભારતના નિર્માણને નવી દિશા આપશે. તેમણે ઔદ્યોગિક ક્ષેત્રે ઇનોવેશનને આશીર્વાદરૂપ ગણાવ્યું હતું.


આ પ્રસંગે રાજ્યના શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, પી.ડી.ઈ.યુ.ના ડિરેક્ટર જનરલ ડૉ. સુંદર મનોહર, મિશ્ર ધાતુ નિગમના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. એસ. કે. જહા તેમજ ન્યુક્લિયર ફ્યુઅલ કોમ્પ્લેક્સના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ડૉ. શ્રીવાસ્તવ સહિતના મહાનુભાવો, વિષય નિષ્ણાતો અને ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ખેડૂતો આર્થિક સદ્ધરતા માટે પ્રાકૃતિક કૃષિ અપનાવે - રાજ્યપાલશ્રી

ખેડૂતોએ આર્થિક સદ્ધરતા માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી જોઈએ કારણ કે, સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિમાં કૃષિ ખર્ચ નહીવત્ આવે છે અને ઉત્પાદન ઘટતું નથી, તેમજ ઝેરમુક્ત ખાદ્યાન્નના ભાવ પ્રમાણમાં વધુ મળવાથી ખેડૂતોની સરેરાશ આવક વધે છે તેમ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજકોટ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે યોજાયેલી પ્રાકૃતિક કૃષિ શિબિરમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું.

આ શિબિરમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વિગતવાર સમજાવતા જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિ પદ્ધતિના દુષ્પરિણામોથી ત્રસ્ત સમાજ માટે પ્રાકૃતિક કૃષિ મજબૂત અને શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ખેડૂતોએ અપનાવવી જોઈએ. એક દેશી ગાયની મદદથી 30 એકર જમીનમાં થતી આ પ્રાકૃતિક ખેતીથી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે, જમીનની ફળદ્રુપતાનું રક્ષણ થાય છે. દેશી ગાયનું જતન-સંવર્ધન થાય છે. તેમજ કૃષિ ઉત્પાદન ઘટતું નથી અને કૃષિ ઉત્પાદનોની પ્રમાણમાં વધુ કિંમત મળવાથી સરવાળે ખેડૂતોને સીધો ફાયદો થાય છે. તેમણે પ્રાકૃતિક કૃષિને આજના સમયની માંગ ગણાવી હતી.

આ શિબિરમાં રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળના મહંત સ્વામી શ્રી દેવકૃષ્ણ દાસજી સ્વામી, મહંતશ્રી દેવપ્રસાદદાસજી સ્વામી, શ્રી લક્ષ્મીનારાયણદાસજી સ્વામી તેમજ શ્રી સંતવલ્લભ દાસજી સ્વામી સહિતના સંતગણો અને પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ●



## સરકારનો અભિગમ નાગરિકોને ત્વરિત ન્યાય



સરકારી કચેરીઓમાં અરજદારોની અરજીઓના નિકાલની પ્રક્રિયા ઝડપી બને અને સમયસર નિરાકરણ આવે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ અનુસંધાને રાજ્યના મહેસૂલ અને કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી મહેસૂલી કચેરીઓના કામકાજમાં સંપૂર્ણ પારદર્શિતા, સરળતા અને સમયસરતાને અગ્રતા આપી રહ્યા છે. તાજેતરમાં વડોદરામાં મહેસૂલી(આર.ટી.એસ.) અપીલોના હુકમોના વિતરણ કાર્યક્રમમાં કાયદા અને મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, નાગરિકોને વહેલો ન્યાય મળે તે રાજ્ય સરકારનો અભિગમ છે.

મહેસૂલ મંત્રીશ્રીએ તાજેતરમાં વડોદરા કલેક્ટર કચેરી હેઠળના વડોદરા ગ્રામના પ્રાંત અધિકારી સાથે અરજદારોની પડતર અરજીઓની સમીક્ષા કરી હતી. તે દરમિયાન સાત દિવસમાં, સુનાવણી પૂરી થઈ ગઈ છે તેવી આર.ટી.એસ.અપીલોના ચુકાદારૂપ ઠરાવો લખવાની કામગીરી પૂરી કરી દેવા સૂચના આપી હતી. એટલું જ નહીં તેમણે સંબંધિત અરજદારોને આ ઠરાવો (આદેશો) હાથોહાથ આપવા જણાવ્યું હતું

પ્રાંત અધિકારીને અરજદારોને તેમના હસ્તે આર.ટી.એસ. અપીલોનું વિતરણ કરવા જણાવ્યું હતું. વડોદરા ગ્રામ્ય નાયબ કલેક્ટર શ્રી હુંમરે આર.ટી.એસ. અપીલોના હુકમનું વિતરણ કર્યું હતું.●

## રાજકોટને ઈલેક્ટ્રિક બસ, આવાસ અને શાળાનો લાભ



ગુજરાત સરકાર શહેરી વિકાસ દ્વારા સર્વાંગીણ પ્રગતિને વેગ આપી રહી છે. તે શિક્ષણ સહિત જનસુખાકારીનાં પગલાં લઈને શહેરને વધુ સમૃદ્ધ બનાવવા સાથે જિલ્લાકક્ષાએ આર્થિક પ્રવૃત્તિના કેન્દ્રને વધુ સક્ષમ બનાવવા અનેકાનેક પગલાં અને યોજનાનો સફળ અમલ કરતી રહે છે. તાજેતરમાં રાજકોટને શાળાના નવા બિલ્ડિંગ, ઈલેક્ટ્રિક બસ અને આવાસનો ડ્રો એમ ત્રિવિધ લાભ મળ્યા હતા.

રાજકોટમાં મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં.૪૮ ના નવા બિલ્ડિંગનુ લોકાર્પણ તેમજ પ્રદૂષણમુક્ત સ્માર્ટ સિટી અભિયાન અંતર્ગત રાજકોટમાં ૨૪ ઈલેક્ટ્રિક બસને પ્રસ્થાન તેમજ વડાપ્રધાન મુખ્યમંત્રી આવાસ યોજનાના 700 આવાસના ડ્રોનો સમારોહ શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીના હસ્તે યોજાયો હતો.

રાજ્ય સરકારના વિકાસના મંત્રને યાદ કરતાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વિકાસના માર્ગે ગુજરાતમાં અનેક નવી સુવિધાઓ ઊભી થઈ રહી છે. ગુજરાતની સરકારી શાળાઓ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની શાળાઓમાં શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૦ નવી ઈલેક્ટ્રિક બસ દ્વારા પરિવહન સેવા શરૂ થવાની છે જે અંતર્ગત ૨૪ બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યોજનામાં ગ્રીન મોબિલીટી પ્રોજેક્ટ અન્વયે રૂપિયા ૪૫ લાખ કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ મંજૂર કરવાનું નક્કી કરવામાં આવેલ છે તેમજ રાજ્ય સરકાર દ્વારા પણ ઈલેક્ટ્રિક બસ દીઠ પ્રતિ કિલોમિટર મહત્તમ રૂ.૨૫ મુજબ ગ્રાન્ટ મળવાપાત્ર થશે.

આ કાર્યક્રમમાં સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા,શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, મેયર ડૉ. પ્રદીપભાઈ ડવ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી અતુલભાઈ પંડિત, મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિત અરોરા સહિતના અગ્રણીઓ તેમજ કોર્પોરેટરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# નર્મદા જિલ્લાનાં મેણબ્રિજ અને સમરખાડી બ્રિજનું લોકાર્પણ



નર્મદા જિલ્લાનાં નાગરિકોની સુખાકારી માટે રૂ.31.70 કરોડના ખર્ચે બનાવવામાં આવેલા મેણ બ્રિજ તથા સમરખાડી બ્રિજનું તાજેતરમાં માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ લોકાર્પણ કર્યું હતું. આ બ્રિજ તૈયાર થવાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીના મુલાકાતી પ્રવાસીઓ તેમજ ગરૂડેશ્વર, રાજપીપલા, તિલકવાડા અને આસપાસના વિસ્તારના સામાન્ય લોકોની અવર-જવર માટે સારી સુવિધા ઉપલબ્ધ થઈ છે. તદઉપરાંત મહારાષ્ટ્રથી વડોદરા તથા બોડેલી તરફ જતાં વાહનોના પરિવહનની સુવિધા પણ સુલભ બની છે.

આ પ્રસંગે મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ આ નદી કાંઠાને જોડતાં બ્રિજ ખૂલ્લો મૂકાતાં આ વિસ્તારના લોકોની સુખ-શાંતિ અને સમૃદ્ધિના દ્વાર ખૂલશે તેવી આશા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસની ચરમસીમાએ લઈ જવા માટે કંડારેલી વિકાસની નવી કેડી તરફ રાજય સરકારે તેની આગેકૂચ જારી રાખી છે, ત્યારે આઝાદીના આ અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન આગામી ૨૦૨૨ સુધીમાં વડાપ્રધાનશ્રીની સમાજના ગરીબ, શોષિત, પીડિતના ઉત્થાન માટેની સંકલ્પબદ્ધતાની પરિપૂર્તિ માટે ગુજરાત અગ્રેસર રહેશે, મંત્રીશ્રીએ તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને ગુજરાતનો કોઈપણ વિસ્તાર રોડ કનેક્ટિવિટીથી વિમુખ ન રહે કે કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિ મકાનની છત વિના ન રહે તેવી વ્યક્ત કરી હતી.

રાજનીતિ નહીં પણ રાષ્ટ્ર-પ્રથમની વિચારધારા સાથે દેશની ધૂરા સંભાળી રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના રજવાડાઓનું વિલીનીકરણ કરાવીને દેશને અખંડિત રાખનાર પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની સૌથી ઊંચી એકતાની ૧૮૨ મીટરની પ્રતિમા કેવડિયામાં સ્થાપીને આ વિસ્તારમાંથી વૈશ્વિક એકતાનો સંદેશો સમગ્ર વિશ્વમાં ગુંજતો કર્યો છે.

મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, આ બન્ને પુલની ફોરલેન કનેક્ટિવિટીની સુવિધા તો આ વિસ્તારના સર્વાંગી વિકાસની માત્ર એક ઝાંખી જ છે. આગામી વર્ષોમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી સમગ્ર દેશ અને વિશ્વના પ્રવાસીઓથી ઉભરાશે. જેને લીધે આ વિસ્તારના તેમજ આજુબાજુના વિસ્તારના લોકોને પૂરતી રોજગારી મળી રહેશે. આ પ્રસંગે સંસદસભ્ય સર્વ શ્રી મનસુખભાઈ વસાવા, શ્રીમતી ગીતાબહેન રાઠવા, નગરપાલિકાના પ્રમુખ શ્રી કુલદિપસિંહ ગોહિલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# જામનગરના બ્રાસ ઉદ્યોગને વધુ મદદરૂપ થવાની સરકારની ભાવના

ગુજરાતના વિકાસમાં ઔદ્યોગિક ગૃહો અને વસાહતોનો ફાળો પણ સવિશેષ છે. આર્થિક સ્થિરતા અને પ્રગતિ માટે ઔદ્યોગિક ક્ષેત્રે સક્ષમ હોવું અતિઆવશ્યક છે. ગુજરાત સરકારે આ ક્ષેત્રને વધુને વધુ મજબૂત કરવા વિવિધ યોજના અમલી બનાવી છે. સમયાંતરે ઔદ્યોગિક ક્ષેત્રના અગ્રણીઓ સાથે વિકાસલક્ષી ચર્ચા પણ કરવામાં આવે છે. તાજેતરમાં જામનગર જિલ્લાની દરેડ જી.આઇ.ડી.સી. ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે ના જી.આઇ.ડી. સી. પ્લોટ એન્ડ શેડ એસોસિયેશનના હોદ્દેદારોની બેઠક મળી હતી.



મંત્રીશ્રીએ બેઠકમાં જણાવ્યું હતું કે, જામનગર બ્રાસ સિટી તરીકે ઓળખાય છે. આ ઉદ્યોગે જામનગરને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવી છે તેમજ અનેક લોકોને રોજગારી પૂરી પાડી છે, ત્યારે આ ઉદ્યોગો હજુ વધુ વિકસિત થાય તે માટે ઉદ્યોગકારોને વધુમાં વધુ ઉપયોગી થવાની સરકારની ભાવના રહેલી છે. મંત્રીશ્રીએ બેઠકમાં જી.આઇ.ડી.સી.એસોસિયેશન દ્વારા રજૂ કરેલ પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પરત્વે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ●

## પારડીમાં રક્તદાન શિબિર આયોજકોનું સન્માન



માનવ આરોગ્ય સેવા કેન્દ્ર દ્વારા આયોજિત રક્તદાન શિબિર આયોજકોના સન્માન સમારંભમાં નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈએ વિશેષ ઉપસ્થિત રહી સંસ્થાની સેવા ભાવનાને બિરદાવી હતી. નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે, વિશિષ્ટ બાળકોની વિશિષ્ટ સેવા કરતા વાત્સલ્ય શાળાના સંચાલકોની કામગીરી સરાહનીય છે. વધુમાં મંત્રીશ્રીએ કોરોના કાળમાં રક્તદાતાઓની અતુલ્ય સેવા ખૂબજ પ્રસંશનીય રહી હોવાનું જણાવ્યું હતું. માનવ આરોગ્ય સેવા કેન્દ્ર દ્વારા સન્માનપત્ર આપી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈનું સન્માન કરાયું હતું. માનવ આરોગ્ય સેવા કેન્દ્રના દિનેશભાઇ સાકરીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. ●

## મોરબીમાં જનસમસ્યાનો સત્વરે ઉકેલ લાવવા તાકીદ



મોરબી કલેકટર કચેરી મિટિંગ હૉલ ખાતે શ્રમ અને રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો) ગ્રામ વિકાસ, ગ્રામ ગૃહનિર્માણ રાજયમંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજાના અધ્યક્ષસ્થાને મોરબી નગરપાલિકા વિસ્તારના પ્રશ્નો અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. મંત્રીશ્રીએ શહેરી વિસ્તારમાં લોકોને પીવા માટેનું શુદ્ધ પાણી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે નગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટ, ભૂગર્ભ ગટર તેમજ લોકોને પડતી સમસ્યાઓનો તાત્કાલિક ધોરણે ઉકેલ લાવવા પણ તાકીદ કરી હતી.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી એન. કે. મુછાર, નગરપાલિકા પ્રાદેશિક કમિશનર કચેરી રાજકોટના શ્રી એન.એફ. ચૌધરી નગરપાલિકાના વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ, અધિકારીઓ- પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

## ચીખલી તથા ગણદેવી તાલુકાનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત - લોકાર્પણ

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના માણેકપોર, ચાસા, મીણકચ્છ, ટાંકલ, બોડવાંક, ચીતાલી તથા ગણદેવી તાલુકાના અંભેટા, નાંદરખા, પાટી, ખેરગામ, વડસાંગળ, દેસાડ, દુવાડા તથા કલવાચ ગામે માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા કુલ રૂા.૧૨ કરોડના ખર્ચે રસ્તાઓ, પુલોનાં કામોનું આદિજાતિ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા મંત્રી શ્રી નરેશભાઇ પટેલે ખાતમુહૂર્ત/લોકાર્પણ કર્યું હતું.

મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસથી જનજનને સાથે



રાખીને પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે. કોરોનાકાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રાને થંભવા દીધી નથી. ગુજરાતે કોરોનાકાળમાં સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરીને લોકોની તકલીફ હળવી કરવાના તમામ પ્રયત્નો કર્યા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમે પ્રજાની સમસ્યા અને તેમને પડતી મુશ્કેલીઓને ધ્યાને રાખીને મદદરૂપ થવાના સેવાભાવ સાથે વિકાસકામો કરી રહ્યા છીએ. અમારી સરકારે છેવાડા અને નાનામાં નાના વ્યક્તિ સુધી પહોંચવામાં સફળતા મેળવી છે. અમારી સરકારના દ્વાર પ્રજાજનો માટે હંમેશાં ખુલ્લાં છે. મંત્રી શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આગામી તહેવારોમાં ૭૦ લાખ લોકોને ખાંડ તથા તેલ આપવામાં આવશે. લોકોની સમસ્યાઓને ધ્યાને રાખીને રાજ્ય સરકારે પાયાની ભૌતિક સુવિધાઓ આપીને જનવિશ્વાસ સંપાદિત કર્યો છે. ગુજરાતનાં તમામ ગામો રોડ કનેક્ટિવિટીથી જોડાયાં છે. તે બાબતે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે.

આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભીખુભાઇ આહિર, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કલ્પનાબેન, બાંધકામ સમિતિના અધ્યક્ષા શ્રી દિપાબહેન, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ડૉ. અમિતાબહેન પટેલ, અગ્રણી શ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી મયંકભાઈ પટેલ, જિલ્લા/તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# દાંતીવાડા યુનિવર્સિટીમાં વન્યજીવ સંરક્ષણ જાગૃતિ સેમિનાર



વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને વન્યજીવ સંરક્ષણ જાગૃતિ સેમિનાર યોજાયો હતો. બનાસકાંઠા વન વિભાગ દ્વારા યોજાયેલા આ સેમિનારમાં મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાએ સમગ્ર જીવ સૃષ્ટિના સંરક્ષણ અને સંવર્ધન વિશે વાત કરતાં જણાવ્યું કે, હજારો-કરોડો વર્ષોથી આ સૃષ્ટિનું ચક્ર કુદરતના ક્રમ પ્રમાણે ચાલે છે. કુદરતની ચેનલ પ્રમાણે સર્જન-વિસર્જન થાય છે. તેમણે કહ્યું કે, આ સૃષ્ટિ પર માત્ર માણસોનો જ નહીં, બધા જ જીવજંતુઓ, સજીવોને જીવવાનો અને મુક્ત રીતે વિહરવાનો અધિકાર છે.

આ પ્રસંગે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. આર. એમ. ચૌહાણ, ગાંધીનગર વર્તુળના વન સંરક્ષકશ્રી ડૉ. બી. સુચિત્રા, નાયબ વન સંરક્ષકશ્રી મિતેષ પટેલ, સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી અભયકુમારસિંહ, વાઇલ્ડ લાઇફ બોર્ડના ડૉ. નિશીથ ધારૈયા, સંશોધન નિયામકશ્રી ડૉ. બી. એસ. દેવડા, વિદ્યાર્થી કલ્યાણ નિયામક શ્રી ડૉ. કે.પી.ઠાકર સહિત વન વિભાગના અધિકારીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# સી.એમ. ડેશબોર્ડમાં જૂનાગઢ જિલ્લો પ્રથમ સ્થાને



રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં નાગરિકોની સેવાઓ અને યોજનાકીય સિદ્ધિઓ તેમજ પેન્ડિંગ કામગીરી પર દેખરેખ રાખવા મુખ્યમંત્રીશ્રીના સીધા દેખરેખ હેઠળ સી.એમ. ડેશબોર્ડ કાર્યરત છે. સુશાસન અને ઇ-ગવર્નન્સના ભાગરૂપે કાર્યરત ડેશબોર્ડમાં જૂનાગઢ જિલ્લાએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. જૂનાગઢ જિલ્લાની કામગીરીમાં ઝડપી સુધારો થતાં પ્રથમ રેન્ક પર જિલ્લાનું સ્થાન આવ્યું છે.

જિલ્લા કલેક્ટર શ્રી રચિતરાજના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાની કચેરીઓમાં લોકોની અરજીઓની પેન્ડન્સી ઝીરો થાય તેમજ ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ થાય તે માટે સતત માર્ગદર્શન આપવા સાથે વિવિધ કચેરીઓની કામગીરીનું સંકલન થાય તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જિલ્લામાં ટીમ વર્કથી કામગીરીમાં ઝડપી સુધારો આવ્યો છે.

સી.એમ. ડેશબોર્ડ પર વિવિધ ૪૨ જેટલી સેવાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવતી હોય છે. જેમાં ડિજિટલ ગુજરાત અંતર્ગત ઓનલાઇન આવતી અરજીઓનો નિકાલ, વિવિધ સર્ટિ કાઢવા, ૧૦૮ ની કામગીરીમાં ઝડપી રિસ્પોન્સ, ગૃહ વિભાગ લગત કામગીરી, સમાજ સુરક્ષા, મહેસૂલ સંબંધી કામગીરી, મામલતદાર ઓફિસની વિવિધ સેવાઓ, રેશનકાર્ડ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ તમામ કામગીરીમાં જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી છે.

સી.એમ. ડેશબોર્ડમાં જિલ્લાને પ્રથમ રેન્ક મળતા કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજી કર્મચારીઓ અધિકારીઓને પ્રોત્સાહન આપવા ખાસ ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી રચિત રાજે તમામ અધિકારીઓ કર્મચારીઓને અભિનંદન પાઠવી જિલ્લાની કામગીરી દરેક ક્ષેત્રે શ્રેષ્ઠ રાખવા અને ટીમવર્કથી પ્રજાલક્ષી કામગીરીમાં ઉત્તરોત્તર સુધારો કરવા અનુરોધ કર્યો હતો. ●

# પોલીસ વન મહોત્સવનો પ્રારંભ તથા પોલીસ આવાસનું લોકાર્પણ

પાટણ ખાતે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ગુજરાત પોલીસના રાજ્યકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ કરાવવા સાથે પોલીસ આવાસ નિગમ દ્વારા નવનિર્મિત પોલીસ આવાસોનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, જેમનો સતત ગુનેગારો સાથે પનારો પડે છે તેવા પોલીસ વિભાગ દ્વારા વૃક્ષારોપણ જેવાં હકારાત્મક કાર્યો કરવામાં આવે છે તે સરાહનીય છે. વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે રાજ્યના તમામ જિલ્લા અને શહેરોમાં આવેલા પોલીસ સ્ટેશન્સ, પોલીસ હેડક્વાર્ટર અને પોલીસ આવાસ ખાતે બે લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. જેના ઉછેરથી પોલીસ સ્ટેશન્સમાં હરિયાળીના કારણે હકારાત્મક ઊર્જાનો સંચાર થશે.



પાટણ ખાતે સૌપ્રથમવાર કોન્સ્ટેબલ કક્ષાના પોલીસકર્મીઓ માટે બે રૂમ ધરાવતા આવાસના લોકાર્પણ કરતાં ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પોલીસ દળના જવાનો માટે સુવિધાયુક્ત આવાસોનું નિર્માણ કરવાનો નિર્ણય એ ખૂબ મહત્વનો બદલાવ સાબિત થશે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય એક મોટો બદલાવ છે. પાટણના જાડેશ્વર પાલડી ખાતે રૂ.૧૧.૯૮ કરોડના ખર્ચે આવાસ બનાવવામાં આવ્યા છે. જેમાં પાટણ ખાતે બી ટાઈપના ૮૦ આવાસો તથા ચાણસ્મા ખાતે બી ટાઈપના ૨૬ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચાણસ્માના ધારાસભ્ય શ્રી દિલીપકુમાર ઠાકોર, જિલ્લા પંચાયતના પ્રમુખ સુશ્રી ભાનુમતીબહેન મકવાણા, નગરપાલિકાના પ્રમુખ સુશ્રી સ્મિતાબહેન પટેલ તથા પાટણ જિલ્લા પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા ●

# પાટણ ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

સરહદી જિલ્લા પાટણમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિથી માહિતગાર થવા તથા સુરક્ષાની સ્થિતિનું નિરીક્ષણ કરવા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીશ્રીઓની ક્રાઈમ કોન્ફરન્સનું તાજેતરમાં પાટણ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટીયા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં પોલીસ અધિક્ષક શ્રી અક્ષયરાજ મકવાણાએ રજૂ કરેલી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંદર્ભે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અક્ષયરાજ મકવાણાએ પ્રેઝન્ટેશન દ્વારા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગૃહરાજ્ય મંત્રીશ્રીને માહિતી આપતાં જણાવ્યું હતું કે, સરહદ સાથે જોડાયેલા પાટણ જિલ્લામાં ઈન્ટેલિજન્સ સેવાઓ સારી બને તે માટે અખંડ ભારત પોલીસ મિત્ર યોજના અંતર્ગત પોલીસ જવાન, ગ્રામ રક્ષક દળના જવાનો તથા હોમગાર્ડના જવાનો કામગીરી કરી રહ્યા છે. આ ઉપરાંત, પગીની મદદ અને બી.એસ.એફ. સાથે પોલીસ જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા છે.

વાહનચોરી અને ઘરફોડ ચોરીઓના ડિટેક્શન માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયેલા વિશ્વાસ પ્રોજેક્ટની માહિતી આપતાં પોલીસ અધિક્ષકશ્રીએ જણાવ્યું કે, વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ પાટણ, રાધનપુર અને સિદ્ધપુર શહેર ખાતે કુલ ૯૧ સ્થળોએ ૪૯૬ સી.સી.ટી.વી. કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવશે. સતત મોનિટરિંગના કારણે જિલ્લામાં ચેઈન સ્નેચિંગ, લૂંટ અને ચોરી જેવી ઘટનાઓમાં સતત ઘટાડો થવા પામ્યો છે.

ગૃહરાજ્યમંત્રીશ્રીએ પાટણ ક્રાઈમ રિપોર્ટ્સ વેબ પોર્ટલનું લોન્ચિંગ કર્યું હતું. આ સાથે જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવામાં તથા કોરોના વાઇરસ મહામારીની સ્થિતિમાં શ્રેષ્ઠતમ કામગીરી કરનાર પોલીસ અધિકારીશ્રીઓ અને પોલીસકર્મીઓને ગૃહરાજ્યમંત્રીશ્રીના હસ્તે પ્રશસ્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ ક્રાઈમ કોન્ફરન્સમાં અધિક પોલીસ મહાનિદેશક શ્રી નરસિમ્હા કોમાર, પોલીસ મહાનિરીક્ષક શ્રી જે.આર. મોથલિયા, જિલ્લા કલેક્ટર શ્રી સુપ્રીતસિંઘ ગુલાટી અને નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ સહિતના પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# 'ઓપ્ટિમલ અર્લી ચાઈલ્ડહૂડ ડેવલપમેન્ટ' વિષયક વર્કશોપ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરનાં બાળકો, કિશોરીઓ અને સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાના આરોગ્ય અને પોષણની સ્થિતિ તંદુરસ્ત કરવા પોષણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આવા અનેકવિધ પગલાં ગુજરાત સરકાર પણ લઇ રહી છે. રાજ્ય સરકાર સમાજના તમામ વર્ગોની આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા માટે હરહંમેશથી પ્રયત્નશીલ અને પ્રતિબદ્ધ છે. તાજેતરમાં ગર્ભસ્થ માતાઓ, નવજાત શિશુ તથા બાળકોના આરોગ્ય અને ઉત્તમ તંદુરસ્તીના ઉદ્દેશ સાથે મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે 'ઓપ્ટિમલ અર્લી ચાઈલ્ડહૂડ ડેવલપમેન્ટ' વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ વિકાસ વિભાગના આઇ.સી.ડી.એસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ વર્કશોપમાં નિષ્ણાતો દ્વારા માતા ગર્ભ ધારણ કરે તે દિવસથી બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીના ૧ હજાર દિવસના સમયગાળામાં માતા અને બાળકની મેડિકેશન અને ન્યુટ્રિશિયનની મહત્તા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે જણાવ્યું હતું કે, “નેશનલ ફેમિલી હેલ્થ સર્વે” ૨૦૧૯-૨૦ના સર્વેના આંકડાઓ મુજબ ગુજરાત રાજ્યમાં ૯૪.૩ ટકા સંસ્થાકીય ડિલિવરી થાય છે. પ્રથમ કલાકમાં બાળકને બ્રેસ્ટફિડિંગ કરાવવું બાળકની તંદુરસ્તી માટે ખૂબ જ જરૂરી છે. કારણ કે પ્રથમ પીળું ઘટ્ટ દૂધ- કોલેસ્ટ્રોમને બાળકના જીવનની પ્રથમ રસી માનવામાં આવે છે. જે કુદરત તેને તૈયાર કરી આપે છે. જેમાં ભરપૂર માત્રામાં એન્ટિબોડી હોય છે. જે બાળકની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરે છે.

માતૃ-બાળ પોષણ અને આરોગ્ય સંબંધિત આ એક દિવસીય કન્સલ્ટેશન વર્કશોપમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે સમતોલ પોષણ અને આયુર્વેદિક વિરાસતનો અતુલ્ય સમન્વય ધરાવતા 'આયુષ ટેક હોમ રેશન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આયુર્વેદને સાંકળીને પોષણ કિટ તૈયાર કરવામાં આવી છે. તે ઉપરાંત રાજ્યના 'પોષણ સુધા યોજના'ના લાભાર્થીઓને સમયસર અને ઝડપી લાભ મળી રહે અને તેનું રિયલ ટાઇમ મોનિટરિંગ થઈ શકે તે હેતુસર 'પોષણ સુધા યોજના' મોબાઇલ એપ્લિકેશનનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

ગુજરાત યુનિસેફના ઓફિસર ઇનચાર્જ શ્રી શ્યામ નારાયણ દવેએ આ જરૂરી વિષય પર વર્કશોપનું આયોજન કરવા બદલ ગુજરાત સરકારને અભિનંદન પાઠવી કહ્યું હતું કે, ન્યુટ્રિશન એ દરેક સમાજ, પરિવાર અને ઘર સાથે સંકળાયેલો એક મહત્ત્વનો મુદ્દો છે. બાળકો એ આપણા દેશનું ભવિષ્ય છે અને ભવિષ્યને સલામત રાખવું એ આપણા સૌની જવાબદારી છે એ માટે જ ગર્ભાવસ્થાના દિવસથી એક હજાર દિવસ સુધી શું ખાવું અને શું નહીં તે અંગે ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. ત્યારે જ આપણે તંદુરસ્ત પરિવાર અને સમાજનું નિર્માણ કરી શકીશું.

આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ વિભાગના કમિશનર શ્રી કે. કે. નિરાલા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, યુનિસેફના ન્યુટ્રીશિયન સ્પેશિયલિસ્ટ ડૉ. કવિતા શર્મા, ફેડરેશન ઓફ ઓબ્સ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજીકલ સોસાયટી ઓફ ઇન્ડિયાના ડૉ. અલ્પેશ ગાંધી, પીડિયાટ્રિશિયન ડૉ. કેતન ભરડવા, એમ.એસ. યુનિવર્સિટી બરોડાના ડૉ. હેમાંગીની ગાંધી, ડૉ. દિગંત શાસ્ત્રી, યુનિસેફના હેલ્થ સ્પેશિયાલિસ્ટ ડૉ. નારાયણ ગાવોંકર, પોષણ અભિયાનના મિશન ડાયરેક્ટર શ્રી રાકેશ વ્યાસ, આઇ.સી.ડી.એસ ડાયરેક્ટર શ્રી ડી.એન.મોદી, ઇન્ડિયન એકેડેમી ઓફ પીડિયાટ્રિક્સ તથા ગાયનેકોલોજિસ્ટ એસોસિયેશનના નિષ્ણાત તબીબો ઉપરાંત રાજ્યના તમામ જિલ્લાઓમાંથી સી.ડી.એચ.ઓ અને પ્રોગ્રામ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આરોગ્ય તથા પોષણના કાર્ય સાથે સંકળાયેલી સંસ્થાઓના સંચાલકશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સરકારી નોકરીઓમાં ભરતી માટે વય મર્યાદામાં એક વર્ષની છૂટછાટ



કોરોનાં સમયગાળા દરમિયાન સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન થઈ શકયુ નથી ત્યારે રાજયનાં યુવાનોને સરકારી નોકરીઓમાં વધુ તક મળી શકે તે હેતુથી સરકારી નોકરીઓની ભરતી માટેની વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ આપીને વધુને વધુ યુવાનોને સરકારી સેવામાં જોડાવાની તક આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારના પ્રવક્તા શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ રાજ્ય મંત્રીમંડળના નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, વય મર્યાદાની આ છૂટછાટ તા.૧ સપ્ટેમ્બર ૨૦૨૧થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ સુધી લાગુ કરવામાં આવી છે.

રાજયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા સીધી ભરતી માટે સ્નાતક કે સમકક્ષની લાયકાતમાં બિન અનામત પુરુષ ઉમેદવારોમાં હાલની ૩૫ વર્ષની વયમર્યાદામાં એક વર્ષનો વધારો કરીને ૩૬ વર્ષ કરવામાં આવી છે. આ ઉપરાંત સ્નાતક કરતા ઓછી લાયકાત ધરાવતી જગ્યાઓના કિસ્સામાં બિનઅનામત પુરુષ ઉમેદવારો માટે હાલની ૩૩ વર્ષની વય મર્યાદામાં એક વર્ષનો વધારો કરીને હવે ૩૪ વર્ષ કરવામાં આવી છે.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. અને (આર્થિક રીતે નબળા વર્ગો)ની કેટેગરીના પુરુષ ઉમેદવારોના કિસ્સામાં સ્નાતક કે સમકક્ષ લાયકાત માટેની હાલની વય મર્યાદા ૪૦ વર્ષની છે તેમાં એક વર્ષનો વધારો કરીને ૪૧ વર્ષ કરવામાં આવી છે. જયારે આ કેટેગરીમા સ્નાતકથી નીચેની કક્ષા માટે ૩૮ વર્ષની વયમર્યાદા છે તે વધારીને એક વર્ષ વધારીને ૩૯ વર્ષની કરવામાં આવી છે.

મહિલા તરીકે અનામત કેટેગરીની મહિલાઓને પાંચ વર્ષની છૂટછાટ મળે છે. તે પછી તેમની વય મર્યાદા ૪૫ વર્ષની થાય છે. ભરતી નિયમો અંતર્ગત આ છૂટછાટ આપ્યા બાદ આ વય મર્યાદા ૪૫ વર્ષથી વધે નહીં તેવી જોગવાઈ હોવાથી મહિલા અનામત કેટેગરીમાં વધારાનો એક વર્ષનો લાભ સીમિત થાય છે.

બિન અનામત મહિલા ઉમેદવારોના કિસ્સામાં સ્નાતકથી નીચેની લાયકાત વાળી જગ્યાઓ માટે હાલની ૩૮ વર્ષની વયમર્યાદામાં એક વર્ષનો વધારો કરીને ૩૯ વર્ષ કરવામાં આવી છે, એટલુ જ નહીં સ્નાતક કક્ષાની જગ્યાઓ માટે બિન અનામત મહિલા ઉમેદવારોના કિસ્સામાં હાલની ૪૦ વર્ષની વયમર્યાદામાં વધારો કરી ૪૧ વર્ષ કરવામાં આવી છે. એ.સી./એસ.સી./ઓ.બી.સી. અને (આર્થિક રીતે નબળા વર્ગો)ની કેટેગરીના મહિલા ઉમેદવારોના કિસ્સામાં સ્નાતકથી નીચેની લાયકાતવાળી જગ્યાઓમાં હાલની ૪૩ વર્ષની વયમર્યાદા વધારીને ૪૪ વર્ષની કરવામાં આવી છે. આવી કેટેગરીમાં સ્નાતક કે સમકક્ષ લાયકાતના કિસ્સામાં વયમર્યાદા ૪૫ વર્ષ યથાવત રાખવામાં આવી છે તેની પણ વિગતો તેમણે આપી હતી.

રાજય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં એસ.સી/એસ.ટી/એસ.ઈ.બી.સી./ (આર્થિક રીતે નબળા વર્ગો) તેમજ મહિલા કેટેગરીમાં મહત્તમ નક્કી કરેલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે નક્કી કરવામાં આવી છે. ●

# ટેટ પરીક્ષાની વેલિડિટિમાં વધારો

રાજ્યના વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કારકીર્દિ ઘડી શકે તે માટે રાજ્ય સરકારે ટેટના વિદ્યાર્થીઓની પરીક્ષાની વેલિડિટિ નવી શિક્ષણ નીતિ નક્કી ન થાય ત્યાં સુધી વધારવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને પરિણામે ૩૩૦૦ જેટલા યુવાનોને રોજગારી મળશે.

રાજ્ય સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ અંતર્ગત અલગ અલગ જે નવા ફેરફારો થવાના છે એ પૈકીના એક છે શિંક્ષકોની ભરતીમાં સુધાર લાવવો. એમાં ટેટ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરીને અત્યારે જે મલ્ટીપલ ચોઇસ પ્રશ્નનું એક માત્ર જે પેપર છે એના બદલે એમાં ત્રિસ્તરીય પરીક્ષા પદ્ધતિ અમલી છે. જેમાં પહેલા ઈલિમિનેશન રાઉન્ડ હોય પછી સબ્જેક્ટિવ એક્ઝામ હોય, ક્લાસરૂમ ડેમોની આ ત્રિસ્તરીય પદ્ધતિ માટેની નવી શિક્ષણ નીતિની જે ભલામણો છે એની અમલવારી ટૂંક સમયમાં ગુજરાતમાં પણ થશે અને એ અમલવારી ન થાય ત્યાં સુધી આ એક્સેસ્પશન કરવામાં આવ્યુ છે. ●

# દર વર્ષે આવકનું પ્રમાણપત્ર મેળવવામાંથી મુક્તિ

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની યોજનાઓનો લાભ મેળવવામાં એકસૂત્રતા જળવાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રાજ્યમાં 'ડિજિટલ ગુજરાત' અન્વયે આવકના જે પ્રમાણપત્રો ગ્રામ્ય કક્ષાએ તલાટી-કમ-મંત્રી દ્વારા ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્ર પરથી કાઢી આપવામાં આવે છે તેની સમયમર્યાદા હવે ૧ વર્ષથી વધારીને ત્રણ વર્ષની કરવામાં આવી છે.



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ જનહિતકારી નિર્ણયને પરિણામે રાજ્યના ગ્રામીણ વિસ્તારના લાખો લાભાર્થીઓને હવે વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવવાની સરળતા થશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આવકના પ્રમાણપત્રો ઈસ્યૂ થયા તારીખથી ત્રણ વર્ષ માટે ગ્રાહ્ય રાખવામાં આવે છે. રાજ્યના અન્ય વિભાગોની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા લાભાર્થીઓને દર વર્ષે આવકનું પ્રમાણપત્ર લેવું પડતું હોય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સમસ્યાનું નિવારણ લાવતાં હવે તલાટી કમ મંત્રી દ્વારા ગ્રામીણ કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો પરથી આપવામાં આવતાં આવકનાં પ્રમાણપત્રોની અવધિ પણ ૧ વર્ષથી વધારીને ત્રણ વર્ષની કરવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર, હવેથી રાજ્યના લાભાર્થીઓને દર વર્ષે નવાં આવક પ્રમાણપત્ર મેળવવાથી મુક્તિ મળશે અને એક જ પ્રકારની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે નહિ. આ અંગેના જરૂરી આદેશો રાજ્યના પંચાયત વિભાગે બહાર પાડયા છે. ●

# ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામત કરાશે

ગુજરાતમાં ચોમાસાની ઋતુમાં અનેક માર્ગો ક્ષતિગ્રસ્ત થયા હતા. જેને સત્વરે મરામત કરવાની આવશ્યકતા હતી. તેને પ્રાથમિકતા આપીને મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રાજ્યના નગરોમાં માર્ગ-રસ્તાઓને થયેલા નુકસાનની મરામત અને રોડ રિસરફેસનાં કામો માટે રૂ.૭૪.૭૦ કરોડ તત્કાલ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં આ ચોમાસા દરમ્યાન ભારે થયેલા વરસાદ અને હજુ પણ વરસાદની સ્થિતિ જોતાં શહેરી વિસ્તારોમાં રસ્તા માર્ગોને જે નુકસાન થયું છે તેનું રિપેરિંગ, રિસરફેસ તેમજ નાગરિક સુવિધા વૃદ્ધિના માર્ગ મરામત કામોમાં થર્મો પ્લાસ્ટિક રોડ પેઈન્ટ, કર્બ પેઈન્ટ, સ્ટ્રીટ લાઈટ બોર્ડ અને રોડ સેફટીનાં કામો વગેરે માટે આ રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

આ કામો ઝડપથી હાથ ધરાય અને નાગરિકોને આવાગમનની સરળતા રહે તેમજ ઓછામાં ઓછી તકલીફ પડે તે હેતુસર તત્કાલ દરેક નગરપાલિકાઓને આ રકમ ફાળવવાનો જનહિત અભિગમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રાજ્યની 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૭૫ લાખ, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૬૦ લાખ, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪૫ લાખ તેમજ 'ડ' વર્ગની ૪૪ નગરપાલિકાઓને પ્રત્યેકને ૩૦ લાખ એમ રાજ્યની તમામ ૧૫૬ નગરપાલિકાઓને સમગ્રતયા ૭૪.૭૦ કરોડ રૂપિયા રોડ રસ્તા રિપેરિંગ, રિસરફેસિંગના કામો માટે ફાળવવામાં આવ્યા છે. ●

# ધ્રાંગધ્રામાં ડ્રેનેજના કામ માટે રૂ. ૧૯ કરોડ મંજૂર

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા નગરપાલિકાના ૧૯.૨૭ કરોડ રૂપિયાના ભૂગર્ભ ગટર યોજનાનાં કામોને રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આ ભૂગર્ભ ગટરનાં કામોની મંજૂરી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી છે. ધ્રાંગધ્રા નગરમાં આ ભૂગર્ભ ગટરનાં કામો પૂર્ણ થતાં નાગરિક સુવિધામાં વૃદ્ધિ થશે. ધ્રાંગધ્રા નગરપાલિકાએ આ ભૂગર્ભ ગટર યોજના માટે ૮૦ કિ.મિ. કલેક્ટિંગ સિસ્ટિમ સાથેના ૧૯.૨૭ કરોડ રૂપિયાના અંદાજો રાજ્ય સરકાર સમક્ષ રજૂ કર્યા હતા તેને મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે.

તદઅનુસાર, આ ભૂગર્ભ ગટર યોજનાના ઘટકોમાં સીવર કલેક્ટિંગ સિસ્ટિમ, મેનહૉલ, હાઉસ કનેકશન ચેમ્બર તથા પમ્પિંગ સ્ટેશનનો સમાવેશ થવાનો છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આકાર પામનારી ધ્રાંગધ્રા નગરની આ ભૂગર્ભ ગટર યોજનાનો લાભ ૬ હજાર જેટલા ઘરોને મળશે.

એટલું જ નહિ, નગરપાલિકામાં હાલ જનરેટ થતા પાંચ એમ.એલ.ડી સીવેજમાં આ ભૂગર્ભ ગટર યોજનાનાં કામો પૂર્ણ થવાથી વધુ ૩ એમ.એલ.ડી સીવેજ જનરેટ થશે અને સ્વચ્છતા-સફાઈમાં વધુ વેગ આવશે. ●

## રાજ્યમાં પોલીસ સંવર્ગની વિવિધ ૨૭૮૪૭ જગ્યાઓ ભરાશે



કોવિડના કારણે પેન્ડિંગ રહેલી પોલીસ વિભાગની ભરતીની કાર્યવાહી ઝડપથી થાય અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બને તે હેતુથી રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની સરકાર દ્વારા ગૃહ વિભાગ હસ્તક વિવિધ પોલીસ સંવર્ગની ૨૭૮૪૭ જગ્યાઓ ભરવાનો મહત્ત્વનો નિર્ણય કરાયો છે.

રાજ્ય સરકારના આ નિર્ણય અંગે માહિતી આપતા ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર(પ્લાટુન કમાન્ડર), ઈન્ટેલીજન્સ ઓફિસર, બિન હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર, લોકરક્ષક તથા મોટર ટ્રાન્સપોર્ટ અને વાયરલેસ જેવા ટૅક્નીકલ સંવર્ગોના પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને ટૅક્નીકલ ઓપરેટર તથા હોમગાર્ડ્સ અને ગ્રામ રક્ષક દળ(માનદ)ની મળીને અંદાજિત ૨૭૮૪૭ જગ્યાઓ માટે ભરતીનું આયોજન આગામી ૧૦૦ દિવસમાં કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના શિક્ષિત યુવાઓને રોજગારી પ્રાપ્ત થાય તે માટે રોજગારીની નવી તકો ઉપલબ્ધ બનાવીને ખૂબ જ ટૂંકા સમયગાળામાં ભરતી પ્રક્રિયાનું આયોજન કરીને યુવાઓને રોજગારી આપવા રાજ્ય સરકાર હરહંમેશાં કટિબદ્ધ છે. આ નિર્ણયના ફળસ્વરૂપે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બનશે. ગુજરાતના નાગરિકોને વધુ સારી પોલીસ સેવા પ્રાપ્ત થશે અને રાજ્યની સુરક્ષામાં વધારો કરવા માટેના રાજ્ય સરકારનાં પગલાઓ વધુ અસરકારક બનશે. ●

## ધોરણ-૯થી ૧૨ની પ્રથમ છ માસિક કસોટી મરજિયાત



ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધી છે. ગત વર્ષોમાં યુપીએસસીની પરીક્ષામાં જ્વલંત સફળતા હાંસલ કરનાર ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. ઉજ્જવળ ભાવિ અને કારકિર્દી માટે ગુજરાત સરકાર પણ વિદ્યાર્થીના હિતમાં નિર્ણયો લેતી આવી છે. તાજેતરમાં વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને વધુ એક શિક્ષણલક્ષી નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. જેની માહિતી આપતા શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, બોર્ડ દ્વારા લેવાનાર ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ છ માસિક કસોટી રાજ્ય સરકાર દ્વારા મરજિયાત કરવામાં આવી છે.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રતિનિધિઓ સાથે શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને શિક્ષણરાજ્યમંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાની સૂચનાથી શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં મહામંડળ દ્વારા કરાયેલી રજૂઆતો સંદર્ભે સવિસ્તૃત ચર્ચા-વિચારણા કરી આ નિર્ણય કરાયો છે. શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ ઉમેર્યું કે, ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ માટે રાજ્યભરમાં બોર્ડ દ્વારા પરીક્ષાઓનું આયોજન કરવામાં આવતું હોય છે તેવા સંજોગોમાં ધોરણ ૯ થી ૧૨ની પરીક્ષાઓ બોર્ડ દ્વારા યોજવી વહીવટી રીતે મુશ્કેલ અને ગુપ્તતા જાળવવામાં પણ મુશ્કેલીઓ ઊભી થવાના પ્રશ્નો રહે છે. એટલા માટે આ નિર્ણય કરાયો છે. આ સાથે, સ્વનિર્ભર શાળાઓ પોતાની રીતે કાર્ય અને અભ્યાસ નિશ્ચિત કરે છે ત્યારે બોર્ડનાં રિઝલ્ટ સારાં આપી શકાય છે. આ બેઠકમાં મહામંડળના પદાધિકારીઓ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ઈંટ- વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમજીવીઓના વેતનમાં સુધારો

રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ઈંટો પકવવાના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમજીવીઓના દૈનિક વેતનમાં સુધારો કરી લઘુતમ વેતન રૂા. ૨૯૩ ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત વેતન ઉપરાંત જીવનનિર્વાહ આંક અનુસાર ખાસ ભથ્થું પણ ચૂકવવાનું રહેશે.

આ અંગે મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ દ્વારા કરવામાં આવેલાં વૈજ્ઞાનિક અભ્યાસ અને તારણોના આધારે માત્ર કામના કુલ કલાકો મુજબ નહીં, પરંતુ કુલ કામગીરી મુજબ મહેનતાણું ચૂકવવાનો નિર્ણય શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. જે અંતર્ગત જાહેર કરવામાં નવા વેતનદરો મુજબ માટી ખોદીને ઈંટો બનાવનારા તથા પકવનારાઓને પ્રતિ ૪૯૦ ઈંટો દીઠ રૂા.૨૯૩, ભરતીવાળાને પ્રતિ ૧૧૦૦ ઈંટો દીઠ રૂા.૨૭૬, ઈંટો ગોઠવનારાને પ્રતિ ૧૦૦૦ ઈંટો દીઠ રૂા.૨૭૬, તૈયાર ઈંટોનું વહન કરનારાઓને પ્રતિ ૧૦૦૦ ઈંટો દીઠ રૂા.૨૭૬ દૈનિક ભથ્થા પેટે ચૂકવવાના રહેશે.

જ્યારે મિસ્ત્રી, મુકાદમ, ડ્રાઈવર, ચોકીદાર વગેરેને દૈનિક રૂા.૨૯૩નું વેતન ચૂકવવાપાત્ર થશે. આ ઉપરાંત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગનું જાહેરનામું અમલમાં રહે ત્યાં સુધી પ્રતિ વર્ષ ૩૦ જૂન તથા ૩૧ ડિસેમ્બરના રોજ પૂરા થતા છ માસને ધ્યાને લઈ જીવન નિર્વાહ આધારિત ખાસ ભથ્થું પણ અનુક્રમે ૧ ઓક્ટોબર તથા ૧ એપ્રિલના રોજથી શરૂ થતા છ માસના ગાળા માટે ચૂકવવાનું રહેશે. ●

# વડોદરા બન્યું સામાજિક સહયોગિતાનું સાક્ષી

બી. પી. દેસાઇ

સમાજને સક્ષમ બનાવી તેનું ઉત્થાન કરવાનું કાર્ય સહયોગિતા, સહભાગિતાથી જ શક્ય બને છે. સરકાર સર્વાંગી ઉત્કર્ષ માટે અનેકાનેક લોકહિતકારી પગલાં લેતી હોય છે. અનેક યોજનાઓ દ્વારા સમાજોત્કર્ષનાં કાર્યોને સફળ બનાવવા પ્રયાસો કરે છે. તેમાં જ્યારે સામાજિક જવાબદારીનો સુભગ સમન્વય થાય ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત સૌના સાથ સૌના વિકાસનો મંત્ર પ્રમાણિત થતો અનુભવાય છે. આવો જ અનુભવ તાજેતરમાં વડોદરાની સયાજી હોસ્પિટલમાં સૌને થયો.

સયાજી હોસ્પિટલ પર કોરોના પછી તબીબી સાધન સુવિધામાં વધારા માટે જાણે કે ધનવર્ષા થઈ રહી છે. લોક પ્રતિનિધિ અનુદાન અને સી.એસ.આર.સખાવત હેઠળ ટૂંક સમયમાં આ સરકારી સારવાર કેન્દ્રને લગભગ રૂ.૪.૧૦ કરોડની કિંમતનાં ખૂબ ઉપયોગી તબીબી ઉપકરણો સુલભ બન્યાં. આ ઉપરાંત રાજ્ય સરકાર, ભારત સરકાર અને સેવા સંસ્થાઓની મદદથી સ્થાપિત પ્લાન્ટને લીધે ઑક્સિજન ક્ષમતા વધી છે.

કોરોના દરમિયાન આ સરકારી દવાખાનામાં સઘન સારવાર અને જીવનરક્ષાનું ઘણું ઉમદા કામ થયું.તે પછી મ્યુકરમાયકોસિસ સામેનો અઘરો જંગ હજુ પણ ચાલી જ રહ્યો છે. તેને અનુલક્ષીને ખાનગી, જાહેરક્ષેત્રની કંપનીઓ,સંસ્થાઓ અને વ્યક્તિગત દાતાઓ જરૂરી તબીબી સાધન સુવિધાઓ વધારવામાં સતત મદદરૂપ થઈ રહ્યા છે. તબીબી અધિક્ષક ડૉ. રંજન કૃષ્ણ ઐયર જણાવે છે કે, તાજેતરમાં સયાજી હોસ્પિટલના ઇતિહાસમાં પહેલીવાર કોઈ કોર્પોરેટ એકમે તબીબી સાધનો વધારવા માટે એકસામટી મસમોટી મદદ કરી હોય



એવું બન્યું છે.

કોર્પોરેટ એકમ ક્રોમ્પ્ટન ગ્રીવ્ઝ - સી.જી.એ અંદાજે રૂ.૧.૮૦ કરોડના ખર્ચે ખૂબ અદ્યતન તબીબી સાધનો હોસ્પિટલના બાળ સારવાર વિભાગ અને ઈ.એન.ટી.વિભાગને ઉપલબ્ધ કરાવ્યાં છે. સી.જી. કંપનીએ હોસ્પિટલની જરૂરિયાત સમજી,શ્રેષ્ઠ ઉત્પાદક કંપનીઓ પાસે જાતે જ તેની ખરીદી કરીને આ અદ્યતન ઉપકરણો ઉપલબ્ધ કરાવ્યાં છે. ઈ.એન. ટી.વિભાગને એવાં સાધનો અને સ્પેર્સ મળ્યાં જેની તેને વર્ષોથી ઝંખના હતી. તે





મ્યુકરની સારવારમાં ખૂબ ઉપયોગી અને જીવનરક્ષક પુરવાર થયાં છે.

સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટે પોતાના અનુદાનમાંથી નવીન તબીબી સાધન સુવિધા માટે રૂ.૫૦ લાખ ફાળવવાની જાહેરાત કરી. સયાજીમાં તબીબી સાધન સુવિધા વધારવા રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ રૂ.૮૦ લાખનું અનુદાન ફાળવ્યું છે. તો પૂર્વ મંત્રી શ્રી યોગેશભાઈ પટેલની રૂ.૫૦ લાખની અનુદાન ફાળવણી ન્યુરો વિભાગ માટે ઉપયોગી થઇ પડી છે. પૂર્વ મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા અને અકોટાના ધારાસભ્ય શ્રીમતી સીમાબહેન મોહિલે એ રૂ.૨૫-૨૫ લાખની સાધન સહાય દર્દી સેવા માટે આપી છે. આમ, પોસ્ટ કોરોના પિરિયડમાં સાંસદશ્રી તેમજ ચાર શહેરી ધારાસભ્યોએ તબીબી સાધન સુવિધાઓ વધારવા માટે સયાજી હોસ્પિટલના ખાતે અંદાજે રૂ.૨.૩૦ કરોડનું અનુદાન જમા કરાવ્યું છે.

અગાઉ સાંસદ/ ધારાસભ્યને તેમના અનુદાનમાંથી સરકારી હોસ્પિટલોને ફાળવણી કરવાની છૂટ ન હતી.રાજ્ય સરકારે કોરોનાની વિશેષ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તેની છૂટ આપી જેનું ખૂબ સારું પરિણામ મળ્યું છે.

તબીબી અધિક્ષક ડૉ. રંજન કૃષ્ણ ઐયર જણાવ્યું હતું કે, "હું રોજ, આજે દર્દી કલ્યાણનું ઓછામાં ઓછું એક કામ તો કરવું જ છે એવા શુભ સંકલ્પ સાથે ઘેરથી નીકળું છું અને ઈશ્વર કૃપાથી તેનું સારું ફળ મળી રહ્યું છે. છેલ્લા ૧૪ મહિનાથી ટીમ સયાજીની જવાબદારી સહુના સહયોગથી સંભાળી રહ્યો છું અને કશુંક નક્કર કરી શક્યાનો મને આનંદ છે."

સાચે જ દર્દી કલ્યાણનો ટીમ સયાજીનો સત્ય સંકલ્પ સહુના સહયોગથી સિદ્ધ થઈ રહ્યો છે. ●



# હળદરની મૂલ્યવર્ધિત પ્રાકૃતિક ખેતી

✎ રાજકુમાર

આયુર્વેદિક ઔષધોમાં હળદર અનેક રોગમાં ગુણકારી હોવાનું માનવામાં આવે છે. શરદી, કફ ઉપરાંત ચામડીના રોગમાં રાહત આપતી હળદર કોરોના સમયમાં ઉકાળામાં ખૂબ ઉપયોગમાં લેવામાં આવી. રસોઈમાં મોટે ભાગે વપરાતા મસાલામાં હળદર રસોઈને સ્વાદિષ્ટ અને રંગ આપવામાં મદદરૂપ બને છે. આ હળદરની મૂલ્યવર્ધિત પ્રાકૃતિક ખેતી રાજકોટના ભંડારીયા ગામના વલ્લભભાઈ પટેલ કરી રહ્યા છે. તેઓ હળદરના ઉત્પાદનને પાવડર બનાવી બજારમાં વેચી વધુ નફો રળી રહ્યા છે.

રાજકોટથી આશરે ૪૦ કિ.મિ. નજીક ભંડારીયાના ખેડૂત વલ્લભભાઇ પટેલ જણાવે છે કે, જયારે પ્રાકૃતિક ખેતી વિષે જાણ્યું ત્યારે ઓર્ગેનિક હળદરના ઉત્પાદનનો વિચાર આવ્યો હતો. સામાન્ય રીતે બજારમાં મળતી હળદર રાસાયણિક ખાતર દ્વારા તૈયાર થતી હોઈ છે, લોકોને સ્વાસ્થ્યમાં વધુ ગુણકારી અને સસ્તી કિંમતે ચોખ્ખું ઉત્પાદન મળી રહે તે માટે ઓર્ગેનિક હળદરના ઉત્પાદનનું અભિયાન શરૂ કર્યું.

પ્રાકૃતિક પદ્ધતિથી હળદરની ખેતી અંગેની સફર અંગે વલ્લભભાઇ વધુમાં જણાવે છે કે, મેં આજથી પાંચ વર્ષ પહેલાં પાંચ વીઘામાં હળદરની પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ શરૂ કર્યો. હળદરની વાવણી માટે ખાસ પાળા ઊભા કરવા સુરતથી ટ્રેક્ટર અને ચાસ પાડવાની સાધન સામગ્રી મંગાવી ઢોળાવ ઊભા કરી તેમાં હળદરની ગાંઠોનું વાવેતર કર્યું. હળદર ઊગતા ૮ મહિના જેટલો સમય લાગે અને તેને ટપક પદ્ધતિથી પાણી આપી ઉગાડવી પડે. એક રોપામાંથી આશરે બે કિલો જેટલી લીલી હળદરનું ઉત્પાદન મળે છે.

પ્રાકૃતિક ખેતી માટે જરૂરી જીવામૃત પણ જાતે જ બનાવ્યું. જેમાં ગૌમૂત્ર, છાણ, લીંબોળી, ચણાનો લોટ, વડલાના ઝાડની માટી સહિતનું મિશ્રણ પીપમાં તૈયાર કર્યું, જે જરૂરિયાત મુજબ પિયત સાથે ભેળવી દેવાનું. આશરે ૮ મહિને હળદરનો પાક તૈયાર થાય ત્યાર બાદ તેની લણણી કરવાની.

કોઠાસૂઝ ધરાવતા વલ્લભભાઈએ લીલી હળદર માર્કેટમાં વેચવાના બદલે તેનો પાવડર બનાવી મૂલ્યવર્ધન સાથે વેચાણ કરવાનું પણ સાહસ કર્યું છે. હળદરને સૂકવવા બોઈલર તેમજ ક્રશર એટલે કે ઘંટી પણ વસાવી લીધી. પેકિંગ સહિતની જવાબદારી પરિવારજનોએ ઉપાડી લીધી અને ફાર્મ પરથી જ વેચાણ શરૂ કર્યું.


વલ્લભભાઈની મહેનત હળદરની માફક રંગ લાવી, આજે તેઓને અગાઉથી હળદરનું બુકિંગ કરવું પડે છે. તેઓ વર્ષે દહાડે વીઘે ૪૦ મણ એટલે કે પાંચ વીઘે ૨૦૦ મણ હળદર ઉત્પાદીત કરી તેના પાવડરનું વેચાણ કરી ૮લાખથી વધુની કમાણી કરી લે છે. તેઓ દર વર્ષે હળદર સંપૂર્ણ ઓર્ગેનિક છે તેનું પ્રમાણપત્ર પણ પ્રમાણિત લેબોરેટરી મારફત મેળવે છે. આવનારા સમયમાં તેઓ પોતાની બ્રાંડનેમ સાથે માર્કેટમાં પોતાની હળદરને આગવી ઓળખ આપવાનું આયોજન કરી રહ્યા છે.


રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીને વધુ ને વધુ પ્રોત્સાહન આપી રહ્યા છે, જે ને પરિણામે ખેડૂતો સ્વાસ્થ્ય અને મૂલ્યવર્ધિત ખેતીને અનુસરી રહ્યા છે. ●

# વાત, વાંસદાના વનિલ ઇકો ડેન - ઇકો ટૂરિઝમની...

રાજ જેઠવા

નવસારીના વાંસદા સ્થિત ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ દ્વારા પર્યટકો માટે એક નવું નજરાણું ઊભું કરાયું છે. વનિલ ઇકો ડેન - ઇકો ટૂરિઝમ બનાવીને સહેલાણીઓ માટે એક નવા પર્યટન સ્થળ તરીકે વિકસિત કરાયું છે. ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ. નવતાડ, વાંસદા દ્વારા ૧૯૮૦ થી જંગલમાંથી વન વિભાગ દ્વારા ડેપોમાં એકત્રિત કરેલા સાગી-બિન સાગી લાકડામાંથી ફર્નિચર બનાવવાનો ઉદ્યોગ કાર્યરત છે. જેનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક આદિવાસી લોકોને કામ આપી રોજીરોટી પૂરી પાડવાનો છે. સાપુતારા અને ડાંગ બાજુ જતા પ્રવાસીઓ માટે આ સ્થળ બિલકુલ રોડ પર મોકાનું હોવાથી તેનો લાભ પ્રવાસીઓને બહોળા પ્રમાણમાં મળી રહેશે.







વનિલ ઇકો ડેન - ઇકો ટૂરિઝમમાં પ્રવાસીઓ માટે નાવીન્ય પૂરું પાડતા વિવિધ ઝોનનું નિર્માણ કરવામાં આવ્યું છે. લાકડાનાં મોટા લોગનો ઉપયોગ કરી કલાત્મક ગેટ બનાવાયો છે. પ્રવાસી સાઇકલિંગનો લાભ લઈ શકે તે માટે સાઇકલ સ્ટેન્ડ તથા સાઇકલ ટ્રેક, રેસ્ટ હટ, ધન્વંતરિ ગાર્ડન, બટરફ્લાય ઝોનની સુવિધા ઊભી કરાઈ છે. જ્યાં સહેલાણીઓ સેલ્ફી-ફોટોગ્રાફીનો આનંદ લઇ શકશે. બટરફ્લાય સુધી જતાં પાથમાં વાંસની ડબલ ડેકર વ્યૂ પોઇન્ટ બનાવ્યો છે ત્યાંથી પતંગિયાને ઊંચાઈ પરથી જોઇ શકાય છે. પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે પાર્ટી, મિટિંગનું આયોજન કરી શકાય તે માટે સહ્યાદ્રિ કક્ષ બનાવાયા છે.

ટ્રાઇબલ ઝોનમાં ટ્રાઇબલ હટ બનાવવામાં આવી છે. જેમાં સ્થાનિક સંસ્કૃતિને અનુરૂપ વિવિધ વસ્તુઓનું ડિસ્પ્લે કરવામાં આવેલ છે. આ ઝોનમાં કૂવો, વાઘદેવની મૂર્તિ સહિતનું પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. જ્યાં સહેલાણીઓ ફોટોગ્રાફી-સેલ્ફીનો આનંદ લઈ શકશે.

હર્બલ ઝોનમાં વિવિધ પ્રકારની ઔષધિઓનું વાવેતર કરી તેની ઓળખ અને ઉપયોગ દર્શાવવામાં આવ્યાં છે. જેથી વિદ્યાર્થીઓ સહિતના સહેલાણીઓ સામાન્ય ઔષધિય વનસ્પતિની ઓળખ મેળવી તેના ઉપયોગ અંગે માહિતગાર થઈ શકશે.

એડવેંચર એક્ટિવિટી ઝોનમાં પ્રવાસીઓ ખાસ કરીને બાળકો માટે વિવિધ એડવેન્ચર એક્ટિવિટી પૂરી પાડવામાં આવી છે. જેથી તેઓ એડવેન્ચર કર્યાનો આનંદ લઈ શકશે.

વાઈલ્ડ લાઇફ ઝોનમાં વિવિધ વન્ય પ્રાણીઓનાં લાઇફ સાઇઝ મોડેલ મૂકવામાં આવ્યાં છે. જેથી પ્રવાસીઓ તેની ઓળખ ઉપરાંત પ્રાણીઓ સાથે ફોટોગ્રાફી કરી શકે છે.

બોગનવેલ ઝોનમાં વિવિધ પ્રકારનાં રંગીન ફૂલોની બોગન વેલના રોપાઓનું ચોક્કસ ડિઝાઈનમાં વાવેતર કરવામાં આવ્યું છે. જે પ્રવાસીઓ માટે ફોટોગ્રાફી કરવા ઉપરાંત એક જ સ્થળે વિવિધ રંગોની સુંદર લાગતી બોગનવેલનાં ઝૂંડ વચ્ચે ફોટોગ્રાફી કરી શકશે. બાંબૂ ઝોન, વિવિધ પ્રજાતિના બાંબૂના પેચ બનાવવા આયોજન કરેલું છે. જેથી સહેલાણીઓ બાંબૂ વિશે અહીં માહિતગાર થઈ શકશે.

મેડિસિનલ પ્લાન્ટ નર્સરીમાં વિવિધ પ્રકારના ઔષધિના રોપાઓ તૈયાર કરી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. નર્સરીમાં જંગલમાં મળતી વિવિધ ઔષધિઓની પેદાશની ખરીદી કરવાની અને ડ્રાઈંગશેડમાં સૂકવવાની વ્યવસ્થા છે.

વાઇલ્ડરનેસ ઝોન વનરાજીથી ભરપૂર છે. આથી આમાં પ્રવાસીઓ માટી વન કેડી, આકર્ષક બ્રિજ બેઠકના ઓટલાઓ, કુટિર તથા વોંકળા પર ચેકડેમ બનાવવામાં આવ્યા છે. આ ઝોન પ્રવાસીઓને પ્રકૃતિનાં ખોળે રમવાનો આનંદ પૂરો પાડશે.

આ ઉપરાંત રહેવા માટે ૮ એ.સી. રૂમ ધરાવતાં ઇકો કોટેઝીઝ અને આકર્ષક ઓપન ડાઇનિંગ સ્પેસ તેમજ કેમ્પ ફાયર પ્લેસ બનાવવામાં આવ્યાં છે. સહેલાણીઓને ભોજન મળી રહે તેની સુવિધા કરેલી છે.

વનિલ ઉદ્યોગના નામે જાણીતું આ યુનિટ સાગી-બિનસાગી ફર્નિચર બનાવવા માટે જાણીતું છે. અહીં સહેલાણીઓ અને વિશેષ કરીને બાળકો લોગના વહેરણથી માંડીને ફર્નિચર બનાવવા સુધીની ક્રિયાને પ્રત્યક્ષ નિહાળી જાણકારી મેળવી શકશે. આ શો રૂમ બિલકુલ રોડ પર આવ્યો છે. જેમાં આ યુનિટમાં બનાવેલા ફર્નિચર અને નિગમ દ્વારા ઉત્પાદિત ઔષધિઓનું વેચાણ કરવામાં આવે છે. ●



# ગલગોટાની પ્રેરણાદાયી ખેતી

✎ રેસુંગ ચૌહાણ

મહિલા સશક્તીકરણ, આધુનિક સમયમાં સૌથી વધુ સાંભળવા મળતો શબ્દ છે. જેમાં ભારતીય નારીઓએ સાચા અર્થમાં મહિલા સશક્તીકરણના અર્થને સાર્થક કર્યુ હોવાનું પ્રમાણ મળે છે ત્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મોટી ચરેલ ગામનાં મહિલા ખેડૂત કૈલાસબહેન પટેલ તેઓ ખેત વ્યવસાય સાથે ગ્રામ્ય વિસ્તારમાં પોતાની ૪૦ ગુંઠા જમીનમાં ટેનિસ બૉલ પ્રકારના ગલગોટાનાં ફૂલોની ખેતી કરી આર્થિક સધ્ધરતા મેળવી અન્ય મહિલાઓ માટે પ્રેરણાદાયી બન્યાં છે.

તેમના ખેતી વ્યવસાયમાં પરિવારના નલિનભાઈ પટેલનો પણ સહયોગ મળ્યો છે. સાથે સાથે એક હેક્ટર જમીનમાં પપૈયાની પણ બાગાયતી ખેતી કરી છે. તેઓ કહે છે કે, નવરાત્રિ-દિવાળી તહેવારોના પર્વમાં શક્તિવંદના માટે ફૂલોની માગ સાથે ભાવમાં તેજી જોવા મળી રહી છે ત્યારે પિયતની સુવિધા ધરાવતા ખેડૂતો માટે ફૂલોની ખેતીએ આવક રળી આપતો એક લઘુ ઉદ્યોગ સાબિત થઈ રહ્યો છે.

કૈલાસબહેન પટેલે જણાવ્યું હતું કે, “અગાઉ ડાંગર, મકાઈ અને ઘઉં જેવા ખેતી પાકોની ખેતી કરતા હતા. પરંતુ તેમાં મજૂરી ખર્ચ વધુ અને ઉપજ ઓછી હોવાના કારણે આર્થિક રીતે ખેતી પરવડતી નહોતી.ખેતી વિષયક પ્રેરક કાર્યક્રમોના માધ્યમથી ખેતીવાડી વિભાગ અને બાગાયત વિભાગના સંપર્કમાં આવી બાગાયતી ખેતી પાકો તરફ પ્રેરાઈ છું. આ ખેતીમાં મજૂરી ખર્ચ ઓછો તથા ઉત્પાદન અને આવક વધુ મળી શકે. તેથી મેં મહીસાગર જિલ્લાની બાગાયત કચેરીનો સંપર્ક કરીને છૂટાંફૂલ પાકોની ખેતી વિશે માર્ગદર્શન તથા સલાહ મેળવી. વધુમાં છૂટાં ફૂલોમાં બાગાયત ખાતાની સહાય અને માર્ગદર્શન પણ મળે છે. તે બધાં પાસાઓને ધ્યાને લઈ બાગાયતી ખેતી કરવાનો નિર્ધાર કર્યો. બાગાયતી ખેતી ખાસ કરીને ફૂલોની ખેતીમાં સારું મળતર રહેતું હોઈ તેના માટે ખેડૂત આઇ પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરી છૂટા ફૂલોની ખેતી યોજના માટે અરજી કરી તેઓએ ૪૦ ગુંઠામાં ટેનિસ બૉલ ગલગોટાની ખેતી કરવાની શરૂઆત કરી. તહેવારોમાં ફૂલોનું વેચાણ પણ સારું હોય છે. આ સમયમાં ટેનિસ બૉલ પ્રકારના ગલગોટાની માંગ બજારમાં સારી હોવાથી રોકડા નાણાં મળે છે. જેમાં અંદાજે એક એકરમાં રૂા.૧૬ થી ૧૮ હજારનો ખર્ચ થાય છે અને આવક રૂા. ૪૦ હજાર થશે તેમજ નફો રૂા. ૨૪ હજારનો થશે.મારા બાગાયતી ખેતીના સફળ અનુભવ પછી મારા ગામના અન્ય ખેડૂતો પણ તે તરફ પ્રેરાયા છે.”

મહીસાગર જિલ્લો બાગાયત ખેતીમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો છે. ખેડૂતો ઓછી મહેનતે વધુ પાક લઈ સમૃદ્ધ બનવા બાગાયતી કૃષિનો માર્ગ અપનાવી રહ્યાં છે. આ અંગે વધુ માહિતી આપતા નાયબ બાગાયત નિયામક કચેરીના અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં ગુલાબ, ગલગોટા, સેવંતી, ગેલાડીયા વગેરે ફૂલપાકોનું અંદાજે ૨૨૫ હેક્ટરમાં વાવેતર થઈ રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર પુરસ્કૃત બાગાયત વિભાગની યોજના દ્વારા બાગાયતી કૃષિ માટે ૬૫% સુધીની સહાય આપવામાં આવે છે. આ વિસ્તારના ખેડૂતો માટે કૈલાશબહેન પટેલની ફુલોની બાગાયતી ખેતી પ્રેરણા રૂપ બની છે.

આમ, જાતમહેનતે આર્થિક ઉન્નતિના સ્વાદ ચાખનાર કૈલાશબહેનની બાગાયતી ખેતીએ અન્ય મહિલા ખેડૂતોને પ્રેરિત કરી છે. તો અન્ય ખેડૂતો માટે કૈલાશબહેન પટેલની છૂટા ફૂલોની બાગાયતી ખેતી પ્રેરણારૂપ બની છે. ●

### આરોગ્ય ક્ષેત્રની વિશિષ્ઠ કામગીરી માટે

# ડૉ.દીપલ જોષી 'મહિલા શક્તિ એવોર્ડ'થી સન્માનિત

સુનિલ પટેલ



ભાવનગરનાં દંપતી શ્રીમતી ડૉ.દીપલ જોષી અને જીજ્ઞેશ જોષીએ સરકારી અધિકારી હોવા છતાં લોકોની સંવેદના સાથે જોડાઈ પોતાના સેવાભાવથી એક સાચો કર્મયોગી કેવો હોઇ શકે તેની એક આગવી મિસાલ પ્રસ્તુત કરી છે.

ડૉ.દીપલ જોષી હાલમાં ઘોઘા તાલુકાના ભૂંભલી ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તો તેમના પતિ ભાવનગર ખાતે નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે સરિતા માપક પેટા વિભાગમાં ફરજ બજાવે છે.

ડૉ.દીપલે કોરોના કાળ દરમિયાન પોતે સગર્ભા હોવાં છતાં કોરોનાગ્રસ્ત લોકોની સતત સેવા કરી હજારો દર્દીઓની સેવા- શુશ્રૂષા કરી હતી. તેમના ત્યાગ, બલિદાન અને સમર્પણભાવ માટે તેમને ભાવનગર કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે સમ્માનિત કરવામાં આવ્યાં હતાં.

તેમણે લોકોને વધુને વધુ રસી લે તે માટે પ્રોત્સાહિત કર્યા હતાં. તેમજ કોરોના દરમ્યાન લોકોના ટેસ્ટ કરતાં રહી લોકોને કોરોના જેવા ભયંકર રોગચાળામાંથી ઉગારવામાં મદદ કરી હતી. તેમની આ કામગીરીને ધ્યાનમાં લઈને સમગ્ર ભાવનગર જિલ્લામાંથી આરોગ્ય ક્ષેત્રે રાજ્ય કક્ષાએ તેમની પસંદગી કરવામાં આવી હતી.

તેમની આરોગ્ય ક્ષેત્રની આ યશસ્વી કામગીરી માટે ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં 'મહિલા શક્તિ ઍવૉર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેઓ થોડા સમય પહેલાં જ એક દીકરીની માતા બન્યાં હોઇ, તેમનાં વતી તેમના પતિશ્રીએ આ સન્માન સ્વીકાર્યું હતું.

ગુજરાત રાજ્ય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી લીલાબહેન અંકોલિયા અને રાષ્ટ્રીય મહિલા આયોગના ચેરમેનશ્રી રેખા શર્માના હસ્તે તેમને 'મહિલા શક્તિ'થી નવાજવામાં આવ્યાં હતાં.

તેમના પતિ જીજ્ઞેશ જોશી પણ આ બાબતે પાછળ નથી. ચૂંટણી તેમજ મતદાન સુધારણા કાર્યક્રમ દરમિયાન ખંત અને નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવવા માટે તેમનું પણ ભાવનગર કલેક્ટરશ્રી દ્વારા બેસ્ટ સેક્ટર ઓફિસર તરીકે સન્માન કરવામાં આવી ચૂક્યું છે.




ભાવનગરના ભાલ વિસ્તારમાં ચોમાસાની ઋતુમાં પાણી ભરાવાની સમસ્યાના ઉકેલ માટે ભાલ પંથકમાં એક અલાયદી કેનાલનો માર્ગ તૈયાર કરીને પાણી ભરાવવાની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવતું કાર્ય તેમણે કર્યું છે.

ભાલ વોટર લોગિંગ કમિટી મેમ્બર તેમજ સુજલામ્ સુફલામ્ યોજનાના નોડલ અધિકારી તરીકે ભાવનગરનાં બધાં જ અગરોનો સર્વે કરી તેમજ હકીકતલક્ષી રિપોર્ટ તૈયાર કરી તેને ઇન્ટરનેશનલ જનરલ પબ્લિશ કર્યું છે.

આ ઉપરાંત તેઓએ ગ્રામ્ય વિસ્તારમાં પાણી ઘુસતું અટકાવવા માટેની કામગીરી બદલ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

આમ, સરકારી સેવામાં હોવા છતાં આ દંપતીએ સરકારી ફરજ ઉપરાંત સમાજ ઋણને માથે રાખીને લોકોના દુ:ખે દુ:ખી અને લોકોના સુખે સુખીની ભાવના રાખીને નિ:સ્વાર્થ ભાવે લોકોની સેવા કરી એક આગવું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. ●





# રાજ્યમાં વધુ 18 PSA ઑક્સિજન પ્લાન્ટ્સના લોકાર્પણ સાથે આરોગ્ય સેવા બનશે વધુ વેગવંતી અને સુદ્રઢ


**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ રાજ્યની વિવિધ સરકારી હૉસ્પિટલોમાં અત્યાર સુધી ૨૬૧ પ્લાન્ટ્સ સ્થાપિત થઈ ચૂક્યા છે. જે ૨૦૪ મેટ્રિક ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.**





સમગ્ર રાજ્યમાં
**PM CARES** ફંડ અંતર્ગત
ભરૂચ, પાટણ, પાલનપુર, થરાદ, ખેડબ્રહ્મા, ભિલોડા, માણસા, વડનગર, ગોધરા, સંતરામપુર, ગરુડેશ્વર, ન્યૂ સિવિલ હૉસ્પિટલ સુરત, સ્મીમેર હૉસ્પિટલ સુરત, સોલા સિવિલ અને ગાંધીધામ જ્યારે ગુજરાત **CSR** ઓથોરિટીના રાજપીપળા, ઝાલોદ તથા મોરબી ખાતે નવા સ્થાપિત **PSA** પ્લાન્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરાયાં.

**કોરોના સામે જંગ લડવા સજ્જ છે ગુજરાત સરકાર**




# રાષ્ટ્રીય એકતાના શિલ્પી
# સરદાર વલ્લભભાઇ પટેલને કોટિ કોટિ વંદન

**Published on Date 16-10-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦